શ્રી ૧૦૮
શ્રી શાન્તિસાગર-



દિ. જૈન ગ્રંથમાળા-
પ્રથમ પુષ્પ.

શ્રી શ્રીપતી બ્રહ્મચારી વિરચિત-

શ્રી રત્નપાલ શ્રેષ્ઠી રાસ.

ગ્રન્થમાળા કમીટી તરફથી પ્રકાશક—

શા. ચુનીલાલ મલુકચંદ ભીલોડા નિવાસી.

મુ૦ ઇડર. (મહીકાંઠા)

"જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-સુરતમાં મૂલચંદ કસનદાસ
કાપડિયાએ છાપ્યું.

કિંમત-ચાર આના.

શ્રી શાન્તિસાગર દિગંબર જૈન ગ્રંથમાલા-પ્રથમ પુષ્પ.

શ્રી યતિ બ્રહ્મચારી વિરચિત-

શ્રી રત્નપાલ શ્રેષ્ટિ રાસ.

હસ્ત લિખિત ગ્રંથપરથી પ્રતિલીપિકાર-

દોશી ફુલચંદ સુરચંદ-ઇડર.

પ્રકાશક:—

શ્રી શાન્તિસાગર દિગંબર જૈન ગ્રંથમાલા કમીટી તરફથી-

શા. ચુનીલાલ મલુકચંદ-ભીલોડા (મહીકાંઠા)

વીર સંવત ૨૪૫૭ | પ્રથમાવૃત્તિ | પ્રત-૫૦૦
વિક્રમ સંવત ૧૯૮૭

કિંમત-ચાર આના.

સુરત—ખપાટિયા ચકલા "જૈન વિજય" પ્રિ. પ્રેસમાં
મુલચંદ કસનદાસ કાપડીઆએ છાપ્યું.

પ્રસ્તાવના.

આ પુસ્તક શ્રી. શાન્તિસાગરજી દિગંબર જૈન ગ્રંથમાળા તરફથી પ્રથમ પુષ્પ તરીકે પ્રસિદ્ધ કરવામાં આવે છે. સંવત ૧૯૮૪ના માહ સુદી ૫ ના રોજ શ્રી. ૧૦૮ મુનિશ્રી શાન્તિસાગરજીનું ઇડરમાં આગમન થયું. તે વખતે તેઓશ્રીએ ઇડરના પ્રાચીન દિગંબર જૈન ગ્રંથ ભંડારનું નીરીક્ષણ કરતાં એવા વિચારો પ્રદર્શીત કર્યા કે આ હસ્ત લિખીત શાસ્ત્રો જો પ્રસિદ્ધ થાય તો તેનો લાભ ઘણાઓ લઈ શકે તેમજ સદાને માટે લુપ્ત થતા, બચે. તેઓશ્રીના આ ઉપદેશથી ઇડરના દિગંબર જૈન બંધુઓએ સર્વાનુમતે શ્રી. શાંતિસાગર દિગંબર જૈન ગ્રંથમાલા એ નામની સંસ્થા સ્થાપવાનો ઠરાવ કર્યો. અને ફંડની શરૂઆત કરી. જેમાં પાંચ રૂપીયા કે તેથી વધુ રકમ ભરનારને ગ્રંથમાલામાંથી પ્રગટ થતું વાર્ષિક એક પુસ્તક પાંચ વર્ષ સુધી ભેટ તરીકે આપવું એમ ઠર્યું.

આ પ્રમાણે ગ્રંથમાલામાં પાંચ રૂપીયા અને તેથી ઉપરાંત રકમ ભરનાર સભ્ય હાલમાં ૧૬૫ છે. અને તેનું ફંડ વર્તમાનમાં રૂ. ૧૦૦૬-૩-૯ છે. સદરહુ ગ્રંથમાલામાંથી પ્રથમ વર્ષની ભેટ તરીકે "શ્રી મુનિ ૧૦૮ શ્રી શાંતિસાગરજી (છાણી) નું જીવન ચરિત્ર" તથા દ્વિતીય વર્ષની ભેટ "શ્રી શાંતિ પંચ રત્ન સંગ્રહ નામે પુસ્તક ગ્રંથમાલાના દરેક સભ્યોને ભેટ તરીકે મોકલી આપવામાં આવ્યાં છે. અને બાકી રહેલી ત્રણ વર્ષની ભેટ જેમ જેમ પ્રગટ કરવામાં આવશે. તેમ તેમ મોકલી આપવામાં આવશે.

સદરહુ ગ્રંથમાલાનું સ્થાયી ફંડ કાયમ રાખી ફંડનું જે વ્યાજ આવે તે વ્યાજ પુરતીજ રકમમાંથી પુસ્તક પ્રગટ કરવું એ નીયમ

હોઇ સ્થાયી ફંડ વધુ થવાને તેના સભ્ય થવા દરેક જૈન બંધુઓને વિનંતી છે. આ ગ્રંથમાલાની ભેટ તરીકે અગાઉ પ્રગટ થયેલ એ પુસ્તક વ્યવસ્થીત પણે પ્રગટ થયેલ ન હોઇ, આ પુસ્તક પ્રથમ પુષ્પ તરીકે આલેખવામાં આવ્યું છે.

ઇડરમાં આચાર્યશ્રી સકલકીર્તિજીનો પ્રાચીન હસ્ત લિખિત શાસ્ત્ર ભંડાર હાલમાં મૌજુદ છે, જેમાં પ્રાચીન હસ્ત લિખિત શાસ્ત્રો હજારોની સંખ્યામાં હતાં, પરંતુ શિથીલાચારી ભટ્ટારકોની ગેર વ્યવસ્થાના પરિણામે હજારો શાસ્ત્રો ઉધઇથી સડી ગયાં,: કેટલાંક ચોરાયાં અને કેટલાંક અપૂર્ણ થઇ ગયાં. આમ જ્યારે શાસ્ત્રોની દૂર્દશા અસહ્ય થઇ ત્યારે ઇડરના દિગંબર જૈન પંચને તેની પુન વ્યવસ્થા થવાની જરૂર જણાઇ અને સંવત ૧૯૮૦ની સાલમાં પંડીત દયાચંદજીના હસ્તે શાસ્ત્રો સાફ સુફ કરાવી નવીન વેષ્ટન કરાવી તેનું સૂચિપત્ર નવીનપણે કરાવ્યું કે જે શાસ્ત્રોની સંખ્યા વર્તમાનમાં આશરે ૧૦૦૦ છે. જેમાં કેટલાક સંસ્કૃત ભાષામાં, કેટલાક પ્રાકૃત ભાષામાં, કેટલાંક ગુજરાતી ગદ્ય પદ્યમાં તેમજ કેટલાંક કનડી લીપીમાં છે. કનડી લીપીમાં ખાસ ઉપયોગી મહાન ગ્રંથ નામે વિદ્યાનુંવાદ નામે છે કે જેને પ્રગટ કરાવવાની ખાસ જરૂર છે. આ શાસ્ત્રોમાં કેટલાંક શાસ્ત્રો પ્રગટ થઇ ગયેલ હોવા છતાં અપ્રગટ શાસ્ત્રોની સંખ્યા ઘણી છે. જેને પ્રગટ કરાવવાની ખાસ જરૂર જણાતાં ગ્રંથમાલા કમીટીએ ફંડના પ્રમાણમાં ગુજરાતી ભાષાના રાસો પ્રગટ કરાવવાનું નક્કી કર્યું. ગ્રંથમાલાનું ફંડ વર્તમાનમાં જુજ હોઇ આવા રાસો પ્રગટ કરાવવામાં આવે તો ઓછા ખર્ચમાં પુસ્તક પ્રગટ થાય. અને પ્રાચીન ગુજરાતી કવીયોની કૃતિ પણ કાયમ રહે આ ઉદ્દેશને અનુસરીને

ભંડારમાંથી "શ્રી રત્નપાલ શ્રેષ્ઠિ રાસ" ની પસંદગી કરવામાં આવી જેની ભાષા ગુજરાતી છે; પરંતુ પડોસમાં મારવાડ પ્રદેશ આવેલ હોઇ ભાષા મારવાડી મિશ્રિત છે. રાસની પ્રાચિન ગુજરાતી ભાષામાં અપભ્રંશ શબ્દો હોઇ વાંચનાર સારી પેઠે વાંચી સમજી શકે તે સારૂ કેટલાક મિત્રોની જુની ભાષા કાયમ રાખવાની સલાહને મોકુફ રાખી. જેમ બને તેમ ભાષાના શબ્દો આધુનીક ભાષામાં સુધારવામાં આવ્યા છે, સદરહુ ગ્રંથમાં દાન મહાત્મ્યનું વિવરણ છે, જે રસીક ઢાલોમાં રચેલા હોઇ વાંચનારને મનોરંજક તથા આનંદપ્રદ થઈ પડે તેમ છે.

ગ્રંથમાલાના ફંડની રકમ ઘણીજ જુંજ છે. આમા હજારો રૂપીયાની જરૂર હોઈ શકે, છતાં ઓછામાં ઓછી પાંચ રૂપીયા જેવી રકમ ભરી મેમ્બર થવું તે કોઇને પણ ભારે પડતું થાય તેમ નથી. આવા પાંચ રૂપીયા ભરનાર એક હજાર મેમ્બર નીકળે તો ફંડ સારૂં થાય. અને તેના વ્યાજમાંથી સારા ઉપયોગી ગ્રંથ પ્રગટ કરાવવાની વ્યવસ્થા થઇ શકે. પાંચ રૂપીયાથી ઓછી મદદ પણ ગ્રંથમાલામાં સ્વીકારવામાં આવે છે. અંતમાં ગુજરાતના દિગંબર જૈનોને એજ નિવેદન કરીયે છીએ કે ગામેગામથી જેમ બને તેમ વધું મેમ્બર થઇ ગ્રંથમાલાને ઉન્નત દિશામાં લાવે તેમજ ગ્રંથમાલામાંથી પ્રગટ થતાં પુસ્તકોની સારી સંખ્યામાં નકલો ખરીદ કરી ફેલાવો કરે.

સમાજ સેવક,

મુલચંદ સુરચંદ દોશી.

મંત્રી, શ્રી. શાં. દિ. જૈન ગ્રંથમાલા—ઇડર.

શુદ્ધિ પત્રક.

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ.
૪	૨	લલાવો	[illegible]
૧૨	૨	પલો	પલટે
૧૪	૭	નભે	નામે
૧૮	૧૬	ધાસ	ધાવ
૨૧	૧૫	ગપા	ગયા
૨૫	૬	ચાંડણી	માંડણી
૩૭	૨	સૌર	સોહે
૩૭	૧૭	કહે જનકાર	કહેજ નકાર
૪૩	૧૩	મટ	મઠ
૪૮	૨૦	ઉસી હારરે	ઉશીક્ષ હારરે
૪૯	૨	સીકદાર	શીરદાર
૪૯	૧૭	આણું	આણ્યાં
૫૨	૧૪	કરમે લાવણ	કર મેલાવણ
૬૨	૬	સરો	સારો
૬૮	૪	વિશ્વાસે	નિશ્વાસે
૬૯	૨	ઇશ	ઇહાં
૭૨	૯	ઠાંણે	ઠાંમે
૭૭	૧૨	કાંન	કાંઇ ન
૭૮	૧૩	પોલ	પટેલ
૮૦	૬	આવે	આપે
૮૨	૧૧	ચાઉલને શુખ્ય	રાઉલની સુખ
૮૪	૩	ત્રીજી	[illegible]
૮૮	૧૦	[illegible]	[illegible]
૮૮	૨૦	[illegible]	[illegible]

ॐ नमः सिद्धेभ्यः।

શ્રી રત્નપાળ શ્રેષ્ઠીનો રાસ.

મંગલાચરણ.

દોહા.

શ્રી રૂષભાદિક જિનને નમું, વર્તમાન ચોવીસ,
સિમંધર પ્રમુખ નમું, વિહર[1]માન વળી વીસ. ૧
વૃષભસેન ગૌતમ નમું, ગણધર થયા ગુણવંત,
ચૌદસો બાવન નમું, મોટા મહીમા વંત. ૨
સ્મરણ કરૂં શ્રી શારદા, ત્રણ ભુવન વિખ્યાત,
વિણા પુસ્તક ધારીણી, શુભ મતિ આપો માત. ૩
નિજ ગુરૂ નામ જપું સદા, સિદ્ધિ રીદ્ધિ દાતાર,
મૂરખને પંડિત કરે, એ મોટો ઉપકાર. ૪
તે ગુરૂના સુપ્રસાદથી, રચીશું રાસ રસાલ,
રત્નપાલ મુનિરાજના, ગુણ ગાઉં સુવિશાલ. ૫
દાન શીલ તપ ભાવના, મુક્તિ માર્ગ એ ચાર,
એહ ચરિત્ર સોહામણો, દાન તણો અધીકાર. ૬

---

૧ વિદ્યમાન તિર્થંકર.

મગધરાય શ્રેણીક પૂછે, ગૌતમને શીર નામ,
રત્નપાલ શ્રેષ્ટિ તણો, ચરિત્ર કહો અભિરામ. ૭
તવ ગૌતમ એમ ઉચરે, સુણ શ્રેણિક ભૂપાલ,
કથા મહી રચના ઘણી, સાંભળ તું ગુણમાલ. ૮

ચોપાઇ.

જંબુદ્વીપ લક્ષ યોજન માન, તે મહીં ભરતક્ષેત્ર પ્રધાન,
પાંચસે યોજન અને છવીસ, છ કલા ઉપર કહે જગદીશ. ૧
બત્રીસ સહસ્ર દેશ તે જાણ, સાડા પચવીસ આર્ય વખાણ,
તીહાં જીનધર્મ તણો પ્રવેશ, અવર દેશ નહી ધર્મ પ્રવેશ. ૨
સકલ દેશ તણો શણગાર, મગધ દેશ નામે મનોહાર,
તેમાં ગામ કહ્યાં કઈ લાખ, શાસ્ત્ર વિષે રે એવી ભાષ. ૩
ગંગા નદી વહે તસ તીર, જેનાં ઉત્તમ દીશે નીર,
મોટાં જાજ નાવ નીત કહે, કોઇ ચાલે કોઇ વહે. ૪
તેહ દેશ માંહે અતિ ભલો, નગર તાલપુર છે ગુણ નીલો,
ચોરાસી ચૌટાની હાર, પ્રોઢ[1] દીસે સુંદર મનોહાર. ૫
વારૂં વર્ણ વસે અઢાર, આપ આપણા કરે રોજગાર,
ઠામ ઠામ જીનવર પ્રાસાદ, ભવીક દેખીને લહે ઉલ્લાસ. ૬
સ્વર્ણ[2] કલશ દીશે ધ્વજા-વલી, થંભ થંભ તોરણ પુતલી,
શ્રાવક શ્રાવિકા આવે મલી. નીત નીત પૂજા કરે નિરમલી. ૭

---

૧ ઉંચા. ૨ સુવર્ણ,

મોટા મંદિર ને માળીયા, અનુપમ ઉંચા વલી આવીયા,
ગોખ[1] તણી તીહાં દીશે હાર, બેઠા ક્રીડા કરે નરનાર. ૮
ધન કણ કંચન રયણે[2] ભર્યો, જાણે અમરાપુરી અવતર્યો,
રાજા રાજ કરે પુણ્યપાલ, જસ બોલે સૌ બાલગોપાલ. ૯
તસ ઘર રાણી ગુણસુંદરી, રૂપે જાણે કામિંદીરી,
વસે વાસ વ્યવહારી ઘણા, જાણે અગર[3] લક્ષ્મી તણા. ૧૦
સહું ત્યાં લોક વસે અતી સુખી, કોઇ ન દીસે દુર્બલ દુઃખી,
કો કોઈની નીંદા–નહીં કરે, ન્યાય માર્ગ સહું એ સંચરે. ૧૧
દેવળને શીર દીસે દંડ, કોઈ ન કરે વલી પાખંડ,
બંધીખાંને ખડને ધરે, બંધન કુસુંમ તણે શીર કરે. ૧૨
પહેલી ઢાલ એ પૂર્ણ જાણ, નગર તણો કીધો વખાણ,
સુર કહે સાંભલજ્યો વાત, દાન ઉપર કહીશું અવ દાત. ૧૩

દોહા.

દાને દોલત નીપજે, દાને જશ વિસ્તાર,
દુઃખ દુહંગ દૂરે ટલે, દાને જય જય કાર. ૧
પ્રાતઃ ઉઠી સમરે સદા, દાતા કેરો નામ,
દાને દુર્જન મિત્ર સમ, સોજે વાંચ્છીત કામ. ૨

ઢાલ–દાંન સુપાત્ર દીજીએ–રાગ.

તેણી નગર વાસો વસે, વ્યવહારીયા અતિ મોટા રે,
લખપતી કે કોટેશ્વરી, ચાલે ચંગણ ચોટારે
લક્ષ્મીનો લાવો લીજીયે–૧

---

૧ ઝરૂખા, ૨ રત્નથી, ૩ ભંડાર.

દાન દેતાં ખમણું વધે, કીજે પર ઉપકાર રે,
વલી વલી લહાવો દોહલો, માણુસનો અવતારરે–લક્ષ્મીનો-૨
વ્યવહારી માહીં વડો, જીનદત્ત એવું નામ રે,
કોરીગમ ધન તેહનું, વણુજ[1] કરે ઠામે ઠામ રે–લક્ષ્મીનો-૩
તસ ઘર નારી ગુણવંતી, રૂપે અપસરા જીતી રે,
ભાનુંમતી નામે ભલી, સૌભાગ્યણી શું વદંતી રે–લક્ષ્મીનો-૪
નમણી[2] ખમણી[3] બહુ ગુણી, બોલે અમૃત વાણી રે,
ચોસઠ કલાએ સોભતી, શીલાદીક ગુણ ખાંણી રે–લક્ષ્મીનો-૫
ગજગતિ ચાલે ગોરડી, પીયુથી પ્રેમે રાચી રે,
ચતુર નારી ચંદ્રાનની, જોબન ગુંણ મદમાતી રે–લક્ષ્મીનો-૬
પંચ વિષય સુખ ભોગવે, દિનદિન અધીક [4]ઉછાહ રે,
આંણ ન લોપે પ્રીય તણી, કોઈની નહી પરવાહ રે–લક્ષ્મીનો ૭
ગામ નગર પૂર વિહરતા, ધર્મ મુનિશ્રી સુરેન્દ્ર રે,
તાલપુર નગર પધારીયા, ઉપજ્યો બહુ આનંદ રે–લક્ષ્મીનો-૮
ગુરૂ વંદન સહુએ ગયા, નર નારીનાં વૃંદ રે,
દે ગુરૂ ધર્મની દેશના, ટાળે મિથ્યાત્વ કંદ રે–લક્ષ્મીનો-૯
ગુરૂ કહે સઘળા સાંભળો, એ સંસાર અસાર રે,
તન ધન જોબન કારમું, મા કરો મોહ લગાર રે–લક્ષ્મીનો-૧૦
અધમ ધન ના કરો એકઠું, ક્ષણમાં [5]ખેરૂ થાય રે,
રાજ ચોર પલે[6]વણી, ધન દેખંતાં જાય રે–લક્ષ્મીનો-૧૧

૧ વ્યાપાર, ૨ વિનયશાલ, ૩ ક્ષમાંવાન, ૪ ઉત્સાહ. ૫ ક્ષય, ૬ નાસ થાય.

ઉત્તમ ધન મેલો એકઠું, નીજ આત્મ નીસ્તાર રે,
દાન સુપાત્ર દેઇ કરી, જગમાં જશ વિસ્તાર રે-લક્ષ્મીનો-૧૨
એવી સુંણી ગુરૂ દેશના, અભિગ્રહ કીધો એહ રે,
ધન ખરચું ધર્મે સદા, દશમા ભાગનો જેહ રે-લક્ષ્મીનો-૧૩
ગુરૂ વંદી ઘેર આવીયા, સાંભલી અમૃત વાંણીરે,
દાન જ્યાં ત્યાં મંડાવીયાં, સંતોષે ભવ પ્રાણીરે-લક્ષ્મીનો-૧૪
અડસઠ ઠાંમે મંડાવીયા, દેશ દેશાંતર સાર રે,
વાણોતર વારૂ મોકલ્યા, દીએ દાંન અપાર રે-લક્ષ્મીનો-૧૫
દાંન ચાર દે અતી ભલા, ઔષધ જ્ઞાન લખાવેરે,
આહાર અભય દે પાત્રને, પૂજા ન્હવણ કરાવે રે. લક્ષ્મીનો ૧૬
શ્રાવક વ્રત પાલે ખરાં, ધર્મ શુદ્ધ આરાધે રે,
સામાયક પૂજા કરે, દિનદિન દોલત વાધેરે. લક્ષ્મીનો. ૧૭
ધર્મ તણી લહી વાસના, ઢાલ બીજી એમ ભાષીરે,
સુર કહે તમે સાંભલો, નિજ મન સ્થિર રાખીરે. લક્ષ્મીનો. ૧૮

દોહા.

અહર્નીશ સુખ નવ નવા, ભોગવે ભોગ રસાલ,
જાતો કાલ જાણે નહી, જીવ દયા પ્રતિપાલ—૧
કબહી રાગજ આલપે, કબહી ગાવે ગીત,
દિવસ જાયે આનંદમાં, પ્રીતમસું અતી પ્રીત.—૨

ઢાલ-ત્રીજી. ઉંચો ગઢ ગવારેલકો-એ રાગ.

એક દીવસ ભાનુમતી, ઉઠી આલસને છોડ,
દેવગુરૂ નામ સંભાલતી, આલસ અલગો છોડ.
ગોખે રે બેઠી ગોરડી-૧.
ગોખેરે બેઠી ગોરડી, જોવે નગર તણો મંડાણ,
કોઇ ખેલાવે ગજ ભલા, કોઈ ખેલાવે કે કાન-ગોખે રે-૨.
છબીલ છબીલા ચાતુરી, નર નારીનાં વૃંદ,
આવે જાવે ઉતાવળાં, પેખે[1] પરમાનંદ-ગોખે રે-૩.
એક પાડોસણ અતી ભલી, પહેર્યા સોળ શણગાર,
પુત્ર ખેલાવે આપણો, ધરતી હરખ અપાર-ગોખે રે-૪.
એક સુત ઉભો રહ્યો આગલે, બોલે વચન રસાલ,
એક ઉછંગે[2] તેડીને, માતા ધવરાવે બાલ-ગોખે રે-૫.
હરખે ગાવે છે હાલડું, આણ્યો ઉલટ અંગ.
હૈડાભ્યંતર ભીડીને, મુખ ચુંબે મન રંગ-ગોખે રે-૬.
તે દેખીને ભાનુંમતી, ચીંતવે મનડા માંહ્ય,
એહ પનોતી પદમણી, ધન ધન એહનો નાં[3]હ-ગોખે રે-૭.
મારે પુત્ર એકે નહી, કાં હું સર્જી કીરતાર,
પુત્ર વિના શા કામનાં, ગરથ તણા ભંડાર-ગોખે રે-૮.
રૂડાં મંદિર માલીયાં, સુંદર મારી રે દેહ.
પુત્ર વિના શોભે નહી, દીવા વિના જેમ ગેહ-ગોખે રે-૯.

---

૧ ભોગવે, ૨ ખોળામાં, ૩ પતિ,

કંથ વિના જ્યમ કામીની, પરીમલ વિના ફુલ જેમ,
ચંદ્ર વિના જેમ રાતડી, કમલ વિના સર[1]વર જેમ–ગોખે રે–૧૦
જીનદત્ત શેઠ ત્યાં આવીયા, નીરખે નારી વદન,
દીઠી ઉદાસીન રમણી, થર થર કંપે તન–ગોખે રે–૧૧
શેઠ કહે નારી પ્રત્યે, કેમ દીસો દીલગીર,
તુજ સમ મારે કો નહી, તું હૈયાનો હાર–ગોખે રે–૧૨
કહો કોણે તમને દુભવ્યાં, કોણે તમ લોપી કાર,
તે મુજ આગલેરે કહો, તેહને ટાલું આ વાર–ગોખે રે–૧૩
કોઈએ મને દુખવી નહી, સાંભળો જીવન પ્રાણ,
એ જીવીત શા કામનાં, જો મુજ નહીં સંતાન–ગોખે રે–૧૪
વચન સુણી ઝાંખો થયો, એટલી આપણે ખોટ,
મારે જો પુત્ર હોવે તદા, ધનને ખરચું એ કોડ–ગોખે રે–૧૫
એવો દુઃખ ધરતાં થકા, યક્ષ યક્ષીણી દોય,
ગગન મારગે ચાલતાં, નયને નીહાળે સોય–ગોખે રે–૧૬
યક્ષને પૂછે યક્ષીણી, એ નારી રોવે કાંય,
બાલક એહને કંઈ નહી, તે દુઃખ હૈડાની માંય–ગોખે રે–૧૭
દુઃખ ભાગો પ્રભુ તેહનું, યક્ષ કહે મા કરો વાત,
જો પુત્ર હોયજ એહને, તો ધન ન રહે તલમાત્ર–ગોખે રે–૧૮
યક્ષ પ્રત્યે કહે કામીની, પૂછો તમે એક વાર,
નિજ નારીના કહેણથી, ઉતર્યો દેવ કુમાર–ગોખે રે–૧૯

---

૧ સરોવર.

જક્ષ જક્ષીણી દેખીને, જીન દત્ત પ્રણમે પાય,
પુર્વ પુણ્ય પ્રસાદથી, દર્શન દેવનો થાય—ગોખે રે—૨૦
ભાનુંમતી કહે ભામીની, સુંણો તમે સાવધાન,
પુત્ર વિના શું કીજીએ, ઘર તે રાન[1] સમાન—ગોખે રે—૨૧
સહસ્ર ગામ અને પુરી, ધનનો હોવે કોટ,
રાજ ન શોભે તેહથી, જેહને સુતની ખોટ—ગોખે રે—૨૨
પાય પડું વિનતી કરૂં, આપો દેવ વચન,
યક્ષ કહે દુઃખ મા ધરો, હોશે પુત્ર રતન—ગોખે રે—૨૩
દેવ વચન દેઈ કરી, પહોંચ્યા આપણે ઠામ,
સુર કહે મેં એ કહી, ત્રીજી ઢાલ અભીરામ—ગોખે રે—૨૪

દોહા.

તેહ થકી દિન સાતમે, કોઇ જીવ પુણ્યવંત,
આવી કુખે અવતર્યો, કલ્પ[2] થકી ગુણવંત.—૧
રતન પુંજ દીઠો ખરો, સ્વપ્ન મહીં ગુણ સાર,
ભાનુંમતી પૂછે તદા, પ્રીયને સ્વપ્ન વિચાર—૨
શેઠ સ્વપ્ન સુણી કરી, હરખ્યો હૈડા માંહ્ય,
કુલ દીપક હોસે કુંવર, નારીને કહે નાંહ—૩
ગર્ભ રહ્યો જે દિન થકી, તે દિનથી હુંઓ જેહ,
સાવધાન થઇ સાંભલો, કર્મ તણો ફલ એહ—૪

---

૧ જંગલ ૨ કલ્પવાસીદેવ.

ઢાલ ચોથી.

જે દિનથી આવી અવતર્યો, માતા ઉદરે બાળ હો,
તે દિનથી ધન ઉછર્યો, જેમ જલ છાંડે પાળ હો.
કર્મ તણા ફલ ભોગવે—૧.
કર્મ તણાં ફલ ભોગવો, દૈવ ન દીજે દોષ હો,
સુખ દુઃખ જીવ લહે સદા, કોપર કીજે ન રોષ હો.
કર્મ તણાં ફલ ભોગવે—૨
બાર વાહન ચલાવીયાં, વસ્તુ ભરી અભીરામ હો,
વાણોતર વેલા આવજયો, ઉપજાવજો બહુ દ્રવ્ય હો.
કર્મ તણાં ફલ ભોગવે—૩
એવામાં એક દૂત આવીયો, તેણે વધાઇ ! દીધ હો,
સ્થલ વાટે જે ધન આવતો, તે ધન ચોરે લીધ હો.
કર્મ તણાં ફલ ભોગવે—૪

....

તે દેખીને ઝાંખો થયો, ધરે આર્ત ધ્યાંન હો.
કર્મ તણાં ફલ ભોગવે—૫
દાન ચાર ચલાવવા, વળી નિજ ઘરનો ભાર હો,
કેમ કરી ચલાવશું, ચીંતા કરે અપાર હો.
કર્મ તણાં ફળ ભોગવે—૬.
વલતી ભાનુમતી કહે, ચીંતા મા કરશો સ્વામિ હો,
મુંજ ઘરેણા વેચી કરી, આણો બહુંલા દામ હો.
કર્મ તણાં ફલ ભોગવે—૭.

ઉત્તમ ગૃહીણી હોય જે, તે ન કરે કાંઈ લોભ હો,
ઘરેણાં સઘળાં વેચીને, વેચ્યા મોતીના હાર હો,
કર્મ તણાં ફલ ભોગવે—૮

ઘર હાટ[1] જે વધતાં હતાં, ગરાણે મુકી ધન લીધ હો,
લાજ રાખવા કારણે, માથે દાણી[2] ગણુ લીધ હો.
કર્મ તણાં ફળ ભોગવે—૯

દિન દિન જેમ ગર્ભ વધે, તેમ થાય ધનની હાણી હો,
શેઠ શેઠાણી ચીંતવે, જુઠી ન પડે યક્ષ વાણી હો.
કર્મ તણાં ફલ ભોગવે—૧૦

દોહ્યલા ઉપજે નવ નવા, તે પુરતા તતકાલ હો,
અઘરણી કીધી અતી ભલી, ખરચે બહુલા દામ હો.
કર્મ તણાં ફલ ભોગવે—૧૧

વાણોતર જે મોકલ્યા, ધન ભરી વાહન બાર હો,
તે પણ ત્યાં માંડી રહ્યા, પોત પોતાના ઘરબાર હો.
કર્મ તણાં ફળ ભોગવે—૧૨

દાનશાલા સર્વે રહી, રહ્યો ઘરનો આચાર હો,
જીમ તિમ કરી દિન જોગવે, ધન વિન નાઠો વ્યવહાર હો.
કર્મ તણાં ફળ ભોગવે—૧૩

ધન વિન સજજન કો નહિ, ધન વિન કો નહિ મિત હો,
ધન વિન માન કો દે નહિ, ધન વિન ત્રુટે પ્રીત હો.
કર્મ તણાં ફળ ભોગવે—૧૪

---

૧ દુકાન, ૨ દેવું.

એમ કરતાં પુરા થયા, ગરભને નવ માસ હો,
ભાનુંમતી કહે શેઠને, સુણો સ્વામિ અરદાસ હો.
કર્મ તણાં ફળ ભોગવે—૧૫
જન્મ થશે જબ પુત્રનો, યાચક જન અનેક હો,
સગાં સબંધીજબ આવશે, કેણી પેરે રાખશું ટેક હો.
કર્મ તણાં ફળ ભોગવે—૧૬
તે માટે લાવો તમે, કોઈનુ ધન કરી વ્યાજ હો,
અવસર લ્હાવો લીજીએ, રાખીને ઘરની લાજ હો.
કર્મ તણાં ફળ ભોગવે—૧૭
ભલી પેરે ઢાલ ચોથી કહી, મા કરો ગર્વ ગમાન હો,
સહુ દિન સરીખા કો નહિ, સુર કહે સાવધાન હો.
કર્મ તણાં ફળ ભોગવે—૧૮

દોહા.

શેઠ વચન સૂણી કરી, ચીંતા ઉપજી ચીંત,
કોણ પાસે જઇ માગશું, ઘરેણાવિણ વલી વિત્ત. ૧
નિજ નારીના કહેણથી, પહોંચ્યો ચોક મજાર,
વ્યાજે ધન માંગે વલી, શહુ જણ ભણે નકાર. ૨
કો ઘરમાં પેસી રહે, કો કરે સ્યામ વદન,
કોઈ કહે ગાંઠે નહી, ભાષે દીન વચન. ૩
સઘળે શેઠ ફરી કરી, આવે આપણે ઘેર,
ભાનુંમતી નારી પ્રતે, બોલાવે શું સ્નેહ. ૪

ઢાલ–પાંચમી.

ધન નહિ આપે કો મને, વિન ઘરેણા વલી જોય,
સમો[1] પલો કો નહિ આપણો, સજ્જન વેરી હોય.
કોમલ વચન કહે કામીની ૧
કોમલ વચન કંથને કહે, સુણુ સુણુ પ્રીતમ વાત,
આપદ આવે સત્[2] ન છોડીયે, એ ઉત્તમની ધાત. કો૦ ૨
સહુ જગ સ્વાર્થી જાણીયે, સહુ કરે આપણાં કામ,
પર ઉપકારી જો પ્રાણીયા, તે તો થોડારે ઠામ. કો૦ ૩
એવા થોડારે જગમાં જાણીયે, ધન જાતાં પાલે સ્નેહ,
જગમાંહી દુર્જન અતી ઘણા, ક્ષણમાં દાખે રે છેહ. કો૦ ૪
એવું જાણી પ્રીય સમતા ધરો, મા કરો કોઇથી રોષ,
લેહણો લાભે પ્રીતમ આપણો, કોઇને દીજે ન દોષ. કો૦ ૫
કઠીન કરી મન સાહસ ધરી, જાઓ મુમન[3] ને પાસ,
ગર્ભ અરાણો[4] વ્હાલા મુકીને, આણો ધન ઉલ્લાસ. કો૦ ૬
ઉઠયો પ્રીતમ સાહસ ધરી, પહોંચ્યો મુમનને ગેહ[5],
આદરમાન દીધાં ઘણાં, કામ કહો હોય જેહ. કોમલ ૭
પુત્ર મહોચ્છવ કેરે કારણે, લેવા આવ્યો દામ,
વ્યાજે આપો તમે વ્યવહારીયા, એટલું સારો કામ. કોમલ ૮
વ્યાજ સમેતા તમને આપશું, વાહન આવતાં વાર,
કૃપણ કહે મુજને આખડી, કરવા કોઇથી ઉધાર. કોમલ. ૯

---

૧ વખત, ૨ ટેક, ૩ વ્યવહારીયાનું નામ, ૪ ગરાણે, ૫ ઘેર.

પહેલું ઘરેણું આગળ ધરો, તમને આપું પછી દામ,
ગર્ભ અડાણો શેઠજી રાખીને, ધન આપો અભીરામ. કો૦ ૧૦
બાલક થશે સાહ તમ તણો, તે રાખીશ મુંજ ઘેર,
ધન દેઈ તમે લેઈ જજો, પહેલાં કહું રૂડી પેર. કોમલ ૧૧
થોડા દિનમાં ધન આપીને, તેડશું બાલ અમૂલ,
આપું નહિ જો કોઈ કારણે, તો શું કરવો શૂલ. કોમલ ૧૨
મોટો પુત્ર થશે તમ ઘરે, સોલ વરસનો જા[1]મ,
એક દેશાંતર જાઈને, આણી આપશે દાંમ. કોમલ. ૧૩
જીનદત્ત શેઠ એવું ઉત્તરે, કીધો લીખીત શ્રીકાર,
સાખ ઘલાવી સહુ મહાજન તણી, લીધા સહસ્ર દીનાર. કો૦ ૧૪
ધન લેઈ જીનદત્ત આવીયો, દીધો નારીને હાથ,
વાત સઘલી કહી શોષથી, જેણી પેરે આણ્યું અર્થ. કો૦ ૧૫
પાંચમો ઢાલ પૂરી થઈ, મા કરો ગર્વ રીદ્ધિ,
સુર કહે ભવીયણ સાંભલો, જયાં સાહસ ત્યાં સિદ્ધિ. કો૦ ૧૬

ઢાલ ૬ ઠી.

નીર્વિઘ્ન પુરા થયા, નવ મહીના ઉપર દિન સાત,
શુભ વેલા શુભ મુરતે, જન્મ્યો સુત રયણ વિક્ષાત.
કુલ મંડણ કુંવર થયો. ૧
કુલ મંડણ કુંવર થયો, પુગી પુગી મનડીની આસ;
માતા પિતા મન હર્ષિયાં, સુખ દેખી ધરે મન ઉલ્લાસ. કુલ. ૨

---

૧ જ્યારે.

જાણુ ભલો જે જ્યોતિષિ, તેડયા જન્મોતરી કાજ,
વરતારો રૂડો વરતજો, કયારે વાળશે પુત્ર લાજ. કુલમંડણ. ૩
સોલ વરસ કેડે શાહજી, વધારશે લાજ બહું દામ,
રાજા પ્રજા સહુ જાણુશે, રાખશે તમ કેરાં નામ. કુલમંડણ ૪
જોશી દાને સંતોષીયા, દેઈ આશીષ પહોંચ્યો નીજ ગેહ
વાજીંત્ર વાગે અતી ઘણાં, વધાવે નારી આણે નેહ. કુલમંડણ. ૫
ગીત ગાવે વર ગોર[1]ડી, વલી નભે નાટકીયા વૃંદ,
આશીષ દીયે અતી ભલી, જીવો જ્યાંસુધી રવિચંદ્ર–કુલમંડણ. ૬
ગંધર્વ નાચે ગાનથી, થેઈ તાઈ કરે ફરફર તાન,
ધોંધોં માંદલ ધ્રમ ધ્રમે, શેઠ હર્ષે દે બહુલા દાન–કુલમંડણ. ૭
ભાટ ચારણ ભવાઇયા, બંદી જન બોલે જશ વાદ,
શ્રીફલ આપે સામટાં, શરણાઇ વાગે સરલે સાદ–કુલમંડણ. ૮
કીધાં કેશરનાં છાંટણાં, વળી બાંધ્યા ચંદ્રોવા[2] ઉજ્યાલ,
સઘળાં ઘર શણગારીયાં, જોતાં દીસે ઝાગ ઝમાલ–કુલમંડણ. ૯
મહોચ્છવ મોટા માંડીયાં, ચંદરવા બાંધ્યા ચોસાલ,
ચાર દિવસ પુરા થયા, નોતર્યા બાલ ગોપાલ–કુલમંડણ. ૧૦
ઘેબર લાડુ લાપસી, જલેબી બહું કીધાં શાક,
કુર[4] રાંધ્યો કમોદનો, રૂડી વલી સુંઘરી દાલ–કુલમંડણ. ૧૧
ભોજન ભલી પેરે દીધાં, આપ્યાં બહુ ફોફલ પાન,
વારૂ વસ્ત્ર પહેરાવીયા, જાચકને વલી દીધાં દાન–કુલમંડણ. ૧૨

---

૧ સ્રીયો ૨ ચંદરવા ૩ (કસબી) ઉજળા ૪ ભાત.

કુટુંબ તણી શાખે કરી, શુભ સુપના કરે અનુસાર,
રતનપાલ નામ સ્થાપીયો, રૂપે દીસે દેવ કુમાર–કુલમંડણ. ૧૩
જન્મ મહોત્સવની ભણે, ઢાલ છઠ્ઠી અભીરાંમ,
સુર કહે ભવીયણ સાંભલો, પુણ્યે સુત રયણ ને'દામ–કુલમંડણ. ૧૪

દોહરા.

મુમને સર્વે સાંભળ્યું, જનમ્યો પુત્ર રતન,
નિજ સેવકને મોકલ્યા, કરવા કુંવર જતન—૧
શેઠ કહે પડખો[1] તમે, દિવસ સત્તાવીસ સાર
પછી તમોને આપશું, આપણો એહ કુમાર—૨
સેવક ફરી આવ્યા સહી, મુમન શાહને પાસ,
સર્વે હકીકત શેઠની, કહી યથાર્થ વાત—૩
કૃપણ કહે માનું નહિ, એ કચ પચની વાત,
છાના ઉઠી ચાલશે, બાલ લેઇ અધરાત—૪
બેઠા રહેજો બારણે, જબ લગી નાપે[2] તેહ,
પુત્ર રત્ન લેઈ કરી, આવજો આપણે ગેહ—૫

ઢાલ ૭ મી.

દીવસ સત્તાવીસ જબ થયા, પ્રસવે પુત્ર રતનજી,
તબ સેવક તેડી ગયા, કરતાં બાલ જતનજી
ગર્વ કરો મા રિદ્ધિનો—૧

---

૧ ધીરજ રાખો. ૨. ન આપે

માતા હૈડે દુઃખ ધરે, નયણે નાંખે નીરજી,
નીશ્વાસ નાંખે મુખ થકી, મોહે ભેદ્યો શરીરજી-ગર્વ ૨
જીનદત્ત દીલમાં ચીંતવે, ન આવ્યા વાહણ બારજી,
ધનવિણ કેમ પેરે રાખીયે, પુત્ર પ્રાણ આધારજી-ગર્વ ૩
બે કર જોડીને વિનવે, પ્રીતમ સુણો વિચારજી,
કૃપણ ધાઈ કોઇ રાખશે, કુલહીણ અન્ય નારજી-ગર્વ ૪
સુતને પણ સહસે નહી, અવર નારીનો દુધજી,
હેત પાખે કુણ તેહને, ક્ષણ ક્ષણ લેશે સુંધજી-ગર્વ ૫
જો મને તમે આણો દીઓ, મનમાં ન આણો ખેદજી,
ધાઈ કોઇ રાખે તેને ઠામે, રહું હું એવો ઉમેદજી-ગર્વ ૬
શેઠ કહે હું તેહને, જઇ પુછું એક વારજી,
વીણ આદર નવ જાઈએ, ક્ષણ એક પર ઘરબારજી-ગર્વ ૭
શેઠ કૃપણ તણે ઘરે, જઇ કહ્યો સર્વ વૃતાન્તજી,
મુમન કહે મુજને રૂચે, વાત ભલી કરી તંતજી-ગર્વ ૮
આવર ધાઇ શા કામની, જ્યાં લગી મલે માતજી,
વહેલાં થઇને મોકલો, જેમ ધવરાવે જાતજી-ગર્વ ૯
વાણોતર વલી મોકલ્યા, તેડવા નારીને કાજજી,
ભાનુંમતી આવી તહીં, જ્યાં પોઢયો સુંતરાજજી-ગર્વ ૧૦
શેઠ હૃદય દુઃખ પુરીયો, નયણે આંસુની ધારજી,
હાથે સંઘાતે મોકલ્યા, પરઘર રહેવા નારજી-ગર્વ ૧૧

સહસ્ત્ર ગામ સંતોષતો, દેઇ વાંચ્છીત દાનજી,
તેહ તણી નારી રહી, પર ઘર મુકી માનજી–ગર્વ ૧૨
પુત્ર ઉછેરે પ્રેમથી, પણ નહિ દેખે છેહજી,
સુત પોઢે જબ પારણે, તબ આવે નિજ ગેહજી–ગર્વ ૧૩
ભક્તિ કરે ભરતારની, ભોજન મંજન કાલજી,
આવે વળી ઉતાવલી, રખે રોવે નિજ બાલજી–ગર્વ ૧૪
પ્રીયની ભક્તિ સુલક્ષણી, સાચવતી નિજ પુત્રજી,
કાલ ગમાવે આપણો, રાખંતી ઘર સુત્રજી–ગર્વ ૧૫
સુત વધે અતી સુંદરો, બીજતણો જેમ ચંદ્રજી,
રૂપે મયણ હરાવીયો, મોહે જનનાં વૃંદજી–ગર્વ ૧૬
ઢાલ રચી એ સાતમી, વાધે રતન કુંમારજી,
સુર વદે મન શુદ્ધથી, પુન્યથી જય જયકારજી–ગર્વ ૧૭

દોહરા.

દિન દિન વાધે[1] દીપતો, ઉઠે આપોઆપ,
ઠમ ઠમ પગલાં જબ ભરે, હર્ષે માય ને બાપ. ૧
ઘમઘમ વાગે ઘુંઘરી, આલીંગન દે માત,
બોલે વચન સોહામણાં, કંચન વરણી કાય. ૨
કૃપણ કુંવર દેખી કરી, મનમાં ચીંતે એમ,
ધાઈ ખાય ધન માહરો, હવે રાખીયે કેમ? ૩

---

[1] વધતો.

શેઠ કહે સુંદરી પ્રત્યે, ચીતે ધરી બહું નેહ,
તમથી પ્રેમ અતી ઘણો, કેમ કરી દાખું [1]છેહ. ૪

ઢાલ ૮ મી.

તમે છો ચતુર સુજાણ, આંખ ઠરે તમ દેખતાં,
વહાલી તમારી છે વાંણ, વાત સુણો એક માહરી. વાત સુણો. ૧
દોણીગણ માથે ઘણો, લોક સંતાપે અનેક,
ધનવીણ કહો કેમ રાખીયે, એ આપણ તણી ટેક. વાત. ૨
વાહણ પણ આવ્યા નહિ, નહિ કોઇ અરથ ઉપાય,
નીચ કામ જો કીજીએ, તો વલી લજ્જા જાય. વાત સુણો. ૩
જો તમે મુજ પ્રત્યે કહો, તો ચાલું પરદેશ,
સુખીયાને તો ઘર ભલા, દુઃખીયાને ભલોરે પરદેશ. વાત. ૪
પુત્રની કરજો પાલણા, સુખે રહેજો તમ ગેહ,
અવસર લહી અમે આવશું, રાખજો મનમાં એહ. વાત. ૫
નયણે નારી આંસુ ભરે, બોલી ત્યાં એવી વાંણ,
તુમ વીણ ક્ષણ એક નહિ રહું, તુમ મુંજ જીવન પ્રાણ. વાત. ૬
કૃપણ નીત કચપચ કરે, સહજ ઉંચો છે ભાવ,
પુત્ર રત્ન મોટો થયો, હવે શું કામની ધાલ. વાત સુણો. ૭
છાની વાત કરે સદા, સુણતાં થયા માસ ચાર,
હવે તહીં રેહવું નહિ, ભાગે મન ભરથાર. વાત સુણો. ૮
જીહાં પીઉડા તમે [2]જાવશો, તીહાં આવીશું તમ સાથ,
કંથ પાખે વલી કામિની, સહુ કો કહે અનાથ. વાત. ૯

---

૧ વીયોગ ૨ જશો.

તે વલતું પ્રીતમ કહે, સુણ સુંદરી સુસ્નેહ,
વાટ વીષમ પાલા[1] ચાલવું, તમ તણી કોમલ દેહ. વાત. ૧૦
કુલવંતી જે કામની, તે નહિ છાંડે નાહ[2],
પ્રીતમ સાથે ચાલતાં, શો દુઃખનો પરવાહ-વાત. ૧૧
નારી મન નીશ્ચય કરી, દો જણે કર્યો વિચાર,
આજ અધરાતે ઉઠીને, ચાલવું એ નીરધાર-વાત. ૧૨
ભાનુંમતી ઉઠી તત્ક્ષણ, પહોંચી પુત્રની પાસ,
હેત ધરી ઝુલરાવતાં, મુંખે મુંકે નીશ્વાસ-વાત. ૧૩
કોણ જાણે કેટલે દીને, પેખશું પુત્ર જગદીશ,
મુખ ચુંબન કરે માતજી, કહે જીવો કોટી વરસ-વાત. ૧૪
ભાનુંમતી કહે શેઠને, હું જાઉં છું નિજ ગેહ,
રતનપાલ રૂડો રાખજો, ધરજો બહુલો નેહ-વાત. ૧૫
સુમન કહે નારી પ્રત્યે, મત કરો પુત્રની ચિંત,
કોડી જતન કરી રાખશું, તમ ઘર જાઓ નીશ્ચિંત-વાત. ૧૬
ઉઠયું મન રમણી તણું, નયણે વરસંતાં નીર,
આવી ઘેર ઉતાવલી, ચિંતા ધરતી શરીર-વાત. ૧૭
સાંજ પડી રવી આથમ્યો, પ્રસર્યો જગ અંધાર,
ઘર વાખરો ઘાલ્યો ટોપલી, તાળું દીધું ઘરબાર-વાત. ૧૮
એક પાડોસણ અતી ભલી, ધરમી ને ધનવંત,
તે આગળ સઘળો કહ્યો, ચાલણ ભેદ એકાંત-વાત. ૧૯

---

૧ પગે, ૨ નાથ.

એ ઘર બાર તમે રાખજો, અમે જાશું દક્ષિણ દેશ,
કોઇ આગળ મત દાખજો, એહ ગયા પરદેશ-વાત. ૨૦
ઢાલ ભણી એ આઠમી, છોડયાં નિજ ઘરબાર,
સુંર કહે જાણે કેવલી, કર્મ તણો રે પ્રકાર-વાત. ૨૧

દોહરા.

મૂકી માયા ઘરતણી, મૂકયો સહું પરિવાર,
છાના ઉઠી ચાલીયા, ભામીની ને ભરથાર—૧
મનમાં બીહિ ...ની ઘણાં, રખે કો જાણે આજ,
રોકીને કોઈ રાખશે, તો નહિ રહેશે લાજ—૨

ઢાલ ૯ મી.

જીનદત્ત શેઠ તે ચાલીયા, મુંકી હાટની ઓળ[1],
મૂકયાં ચૌટા સુંદા... મૂકી નગરની પોળ-મારગે બેઉજણ સંચરે-૧
મારગે બેઉ જણ સંચરે, દે નિજ કરમને દોષ,
લહેણો લાભેજી આપણો, અધીક ન કીજે રોષ રે. મારગ. ૨
વાટ વિષમ અતિ આકરી, ખાડા ટેકરા અપાર રે,
વાટે પાળા વલી ચાલવું, વલી વહેવો માથે ભાર રે. મા. ૩
ઉંચી નીચી જે ભુમિકા, વાગે પગમાં ઠેસ રે,
પ્રીતમ રાખે ... ગ્રહી, દુઃખ ન દે લવલેશ રે. મારગ. ૪

---

૧ હાર.

રાત અંધારી રાનમાં, વાઘ કરે હુંકારે રે,
સીટી બજાવે રે ચોરટા, મંત્ર જપે નવકાર રે. મારગ ૫
શેઠ ચાલે ઉતાવલા, મનમાંહે બીક અપાર રે,
રખે કોઈ પુંઠે આવીને, લેઇ જાએ નગર મઝાર રે. મા. ૬
શ્વાસ ભર્યાં બહુ ચાલતાં, તરસ ઘણેરી લાગે રે,
ચીર અલુંકે[1] રે ઝાંખરે, પાપે કંટક ભાંગે રે. મારગ બેઉ. ૭
ભાનુંમતી રોવે ઘણું, નયણે નીર પ્રવાહ રે,
ક્ષણ ક્ષણ સુત જેમ સાંભલે, તેમતેમ ઉઠે દાહરે. મારગ. ૮
દુઃખ દેખતાં એણી પેરે, પ્રગટ થયો પરભાત રે,
નામ જપે જીનરાજનું, જે પહોંચ્યા મુક્તિ મજાર રે. મા. ૯
સહસ્ર કીરણ જબ ઉગીયો, જલ ગળી પાવે નીર રે,
આગળ ચાલે ઉતાવળાં, તાપ લાગે છે દેહ રે. મારગ. ૧૦
મધ્યાંન્હ વેલા જબ થઈ, આવ્યો મોટે ગામ રે,
ભાનુંમતી કહે શેઠને, લીજો હવે વિશ્રામ રે. મારગ. ૧૧
નગરમાંહી ગપા ચાલતા, દીઠી હાટની ઓળ રે,
ચૌરાસી ચૌટાં ભલાં, દીસે મોહી પોળ રે. મારગ બેઉ. ૧૨
પોળ દીઠી એક અતી ભલી, તે માંહી તત્ક્ષણ પેસેરે,
સુંદર દીઠા ચોતરા, થાકયા તહાં જઈ બેસે રે. મારગ. ૧૩
ઘુંવડ નયણી એક માનુની, બેઠા દેખી પોકારે રે,
કેમ બેઠા તમે કોણ છો, જાઓ આપણે ઉતારે રે. મા. ૧૪

---

૧ વળગીને ફાટે.

અમે પરદેશથી આવીયા, પંથ તે પોઢો[1] કીધો રે,
શીતલ છાયા દેખીને, બાઇ વિશ્રામો લીધો રે. મારગ. ૧૫
અહીંથી ઉઠો ઉતાવળા, નહિ તમારો ઠામ રે,
નીરાસ થઈને ઉઠીયા, જઇએ બીજે ઠામ રે. મારગ બેઉ. ૧૬
અતી થાકયા ભુખ્યા વલી, લેઇ ખંધોલે[2] ભાર રે,
ઘરઘર પેસે નીસરે, કોઈ ન આપે ઠોર[3] રે. મારગ બેઉ. ૧૭
તૃષા લાગી અતી આકરી, કોઈ પાવે નહી પાણી રે,
દે નહિ કોઇ બેસવા, ન વદે મીઠી વાણી રે–મારગ. ૧૮
નિષ્ઠુર લોક નગરી તણા, કોઇ નહિં ઉપકારી રે,
ગર્વ ગમાની ગોબરાં, એહવાં નર ને નારી રે.–મારગ ૧૯
લોક બીચારા શું કરે, ઓછી આપ પુણ્યાઈ રે,
પુણ્ય પાખે કેમ માનીયે, ઠાલી જો ઠકરાઈ રે-મારગ ૨૦
શેઠ સકલ નગરી ફરી, વનમાં પાછા આવે રે,
નવમી ઢાલ પુરી થઈ, સુર સદા ગુણ ગાવે રે–મારગ ૨૧

દોહરા.

શેઠ કહે સુણ સુંદરી, હવે મેં લાધો[4] ભેદ,
પરઘર કેમ ન જાઇએ, અંગ ધરી ઉમેદ—૧
નમી ન મૂકે બેસણું, હસી ન પૂછે વાત,
તે ઘર કબહું ન જાઇએ, રહે હેડાની સાત—૨

---

૧ સવારમાં ૨ ખભે ૩ સ્થાન, ૪ જાણ્યો.

તેને દેશ ન જાઈએ, જહાં આપણો ન કોય,
શેરી શેરી હીંડતાં, વાત ન પુછે કોય—૩
એક દિવસ એવો હતો, સહુંકો કરે પ્રણામ,
એક દિવસ એવો હવે, કોઇ ન પુછે નામ—૪

ઢાલ ૧૦ મી.

શેઠ શેઠાણી દોય જણા, આવ્યા તે વનમજાર,
સરોવર પાળે ઉતર્યા, નીર્મલ ભર્યું. બહુ વાર રે-
શેઠ કહે સુંણુ સુંદરી—૧
શેઠ કહે સુંણુ સુંદરી, મા કર તું દુઃખ લગાર,
અરથ વિના આદર નહિ, સહુંકો જાણે સંસાર-શેઠ કહે ૨
ભાનુંમતી ઝુરે ઘણું, દોહલો પુત્ર વિજોગ,
ક્ષણ ક્ષણ દાઝે દેહડી, જાણે દાહ-જવરકો રોગ-શેઠ કહે ૩
પ્રીય ભણે નહિ ઝુરીયે, નહિ દીયે દીન વચન,
આપત્તિ આવી જબ પડે, કરીયે તવ કાઠો મન-શેઠ કહે ૪
આગે શ્રી આદિશ્વર, એક વર્ષે લીધો આહાર,
મરીચ જીવ દુઃખ પામીયો, કહેતાં વલી કંપે કાય-શેઠ કહે ૫
બાર વરસ વનમાં વસ્યાં, સીતા ને શ્રી રામચંદ્ર,
ડુંબ[1] ઘેર પાણી ભર્યું, મોટા રાજા શ્રી હરીચંદ્ર-શેઠ કહે ૬
જુઓ બલભદ્ર કૃષ્ણને, થયો દ્વારાવતીનો દાહ,
મરણ પામ્યો વિણુ પાણીયે, હતો ત્રીખંડનો નાંહ-શેઠ કહે ૭

---

૧ ભંગી.

વલી રૂક્ષ્મણી જાણુંજો, પુત્ર પ્રદ્યુમ્ન કુમાર,
સોલ વરસ વિરહ સહ્યો, નહિ ચલ્યો દેવકુમાર–શેઠ કહે ૮
ઉત્તમ અંજના સુંદરી, સાસુએ દીધું કલંક,
રાન માંહે તે રડવડી, જુઓ એ કર્મનો વાંક–શેઠ કહે ૯
દમયંતી સતી રાનમાં, મુકી નાઠો નલ આપ,
ચંદન બાલા રે સતી, પરઘર પામી સંતાપ–શેઠ કહે ૧૦
રૂષિદત્તા રૂષિની સુતા, સહ્યો ડાકિની કેરો દોષ,
કાપ્યા હાથ કલાવતી, પ્રીતમે ધરી મનમાં રોષ–શેઠ કહે ૧૧
આગે એવાં દુઃખ સહ્યાં, નિજ કર્મ તણો સંયોગ,
અશુભ કર્મ આપે કર્યાં, તો પડયો પુત્ર વિયોગ–શેઠ ૧૨
એવો ઉપદેશ દેઇને, સમજાવી પોતાની નાર,
ભાવ પાખે ભોજન કરે, દીપે દોયને આધાર–શેઠ કહે ૧૩
પ્રાતઃ હુવો રવિ પ્રગટીયો, જગમાં થયો ઉજીયાલ,
સુર કહે પુરણ થઇ, દશમી એ ઢાલ રસાલ–શેઠ કહે ૧૪

દોહરા.

ત્યાંથી આઘા ચાલીયા, ભાનુંમતી ભરથાર,
દેશ નગરપૂર દેખતાં, વન વાટિકા અપાર—૧
સોદો લેઈ ગામમાં, ઉતરે વનમાં તેહ,
પહેલી મજલે પરખીયો, નગર લોકનો સ્નેહ—૨
સમ્મેદ શિખરની જાતરા, કીધી મનની રંગ
સામગ્રી પાસે નહિ, તે મન પામ્યો ભંગ—૩

નદી ઉતરે નવી નવી, ઉલંગે બહુ ઘાટ,
સંસ્તે[1] સંસ્તે ચાલતાં, વીસ્મી બોલે વાટ—૪
જીનદત્ત નારીને કહે, આવ્યા પંથ અપાર,
હવે નગર કો જોઈ કરી, કરીયે વાસ વિચાર—૫

ઢાલ ૧૧ મી.

શ્રીપુર નગરે આવીયા, શેઠ શેઠાણી દોય,
શોભા સઘલી ચાંડણી, વેસ વારૂ રે હોય—
ઇહાં રહીયે મન સ્થીર કરી—૧
ઇહાં રહીયે મન સ્થિર કરી, જોવો વસવા ઠાંમ,
આથ[2] [3]પાખે ઘર કોણુ દે, દામ તણાં સુવિચાર–ઈહાં ૨
ચોરાસી ચોટા ભલા, બહુલી દીસે રિદ્ધિ,
કોઈ ન દીસે તેહવો, તેથી થાયે રે સિદ્ધિ–ઇહાં રહીયે ૩
સઘળું નગર ફરી કરી, કોઈ ન પૂછે સિધ,
સ્વાર્થ વિણ આદર નહિ, જેને ન ધર્મની બુંધ–ઇહાં રહીયે ૪
પ્રીય કહે નારી પ્રત્યે, ચાલો વન મંજાર,
વૃક્ષ નીચે રહીશું સદા, કરીશું કોઇ રોજગાર–ઇહાં રહીયે ૫
ઉદ્યાન મંહી આવીયા, દીઠો તરૂ સહકાર,
તીહાં આવીને ઉતર્યાં, મૂકયો શિરથી ભાર–ઈહાં રહીયે ૬
હાથેથી બાંધ્યો ઝુંપડો, રહેવા કેરે કાજ,
જ્યાં કોઇ નહિં ઓળખે, ત્યાં નહિં ઉપજે લાજ–ઈહાં રહીયે ૭

---

૧ ધીરે ૨ દ્રવ્ય ૩ વિના.

ધન વિના શું કીજીયે, વણુજ શું કીજે વ્યાપાર,
જ્યમ ત્યમ ઉદરની પુરણા, કરવી કોણ પ્રકાર-ઇહાં રહીયે ૮
પ્રાતઃ સમય ઉઠી કરી, લેઇ કુહાડો હાથ,
કાષ્ટ લેવા કાજે ગયો, કોઇ નહીં તસ સાથ-ઇહાં રહીયે ૯
રાન માંહે જાતાં થકા, કોસ પાંચ ને સાત,
વનચર જીવ બીહામણાં, બોલે નવી નવી ભાત-ઇહાં રહીયે ૧૦
પર્વત મોટા અતિઘણા, બહુલી વાંસની જાલ,
ગુંફા માંહે ગુંજતા, વાઘ સિંહ વિકરાલ-ઇહાં રહીયે ૧૧
તેહ થકી બીહે નહિ, શેઠ થયો રસધીર,
જેમ જેમ પડે વિપતડી, તેમ તેમ સહે શરીર- ઇહાં રહીયે ૧૨
સુકાં દીઠાં રૂખડાં, ચંદનને સહકાર,
સાલરી બાવળ લીંબડા, બોર ખેર ધવ સાર-ઇહાં રહીયે ૧૩
એવાં ઇંધણ લેઇ કરી, બાંધી મોલી[1] એક,
તૃષા તાપે પીડયો ઘણો, તોય ન મૂકે ટેક-ઇહાં રહીયે ૧૪
ચહું દીશે પરસેવો [2]શ્રવે, જેમ ઝરણા કેરૂં નીર,
મધ્યાન્હે ઘેરે આવીયો, ભારે દુઃખે શરીર-ઇહાં રહીયે ૧૫
મુલી લેઇને ગયો, વેચવા નગર મઝાર,
શેઠ ધનદત્ત નજરે પડયો, ભારે અતીહ ઉદાર-ઇહાં રહીયે ૧૬
ઉઠી સામો આવીયો, મુલી પૂછેરે મુલ,
દ્યો અમને દસ દોકડા, ફેરી ન બોલું બોલ-ઇહાં રહીયે ૧૭

---

૧ ભારી, ૨ ઝેર.

ધનદત્ત શાહ તેડી ગયો, કોટ પાસે રે ગેહ,
મુંલી લેઈ દીધાં દોકડા, આદર કરે બહું તેહ-ઇહાં રહીયે ૧૮
કહો ભંડારો[1] કોને ઘરે, રહે છે એણે ગામ,
દશમો ભાગ દો તેહને, ખર્ચવા ધર્મને કામ—ઇહાં રહીએ. ૧૯
ધન્ય ધન્ય તે નર જાણીયે, ન કરે નીયમનો ભંગ,
આપદ જબ આવી પડે, તોય રાખે તેવો રંગ—ઈહાં૦ ૨૦
ભંડારે મુકી દોકડો, પાછો વલીયો જેમ,
ધનદત્ત કર ઝાલી કરી, વલતો ભાષે એમ—ઈહાં રહીએ ૨૧
એવી મુંલી નીત આણજયો, કોટ પાસે મુંજ ગેહ,
ઉપર વાડામાં નાખજો, મુંજ નારી લેશે તેહ—ઇહાં રહીએ ૨૨
એવી પરઠણુ[2] ભલી કરી, હાટેથી લેજયો દામ,
જીનદત્ત મનમાં ખૂશી થયો, ફરવા ટલ્યું મુજ કામ—ઇહાં. ૨૩
બેઉ જણુ ત્યાં સુખે રહે, ધરી સંતોષ અપાર,
સુર કહે ઢાલ અગ્યારમી, સાંભલજો નરનાર—ઈહાં રહીએ ૨૪

દોહરા.

ચંદન કેરાં લાકડાં, આવે મુલી માંહ્ય,
તે ટાલી અલગાં કરે, ભરે ઉંડો ઉચ્છાહ. ૧
ચંદનને નહિ ઓળખે, જીનદત્ત નાઠી બુધ,
ધનથી મતિ સબ ઉપજે, ધન વિન સાન ન સૂધ. ૨

---

૧ ધર્માદા ભંડાર ૨ સારું.

ઢાલ ૧૨ મી.

શ્રીપુર નગર પાસે ભલો, પુર વસીયો અતીસાર,
જીનદત્ત પુર સહુકો કહે, ચાલે વણુજ વ્યાપાર.
માન મા ધરજો માનવી—૧
માન મા ધરજો માનવી, પામે રૂદ્ધિ અપાર,
જતન કરતાં અતી ઘણું, જાતાં ન લાગે પાર. માન મા૦ ૨
જેહ સુખાસન પાલખી, રહેતા મહેલની માંહ્ય,
હીંડોલા ખાટે હીંચતા, નહિ કોની પરવાહ. માન મા૦ ૩
તે શેઠ ઉઠો પાછલી, રાત રહી ઘડી ચાર,
રાન માંહે જાએ એકલો, વહે નીત માથે ભાર. માન મા૦ ૪
સાત પાંચ સામટાં, દુધ દહીં ને પકવાન,
ભોજન કરતાં ભાવતાં, તેને મલે ન વેળા ધાન. માન મા૦ ૫
વાગા નવ નવા પ્હેરતા, ઓઢણ આછાં ચીર,
તે ઓઢે આજે ધાબલા, સુખ દુઃખ સહે શરીર. માન૦ ૬
મનમાં દુઃખ નહિ ગણે, જાણે કરમનો દોષ,
શુદ્ધ સમકીત મનમાં વસ્યો, તેથી કરે નહિ સોસ. માન૦ ૭
સામાયીક કરે દો જણા, પાલે વ્રત વલી બાર,
દેવ ગુરૂની કરે વંદના, નહિ મુકે આચાર. માન મા૦ ૮
સંપત્ત સારૂં નીત દે, સાધુને શુદ્ધ આહાર,
આઠમ ચોદસ સાચવે, [1]દીનને કરે ઉપકાર. માન મા૦ ૯

---

૧ ગરીબને.

પરદેશી આવી ચઢે, જેને નહિ ઘરબાર,
તે સહું આવી તીહાં રહે, જીનદત્તને આધાર. માન મા૦ ૧૦
ધન્ય નારી ભાનુંમતી, પ્રીય ભક્તિ ગુંણ ગેહ,
સુખ દુઃખે પ્રીય સાથે રહે, ઉત્તમ નારી તેહ. માન મા૦ ૧૧
શ્રી મનમોહન પાસજી, મહાવીર મહિમાવંત,
તેહ તણે સું પ્રસાદથી, પ્રથમ ખંડ કહ્યો તંત. માન મા૦ ૧૨
બારમી ઢાલ પુરી થઇ, સુર કહે શુભ વાત,
નરનારી સહુ સાંભલો, પુત્ર તણો અધીકાર. માન મા૦ ૧૩

ઇતિશ્રી રત્નપાલ ચરિત્રે દસ નગર વર્ણન જીનદત્ત લક્ષ્મીગમન રતનપાલ જન્મ જીનદત્ત પરદેશગમન નામ પ્રથમખંડ ॥ સમાપ્ત.

દ્વીતીય ખંડ.

દોહરા.

સકલ સિદ્ધ પ્રણુમી કરી, નીજ ગુરૂ સમરી નાંમ,
કહે બીજો ખંડ ભાખશું, સુણજો મન ધરી ઠામ–૧
સુમન શેઠ તણે ઘરે, રૂપે જાણે ઇંદ્ર,
દિન દિન વાધે દીપતો, શુકલ પક્ષનો ચંદ્ર.–૨

ઢાલ પહેલી.

વાધે કુંવર કલાનીલો, રૂપે જયમ અનંગ કુમાર,
મુખ શરદનો ચાંદલો, અધર[1] પ્રવાલી રંગ.
મનમોહન કુંવર થયો—૧

---

૧ ઓષ્ઠ.

મખમલ ટોપી મસ્તકે, કંઠે મોતીની માલ,
કરે કડાં સોના તણાં, કેડે કંદોરો વિશાલ. મનમોહન૦ ૨
ઘમકે પાયે ઘુંઘરી, અંગે પહેરો ઉદાર,
સેવક નીત કરે ચાકરી, રમત કરે અપાર. મનમોહન૦ ૩
શેઠ પરદેશ ગયો સુણી, હર્ખ્યો કૃપણ મનમાંહ્ય,
એ બેટો થયો આપણો, અંગે થયો [1]ઉચ્છાહ. મનમોહન૦ ૪
પુત્રની કરે પ્રતિપાલના, આણી હૈડે હેજ,[2]
વર્ષ સાતનો પુત્ર થયો, દિનદિન અધીકુ તેજ. મનમોહન૦ ૫
પંડીત પાસે મુંકીયો, ભણુવા કેરે કામ,
અધ્યાપક સંતોષીયો, આપે અતી ઘણો દામ-મનમોહન ૬
ૐકાર આદિ કરી, શીખ્યો અક્ષર વંચ,
અંક કલા લેખાં પઢયો, બોલી શીખ્યો સાંચ[3]-મનમોહન ૭
શબ્દ શાસ્ત્ર શીખ્યો કસી, કાવ્ય કલા કેઈ જાત,
છંદ કળા શીખ્યો ભલો, જ્યોતિષ વૈદ્યક ઉદાત-મનમોહન ૮
સામુદ્રીક શીક્ષણુ ભલા, ષટ દર્શનનો લાભ,
જાત ભાત ગ્રંથ કઈ પઢયો, લેઈ ગુરૂની સાખ-મનમોહન ૯
પઢે પઢાવે પ્રીતથી, બોલે સંસ્કૃત વાદ,
હસ્ત કળા વ્યાપારની, જાણે ષટ્ વિધિ નાદ-મનમોહન ૧૦
થોડા દિનમાં શીખીયો, કળા બહોતેર સાર,
સાધુ પાસે વળી શીખીયો, શ્રાવકનો આચાર-મનમોહન ૧૧

---

૧ આનંદ, ૨ હેત, ૩ સત્ય.

અષ્ટ પ્રકારે પૂજા પઢયો, શીખ્યો તત્વ વિચાર,
જે વિજ્ઞાન વિશેષતા, જાણે રતન કુમાર—મનમોહન ૧૨
રત્નપાલ જાણે સહી, માતા પિતા મુંજ એહ,
એ કુટુંબ સહુ માહરૂં, એ વલી મારો ગેહ—મનમોહન ૧૩
બાર વરસ જબ થયાં, શીખ્યો સકલ વ્યાપાર,
ઉઘરાણી પોતે કરે, સકલ નગર મંજાર—મનમોહન ૧૪
હાથમાં લેઇ ચોપડો, વાંચે લખે નિજ હાથ,
નિશ્ચિંત કીધો શેઠને, વધારે બહું અર્થ—મનમોહન ૧૫
એક દિવસ કુંવર ગયો, લેણો માંગવા કાજ,
તેહ કહે હવડાં નહિ, ગાંઠે મુંજકેરે દાંમ—મનમોહન ૧૬
લીધા વિના ઉઠું નહિ, વાણી વદે રત્નપાલ,
સંસ્તે સંસ્તે આપશું, તમેરે સમજો બાલ—મનમોહન ૧૭
લેઇશું રૂપૈયા રોકડા, વ્યાજ સમેતાં આજ,
ઘણા દિવસ ફેરા દીયા, હવે નહિ રાખું લાજ—મનમોહન ૧૮
રત્નપાલ બોલ્યો આકરો, કઠીન વચન કરે તામ,[1]
ધન ચિંતા તુંજ [2]કસી, જા પારકા ગુલામ—મનમોહન ૧૯
રત્નપાલ ઝંખો થયો, મર્મ વચન સુણ્યો જ્યાં,
વલખો[3] થયો પાછો વળ્યો, અણબોલ્યો થઇ ત્યાં—મનમોહન ૨૦
આવી બેઠો ચોતરે; શોકાતુર થઈ બાલ,
એહવે એક વૃદ્ધ વાણીયો, બોલાવે તતકાલ—મનમોહન ૨૧

---

૧ તેને, ૨ કેવી, ૩ ઝાંખો.

કાં દીસે તું એવડો, દીલમાંહી દીલગીર,
રતનપાલ તવ બોલીયો, નયણે આણે નીર. મનમોહન૦ ૨૨
આજ ઉગરાણી હું ગયો, એકથી કીધી રીસ,
પર ગુલામ મુંજને કહ્યો, ચટકો ઉઠયો શિષ. મનમોહન૦ ૨૩
તવ બોલ્યો વૃદ્ધ વાણીયો, રીસ તણો નહિ કામ,
સઘળી વાત તેણે કહી, તુજ તાતે લીધા દામ. મનમોહન૦ ૨૪
જીનદત્ત નામે તુજ પિતા, ભાનુમતી તુજ માત,
પરદેશે તે સંચર્યા, મ્હાટા માજમ રાત. મનમોહન કુંવર૦ ૨૫
એક વેલા પરદેશ જઇ, આણી આપો ધન,
તવ દાંણીગણ છુટશે, એહવું વાત વચન. મનમોહન૦ ૨૬
એવી વાતજ સાંભલી, મનમાં ચિંતે કુંમાર,
એટલા દિન નહિં જાણતો, હું છું પર ઘરબાર. મન૦ ૨૭
સુર કહે બીજા ખંડની, ભણી એ પહેલી ઢાલ,
પુણ્ય પ્રસાદે પામશે, દિનદિન મંગલ માલ. મનમોહન૦ ૨૮

દોહરા.

કુંવર ત્યાથી ઉઠીને, આવ્યો નિજ ઘરબાર,
અણુ બોલ્યો ચિંતાતુર, સુતો ભવન મજાર—૧
ભોજન વેળા જબ થઈ, તવ બોલાવે શેઠ,
ઉત્તર પાછો દે નહિ, દે નહિ સામી દ્રષ—૨
તીહાં શેઠ જાઇ કરી, બોલાવે સુંસ્નેહ,
વત્સ ઉઠો ભોજન કરો, શીતળ થાયે દેહ—૩
બહુંજ આગ્રહે ઉઠીને, મુંખ પખાલ્યો જેમ,
સાહસીક ધીરજ થઇ, રત્નકુંવર કહે તેમ—૪

ઢાલ ૨ જી.

વળતો કુંવર એમ વદેરે, સુંણો તમે મહા ભાગ રે
અમે દેશાન્તર જાયશું રે, નહિ ઘર રહેવાનો લાગરે.
શેઠ સાંભલજો મારી વિનતી-૧
શેઠ સાંભલજો મારી વિનતી, તમે છો ચતુર સુજાણ રે,
મારો મનડો ઉછાંછલોરે, ઘેરે રહેવાનો નહિ લાગરે-શેઠ. ૨
સુંણુ વત્સ તું અતી નાનડોરે, શા માટે જાય પરદેશ રે,
બેઠા કરો ઘર સાહ્યબીરે, ચિંતા મા કરો લવલેશ રે-શેઠ. ૩
ખાઓ પીઓ ધન ભોગવોરે, મા કરો મનમાં ઉચાટરે,
બાહેર જાવો વત્સ દોહ્યલોરે, અતી વિષમ છે વાટરે-શેઠ. ૪
કુંવર કહે નહિ જાણુતોરે, મારે છે અન્ય તાતરે,
આજ સઘળું મે સાંભળ્યુંરે, મારા તાતનો અવ[1]દાતરે-શેઠ. ૫
એકવાર જઇ જલ મારગેરે, ધન ઉપજાવી અનેકરે,
........................, તો તાતજીની રહે ટેકરે-શેઠ. ૬
વચન સુણી ઝાંખો થયોરે, કોઈ દુશ્મને દાખ્યો ભેદરે,
એ રાખ્યો એ નહિ રહેરે, એને મન ઉપજ્યો ખેદરે-શેઠ. ૭
આપસ આપસ માંહે ઘણોરે, તે આજે તુટયો નેહરે,
.... છુટી કોડી ન લહે નેહરે-શેઠ. ૮
ઉઠો વત્સ ભોજન કરોરે, મેં દીધો તમને આદેશરે,
કરો સજાઇ અતી ભલીરે, સુખે ચાલો પરદેશરે-શેઠ. ૯

---

૧ વૃત્તાંત.

ભોજન કરી તેડાવીયારે, વાણોત્તર જે વૃદ્ધ રે,
સજ્જ થાઓ સહુકો તમેરે, કુંવર સાથે કરો સિદ્ધરે—શેઠ. ૧૦
લાખ સોનૈયા સામટારે, આપું કરવા વ્યાપાર,
વસ્તુ વહોરો[1] અતી ભલીરે, જેથી થાય લાભ આપારરે—શેઠ. ૧૧
વસ્તુ વાહણુ માંહે ભલીરે, વાણોતર સાથે લીધરે,
સેવક સાથે લીધા ઘણારે, સઘલી સજા[2]ઈ કીધરે—શેઠ. ૧૨
દેહરે આવી દેવ વાંદીયા રે, સદ્ગુરૂ પ્રણમી પાયરે,
ધર્મ મંગલ પહેલો કહ્યોરે, તેહથી જય જયકારરે—શેઠ. ૧૩
ગુરૂ કહે વહેલા આવજોરે, દેવ પૂજા કરો ધ્યાંનરે,
એવી શીખ લેઈ કરીરે, આવ્યો આપણે સ્થાનરે—શેઠ. ૧૪
તીલક કીધો કુંવર તણેરે, હાથે શ્રીફલ સારરે,
શીખ માંગે કુંવર તદારે, ઉભો સકલ પરિવારરે—શેઠ. ૧૫
કુંવર કહે સહું સાંભલોરે, મારે તમ શો સંબંધ રે,
પરદેશે જઇને આવશુંરે, વલતો નહિં પ્રતીબંધરે—શેઠ. ૧૬
લાખ ધન છે તમ તણુંરે, લાભ સહીતજ સુંપશુંરે,
મુજને જે આપો સુખડીરે, તેનો લાભ અમે લેઇશુંરે—શેઠ. ૧૭
એક મુહ[3]મદી આપી રોકડીરે, જુદી વ્યાપારને કાજરે,
સહું કહે એટલું આપતાંરે, કૃપણને નહિ લાજરે—શેઠ. ૧૮
ઘરથી કુંવર ચાલીયોરે, શીખ દીયે પરિવારરે,
કાલકુટ દ્વીપ જાશો નહિંરે, જ્યાં છે લોક ધુતારરે—શેઠ. ૧૯

---

૧ ખરીદો, ૨ તયારી, ૩ તે વખતનો શીક્કો.

શુભ શુકન લેઈ કરીરે, ધરતો મનમાં ઉલ્લાસરે,
કુટુંબ સહુ પાછુ વળ્યુંરે, આવ્યા દરીયાની પાસરે-શેઠ. ૨૦
દાડમ ફલ લીધાં સામટાંરે, વલી ધાવડી કેરાં ફુલરે,
મુહમદી આપી બન્ને લીધાંરે, જેનો ગુણ છે અમૂલરે-શેઠ. ૨૧
બીજા ખંડ તણી કહીરે, એ તો બીજી ઢાલરે.
સુર કહે પુણ્ય થકીરે, લ[1]હશે સંપદ્ વિશાલરે-શેઠ. ૨૨

દોહરા.

વસ્તુ બે લઈ કરી, જપે મંત્ર નવકાર,
આવી બેઠા જહાજમાં, શુભ વેલા શુભવાર-૧
વાહણની કીધી પૂરણી, ચાલ્યા સમુદ્ર મજાર,
ષઢ પડદા વલી નાખીયા, ચલાવતાં તે વાર-૨

ઢાલ ૩ જી.

જલ મારગ જાતાં થકીરે, કેટલા દિન અભીરાંમ,
એક દ્વીપ તવ આવીયોરે, કોઈ ન જાણે નાંમ.
પૂણ્ય થકી સુખ સંપજેરે-૧

....

પૂણ્ય થકી સુખ પામીયેરે, મનવાંચ્છિત ફલ હોય.
પૂણ્ય થકી સુખ સંપજેરે-૨
પ્રાતઃ સમય જબ થયોરે, ઉદય થયો પૂર્વ સુર[2],
એવામાં એક વ્યવહારીયોરે, દીઠો આવતો દૂર-પુણ્ય થકી-૪

---

૧ પામશે. ૨ સુર્ય.

કહો કોણ દ્વીપ જાણીયેરે, શું તમ નગરીનું નામ,
કોણ રાજા નગરી તણોરે, કહો તમે અમ રીતરે—પુણ્ય થકી—૫
કહે હસી વ્યવહારીયોરે, કાલકૂટ દ્વીપ છે નામ,
કાલપુરી નગરી જાણીયેરે, કાલમુખો રાજા નામ—પુણ્ય થકી—૬
રતનપાલ વલતું વદેરે, એવું તે શા માટે નામ,
પરદેશી આવે મુખ ઉજળોરે, વલતાં કરે મુખ શ્યામ—પુણ્ય—૭
વ્યવહારી આવે પરદેશથીરે, ધન લઈ કરવા વ્યાપાર,
તેનાં ધન ધૂતી લીયેરે, એવો છે અહીંયા આચાર—પુણ્ય થકી—૮
પરદેશી મલી સ્થાપીયુંરે, ગુણ પ્રમાણે નામ,
સાવધાન રહેજો શેઠજીરે, હું કહું તમારે કાજ—પુણ્ય થકી—૯

(કથા.)

સાંભલજો કહું શેઠજીરે, જે કહું માંડીને વાત,
કુંડુ[1] તમે જાણો રખેરે, એ તો સાચો છે અવદાત.
ધુતારડા અહીંયાં વસેરે. ૧
જેમ બગ તાકે મચ્છનેરે, વ્યાધ જીવ લે જેમ,
સર્પ તાકે મુષ[2]કને જેમ, તેમ પેધા[3] ધુંરત એમ—ધુતારડા. ૨
હું તો મારા નગ્રથીરે, નીકળ્યો હતો ભણી મંત્ર,
અનુક્રમે આવું પામીયોરે, કાલકુંટ દ્વીપ કુપુત્ર—ધુંતારડા. ૩
આવ્યો હું આ નગ્રમાંરે, પહોંચ્યો નેસ્તિને હાટ,
આલીંગી મુજને મળ્યોરે, તે તો ધૂર્ત શેખર[4] લાટ—ધુંતારડા. ૪

---

૧ જુઠું, ૨ ઉંદર, ૩ ફાવ્યા, ૪ શીરોમણી.

આસને બેસાડી મુંજનેરે, કરવા માંડી વાત,
તે મુંજથી મળી ગયોરે, જેમ સૌર ઘાતો ઘાત–ધુંતારડા. ૫
હું તો ભોળો વાણીયોરે, ધુર્તની ન લહું સુધ,
મેં તો જાણ્યું મન થકીરે, ઉંજળું એટલું દૂધ–ધુંતારડા. ૬
મેં તો ભાખ્યું નેસ્તીનેરે, સાંભળ એક અરદાસ,
મારી માલની ગાંઠડીરે, તમે રાખો તમ આવાસ–ધુંતારડા. ૭
આગલ પંથ છે આકરોરે, કેમ જાળવીયે એહ,
વલતો હું લેઉં સહીરે, તમે રાખો ધરી સ્નેહ–ધુંતારડા. ૮
બીજા કોઇને સુંપીયેરે, નહિ કોઇનો વિશ્વાસ,
તે માટે તમે રાખજોરે, ગાંઠડી આણી ઉલ્લાસ–ધુંતારડા. ૯
ધૂર્તે દેખી ગાંઠડીરે, થઈ લેવાની હુંસ,
કહે મુખે રાખશું નહિરે, થાપણુનો મને સમ–ધુંતારડા. ૧૦
પહેલાં એકની ગાંઠડીરે, રાખી ભોળે ભાવ,
તેથી છેતરાણા અમેરે, સહી જાણો તમે ભાવ–ધુંતારડા. ૧૧
એવી ધૂર્તકલા કરી રે, તમે સુણો રત્નપાલ,
સાવધાન રહેજો શેઠજીરે, તે તો સાચી છે વાત–ધુંતારડા. ૧૨

દોહરા.

મેં હઠ માંડો તેહથી, ધૂર્ત કહે જનકાર,
એહવે આવી બાલીકા, ઘૃત લેવાને કાજ. ૧
લીધાં પૈસા શેરના, દોય શેર ઘૃત દીધ,
જો જો મુજને ધૂતવા, નેસ્તીએ વિદ્યા કીધ. ૨

ધૃત લેઇ બાલા ઘર ગઈ, બોલ્યો હું શિર ધૂણ,
રે રે નેસ્તી મૂઢ તું, છે વણીક કે કોણ. ૩
દીજે આપણ વાંણીયા, શેરનું પોણા શેર,
તે બદલે અદકુજ[1] દે, ખોય છે બેઠા ઘેર. ૪
આ વ્યાપારથી તાહરે, થાય કેમ ગુજરાન,
કો કોઇ સીધા હશે, જેમ........................ ૪
નેસ્તીએ મુજને કહ્યું, રે પરદેશી મિત્ર,
મુજને વચન છે દાંણનું, એમ કરી પુરૂં નીત્ય. ૫
જુઓ એ ધૂર્તકલા, મુંજ આગળ કરે એમ,
હવે સૌ કૌતકની કથા, સાંભલજો ધરી પ્રેમ. ૬

ઢાલ ૪ થી.

એહવે બાલા ઘૃત લેઈને, પહોંચી તાતને પાસે,
એક મનાં થઇ સહુ કો સાંભલો, જે યહાં કૌતક થાશે
જો જો ધુર્તકલાની વાત–૧
તાતે ઘૃતને સઘલું પેખી, નિજ પુત્રીને પૂછે,
શેરને ઠામે બશેર લાવી, કહે કારણ તે શું છે
જો જો ધુર્તકલાની વાત–૨
એ ધૂર્ત સમ કોઇ ન પૂરમે, તે બમણું કેમ જોખે,
એ તો કારણ જોવા સરખું, અહીં કેમ મુંખ પોખે
જો જો ધુર્તકલાની વાત–૩

---

૧ વધારે.

રે પુત્રી શું એને હાટે, નર કો બેઠો હોતો ?
છે વિશ્વાસ તેહથી અધીકો, ધૂર્તને ધૂર્ત ધુત્યો
જો જો ધુર્તકલાની વાત–૪

પુત્રી કહે કો એક પરદેશી, બેઠો છે તસ હાટે,
માંહો માંહે કરતા હોતા, રક ઝકથી માટે
જો જો ધુર્તકલાની વાત–૫

એવામાં જઇ મેં ઘૃત માગ્યું, તેણે તરતજ દીધું,
બીજું તો હું કાંઇ ન જાણું, પછી તેણે શું કીધું
જો જો ધુર્તકલાની વાત–૬

વચન સૂણી પુત્રીને બોલ્યો, પાછું લેઇ ઘૃત જા તું,
અડવડતી પડતી આરડતી, કહે જે તેને [1]સુંહાતું
જો જો ધુર્તકલાની વાત–૭

કેમ રે રોતી પાછું લાવી, તે એમ કહેશે તુંજને,
ત્યારે તું કહેજે ઘૃત માટે, તાતે [2]કૂટી મુજને
જો જો ધુર્તકલાની વાત–૮

અમ અપરાધી લોક મજુરીયા, દીઠે મારગ ચાલું,
માલ પરાયા ઉપર કોદી, ભુંડી નજર ન ઘાલું
જો જો ધુર્તકલાની વાત–૯

થોડું જે ઈશ્વરે આપ્યું, તે હરખીને લીજે,
કોડી તે પોતાની વારૂ, અવર કોડી શું કીજે
જો જો ધુર્તકલાની વાત–૧૦

---

૧ ગમતું, ૨ મારી.

જો કો વખતે પુર્વ જન્મમાં, ધૂત્યા હશે નીકમ્મા.
તો આ જન્મ દુર્ભાગ્ય પદવી, અમે એવી હા ! પામ્યા. જો. ૧૧
દુખી પણ ચોપડી તે સરખી, ઘરઘર સર્વે આવે,
બળે કરીને લેવું કોનું નહિ, એમ કહેજે તું ભાવે. જોજો. ૧૨
દોડી બાલા ઘૃત લેઈને, નેસ્તીને જઈ ભાખ્યું.
આ લે પાછું દે અમ પૈસા, અમે કાંઇ નથી ચાખ્યું, જો. ૧૩
જેમ ભણાવી હોતી તાતે, બાલા ત્યાં જઇ બોલી,
નેસ્તીએ દીધા પૈસા ને, પાછું લીધું તોલી. જોજો ધૂર્ત–૧૪
બાલા પાછી વલતી દેખી, મેં મન ચિંત્યું ત્યારે,
એના તાતને જઈ આપું, તે નહિ બગડે કયારે. જોજો ૧૫
હું તો ઉઠયો ગરથ લેઇને, ચાલ્યો કન્યા કેડે,
મુજને નેસ્તી જાતો દેખી, સાદ કરે બહુ મુજને. જોજો ૧૬
નેસ્તીનાં તો કુંવર ત્યારે, સાતે વ્યસને ભુંડા,
મેં તો પાછુ ફરી નહિં જોયું, થાશે લક્ષણ ભુંડા. જોજો ૧૭
હુંતો તે બાલાને ઘેરે, એકલડો જઈ ઉભો,
તેને તાતે આદર દીધો, પેંખ્યો હશે અચંબો. જોજો ૧૮
મુજથી મીઠી વાતો માંડી, તે પણ ધૂર્ત ધમાલ,
... . જોજો. ૧૯

દોહરા.

જો ધૂરત અજાણતે, પ્રાંણે માંડી પ્રીત,
દેખાડી તસ ગાંઠડી, વાત કહી સું હીત. ૧

તુંમ ગુંણ પુત્રી મુખથી, મેં સુણી ઉપજ્યો નેહ,
તે માટે રાખો તમે, મારી ગાંઠડી એહ. ૨
હઠ માંડી તેણે પળે, મુખથી કહે નકાર,
હું પણ અતી આતુર થઇ, હઠ કરી મનોહાર. ૩
એહવે તે ગૃહ આંગણે, આવી ઉભો વિપ્ર,
સ્વસ્તી કલ્યાણ જય, આશિષ દે ત્યાં વિપ્ર ૪
વણીક પ્રમદાને કહે. બ્રાહ્મણ આવ્યો બહાર,
કણ દો આણી હેતથી, ન કરો વીલંબ લગાર. ૫
તંદુલ આખા જોઈને, નારીએ ભરીયો થાલ,
દીધા જઇ બ્રાહ્મણ ભણી, થઈ નિશંક ઉજમાલ. ૬
બ્રાહ્મણ કણ લેઈ વળ્યો, જઇ ઉભો રહ્યો દૂર,
ચિંત્યું કેમ એ વાણીયે, તંદૂલ દીધા ભરપૂર. ૭

રાગ દેશી મોતીડાની

દ્વીજ જાણે એણે કદી ઘરહીજો, પામ્યો નહિ કણ એકથી બીજો.૧
જુઠા હાથે સ્વાન નહિ હાંકે, ગૃહિણી કણ વસંતિ ફોક. ૨
તેણે હાથે કણ કેમ છુટયા, કે શુન્ય થયા હૈયા પુટયા. ૩
એ તો કંઇક જોવા સરીખું, જઈ પાછો એનુ ગૃહ નીરખું,
બ્રાહ્મણ જુવે થઇને ધીરો, મુજને ગૃહમાં બેઠો દીઠો. ૪
વાંડવ[1] પણ તેના માથાનો, કુંવર તમે સહી કરી માનો,
બ્રાહ્મણે મુજને ધૂતવા સારૂ, બુદ્ધિ રચી એક તેણીવારૂ. ૫

---

૧ બ્રાહ્મણ.

ખોસ્યું નીલું તૃણ પાઘડીએ, આવ્યો તેણે ઘર આંગણીયે,
દીન થઇ બોલે દ્વિજ રાજા, સાંભલો વણીક મુકુટ મહારાજા. ૬
હું અપરાધી બ્રાહ્મણ તારો, એક પડયો છે ગૂનો હમારો,
કણ લેવા નીચો થયો જયારે, નીલું તૃણ વળગ્યું શિર ત્યારે. ૭
એ તરણું પાછું લ્યો સંભાળી, કહ્યું ઘણુંએ વલી વલી વારી,
લેઉ કોઈનું નહિ વણ દીધું, એવું પણ મેં મનથી કીધૂ. ૮
આજ લેઉ તૃણ સરીખુ કોનું, કાલે થાય મન લેવા સોનું,
એમ કહી દ્વિજ દેઇ વલીયો, મેં તસ દૃઢ ધર્મિ અટકલીયો.[૧] ૯
ચાલ્યો હું બ્રાહ્મણની સંગે, વાત કરંતો વલી પરસંગે,
બ્રાહ્મણે મુજને ઘેર બેસાડયો, મે પણ તેહને માલ દેખાડયો.૧૦
તેમ એણે ધૂર્ત કલા ત્યાં માંડી, મેં હઠ માંડી લજ્જા છાંડી,
એહવે ત્યાં એક જોગી આવ્યો, ભીક્ષા માટે અલક જગાવ્યો.૧૧
બ્રાહ્મણે ખીર ખાંડ ઘૃત પોલી, દીધો જોગીને બહુ ભરી ઝોલી,
જોગી રીઝ્યો ને સંગી પુંકી, તુરત ઝોલી ગુરૂ આગળ મૂકી.૧૨
ગુરૂ કહે ચેલા કયાંથી લાવ્યો, કોણ મલ્યો તને સંતનીવેલો,
નિત્ય લાવતો માગીને ટુકડા, સો[૨] હોતા લૂખાને સૂખડા.૧૩
જેને ઘરથી ભીક્ષા લાયો, તેને ઘર કો બેઠો સુહા[૩]યો ?
ચેલો કહે તસ ઘરે પરદેશી, બેઠો હતો તે જાણું રૂષિ. ૧૪
ગુરૂ કહે ચેલા જા દોડી, એ પાત્ર ત્યાં નાખો છોડી,
કહે જે તું અમ છે સન્યાસી, નિશ્ચે છે મન જંગલવાસી. ૧૫

---

૧ ધાર્યો, ૨ તે, ૩ દેખ્યો.

લુખી ખાય મૈદાનમાં લોટે, ભમતાં ભમતાં તીરથ ભેટે,
છોડયા માલ મુલ ગૃહવાસા, તન દેખ્યા જલમાંહી પતાસા.૧૬
એવો આહાર જો કરીયે [1]કદાઈ, તોઅમ મનથી રહીયે નાહિ,
એવું ખાધે મદન બહું જાગે, તો જોગીને લાંચ્છન લાગે. ૧૭
માલ પરાયા ખાખ સમાના, જારે જઈને કહેજે દિવાના,
આવ્યો ચેલો તવ દ્વિજ પાસે, આપ બડાઈ કહી ઉલ્લાસે. ૧૮
દેઈ પાક વલ્યો તે પાછો, મેં જોગીને જાણ્યો સાચો,
લેઇ ગાંઠડી મેં લીધો કેડો, ચાલ્યો તુરત ગયો મઠ નેડો. ૧૯
જોગી આગલ ગાંઠડી દાખી, કાંઇક હઠ કરી તેણે રાખી,
હું તો ચાલ્યો ગાંઠડી સુંપી, ઉલચી ગાડી ધૂર્ત રૂપી.-૨૦
મઠ ફેર્યો ચેલાને કાઢયો, વાળ્યા તરૂવર ફેરી વાડો,
જોગી એક આંખે થયો કાણો, માલ મગન થઇ બેઠો પરાણો. ૨૧
કેતે[2] દિવસ હું આવ્યો ફરી, કાણો દીઠો મેં મટ [3]મેહરી,
બેઠો હું જઇ પાયે લાગી, ક્ષણુ એક પછો ગાંઠડી માંગી. ૨૨

દોહરા.

જોગી કહે તું કોણ છે, કોને સૂંપ્યો માલ,
લાકડીયે તાડીશ તને, મઠથી બાહેર ચાલ—૧
મેં તો ખોઇ ગાંઠડી, વાર નહિ કરી તેહ,
તે માટે તમને કુંવર, ધૂરત પૂર કહું તેહ—૨

---

૧ કદી ૨ કેટલાક ૩ ગુરૂ.

વણીક ગયો તે એમ કહી, રત્નપાલ હે તાંમ,
માંગે શીખ નરેન્દ્રથી, વિનય કહી પ્રણામ—૩

ઢાલ ૫મી.

વચન સૂણી એહ વારરે, ચિંતાતુર થયો ચિત્ત,
કહો હવે કેણી પેરે રાખશુંરે, એ હવે આપણો વિત્ત.
પૃણ્ય તણાં ફલ પામીયેરે-૧.
એહવે તીહાં આવીયારે, ઉત્તમ દોય અસવાર,
તે સેવક રાજા તણારે, કુંવરને કરે જુહાર—પૃણ્ય ૨.
કુંવર કહે કેમ આવીયારે, તે કહે સાંભલો શેઠ,
રાજાને રોગ આકરોરે, વેદનાએ દાખે ન[1] દ્દષ્ટ—પૃણ્ય. ૩
વૈદ્ય ઘણા તે આવીયારે, ઔષધ કીધાં અનેક,
રોગ કેમે નહી ઓસરેરે, કોની ન લાગે ટેક—પૃણ્ય. ૪
રાજા કહે રોગ જે [2]ગમેરે, તેને આપુ અર્ધો રાજ,
વલી પરણાવું નિજ સૂતારે, કહે તે વલી કરૂં કાજ—પૃણ્ય ૫
વૈદ્યરાજ એમ બોલીયારે, ટાલું એવો રોગ,
દો ઔષધ મુજને મલેરે, નિશ્ચય રોગ [3]નિરોધ-પુણ્ય ૬
દાડમ ફલના છોતરારે, ધાવડી કેરાં ફુલ,
સઘલા નગરે જોઇયારે, ન મલ્યા દેતાં મૂલ-પુણ્ય ૭

---

૧ જોઇ શકાય નહી, ૨ તેવું મટાડે. ૩ મટવું.

વાહણુ આવ્યાં સાંભલીરે, મોકલ્યા અમને રાજન,
એ ઔષધ હોય તમ કનેરે, તો આપો સાવધાન-પુણ્ય ૮
શેઠે તેની હા ભણીરે, રાજાને વધાઈ દીધ,
મંત્રીશ્વર આવ્યા તીહાંરે, આદર તસ બહું કીધ-પુણ્ય ૯
વહેલા તમે પધારીયેરે, ઔષધ લેઇ સાર,
રત્નપાલ મન ચિંતવેરે, લહિશું લાભ અપાર-પુણ્ય-૧૦

દોહરા.

રત્નપાલ કહે સૂણો, મંત્રીશ્વર મન ચિંત,
સ્થિર ચિંતે બેસો તમે, ઔષધ હોય એકાંત ૧
કીધી મખમલની કોથલી, ઉપર રેશમી દોર,
માહીં ઔષધ દો ભરી, બંધન બાંધ્યા જોર. ૨

ઢાલ. ૬ ઠી.

હાથમાં ઝાલી કોથલી હો, લાલ આવ્યો શ્રી રતનપાલ-મનની.
સુંણુ મહત્તા નૃપ પુણ્યથી હો લાલ ઔષધ જડયો તતકાલ
મનની આશ ફળી ૧
ઔષધ લેઇ કરી હો લાલ, ચાલે મંત્રીશ્વર જોડ-મનની.
વાણોતર સાથે ઘણા હો લાલ, હિંડે [1]મોડામોડ-મનની-૨
ચોટા માંહી હાંસી કરે હો લાલ, હવડાં હરખ અપાર મનની.
ધન ધુતારા લેઈ જશે હો લાલ, તવ કરશે કુત્કાર-મનની.-૩

---

[1] જોડાજોડ.

કુંવર કાંને સાંભલે હો લાલ, મનમાં ચિંતે સુજાણ-મનની.
શ્રી જીનરાજના નાંમથી હો લાલ, હોશે કુશલ કલ્યાણ-મનની-૪
નૃપતિ પાસે આવીયા હો લાલ, કીધો કુંવેર જોહાર-મનની.
આદર દીધો અતી ઘણો હો લાલ, બેઠો સહું પરિવાર-મનની. ૫
ઔષધ કાઢયો ઉતાવલો હો લાલ, કહો તેનો વલી મૂલ-મનની.
એ વાહણ સ્વામિ તમ તણા હો લાલ, મૂલ તણો શો બોલ-મનની ૬
આપી ઔષધ કોથલી હો લાલ, દોયશ જોડી સાર-મનની.
ઔષધ સર્વે મેલી કરી હો લાલ, વૈદ્ય કરે ઉપચાર-મનની. ૭
ઔષધ કરતાં ઉપશમ્યો હો લાલ, રાજાને જે રોગ-મનની.
પુણ્ય થકી થયો પાધરો હો લાલ, સબ મીલીયો સંયોગ-મ. ૮
રાજા અતી હર્ષિત થયો હો લાલ, મન શુધ્ધે દ્યે માન-મ.
તમે યહાં ભલે આવીયા હો લાલ, આપ્યો જીવીત દાન-મ. ૯
રત્નાવતી મહારી સુતા હો લાલ, પરણો ચતુર સુજાણ-મ.
વસ્તું તમારી વેચતાં હો લાલ, કોઇ ન માગે દાંણ,-મ૦ ૧૦
આપ્યા મહેલ અતી મોકળા હો લાલ, ઉતરવાને કાજ-મનની.
કુંવર મનમાંહિ હર્ષિયો હો લાલ, પ્રભુ માહરી રાખી લાજ
મનની. ૧૧
વસ્તુ સર્વે ઘરમાં ભરી હો લાલ, કરે વણજ વ્યાપાર-મનની.
રાજા પાસે નિત્ય રહે હો લાલ, રતનપાલ કુંમાર.-મ૦ ૧૨
ચતુરાઈ દેખી શેઠની હો લાલ, રીઝયો રાય પરિવાર,-મ૦
કલા બોતેર ગુણ નીલો હો લાલ, રૂપે દેવ કુંમાર-મ૦ ૧૩

રત્નાવતી રાયની સુતા હો લાલ, કુંવરનો દેખી રૂપ-મનની.
જાણો પરંણું હું એહને હો લાલ, જો પરણાવો ભૂપ-મ૦ ૧૪
રાય કહે કુંવર પ્રત્યે હો લાલ, હું બોલ્યો એક વચન-મ૦
રોગ શમે જો માંહરો હો લાલ, આપું પુત્રી રતન. મનની.-૧૫
રોગ ગયો તમ ઔષધે હો લાલ, હવે પાલું મુજ વાચ-મ૦
રત્નાવતી પરણો તમે હો લાલ, મનશુદ્ધિ કહું સાચ-મ૦ ૧૬
કુંવર કહે નારી તણો હો લાલ, નિયમ લીધો નિરધાર.-મ૦
જબ લગો ઘેર જાઈશું હો લાલ, તબ લગે પાલવો સાર-મ. ૧૭
નિયમ સુંખે તમે પાલજો હો લાલ, પરણો ચતુર સુજાણુ-મ.
મન પાખે મુખે હા ભણી હો લાલ, કેમ લોપું ઉપકાર-મ. ૧૮
રત્નાવતી રૂપે રૂવડી હો લાલ, જેવી નાગ કુમારી.-મનની
તતક્ષણ જોશી તેડીને હો લાલ, લીધો લગન ઉદાર-મ૦ ૧૯
બીજા ખંડ તણી કહી હો લાલ, છઠી ઢાલ એ સાર-મ૦
સુર કહે આવી મલે હો લાલ, પુણ્યથી વિવિધ પ્રકાર.-મ૦ ૨૦

દોહરા.

જોશી જુકતે જોઇયો, શુભ મૂહુરત શુભ વાર,
શ્રીફલ આપ્યાં સાંમટાં, સંતોષ્યા નરનાર ૧
લગન થાપી લાવો લીધો, નાટકનો ધોંકાર,
ઘરઘર ગુડી ઉછલે, હો રહ્યા થેઈકાર. ૨

વાજીંત્ર વાગે વીગતથી, તાલ કંસાલ પંખાજ,
શરણાઇ ને દરવડી, ગંધર્વ ગાન અવાજ. ૩
નિતનિત રંગ વધામણા, ઓચ્છવનો નહિ પાર,
સજ્જન આઘા તેડીને, પહેરાવે ગલે હાર. ૪
માલણ રૂપે રૂવડી, તોરણ બાંધે બાર,
સભા મંડપ શણગારીયો, ફુલ તણો વિસ્તાર. ૫
મંડપ મહોચ્છવ બેહું ઘરે, પ્રથમ વિવાહ મંડાણ,
શ્રીફલ ફોફલ આપીયાં, મલ્યા તે રાંણો રાંણ. ૬
મદમાતી ને માનુની, ગીત ગાવે જમક જોલ,
ચિત્ત હરણી ચિત્રણી, ઝાઝા કેર બકોર. ૭

ઢાલ ૭ મી.

રત્નાવતી રાય કુંવરી, પરણવાનો છે કોડરે,
જન્મ સફલ હવે હોવશે, પામશે વાંચ્છિત કોડરે. ૧
પ્રથમ પુજા જીનવર તણી, શાંતિક અભિષેક કીજેરે,
ધરમ મંગલ પહેલો સાચરે, મંગલનાં ફલ લીજેરે. ૨
તોરણ બાંધ્યાંરે કનકનાં, માંડવો મોતીડે છાયોરે,
ઉપર ચંદ્રોવા રેશમી, જાણે સ્વર્ગ સોહાયોરે. ૩
રચનારે કીધી રૂખડી, દીવાની દીવાલી દીસેરે,
ચતુર ચાકરતે ચાલવે, જયોતિમાંન વિહિંસેરે ૪
પાટ ઉંપર ભલા પાથર્યા, શેત્રંજી જુમખાંના સારરે,
પાછલ ટકીયારે મૂકીયા, આગલ ઉસીહારરે ૫

માંડવો જોવાને આવતાં, મહાજન લોક અપારરે,
રાજા રાણી વળી રાજવી, દેશ સુખી સીકદારરે. ૬
શ્રીફલ સોપારી અભીનવા, પાનનાં બીડલાં આપેરે,
એમ દિન સાત આગલ થકી, માંડવાની વૃદ્ધિ થાપેરે. ૭
ચતુર વિવેકી તેડાવીયા, સુખડીયા શુદ્ધ જાતરે,
સોધ તણા બહુ પીરસે, પકવાન વ્યંજન ભાતરે. ૮
તાયફા સકલ તેડાવીયા, સોનાર સુતાર સોયરે,
સેમુખ નરપતિ ઉચરે, રહે જ્યો તત્પર હોયરે. ૯
લગ્ન દિવસ જબ આવીયો હર્ષ તણો નહિ પારરે,
શાંતિક માંડવા વિચમાં, હોમ કીધો હીતકારરે. ૧૦
જ્ઞાતિના લોક ને વરઘડીયાં, જમવાને તુરત આવ્યારે,
વરઘોડે વહેલા પધારજો, સહુકો વચન સૂણાયારે. ૧૧
ઘર ઘર કહેવાને મોકલ્યા, સાંભલે સજ થઈ આવોરે,
પ્રજાપતિ[1] કામ પહેલોજી, વાંસણ ગાવતા લાવેરે. ૧૨
મંગલ ગાવતી માનુની, માંટડી મંદિર આણેરે,
પીઠિરે ચોલેરે પદમણી, બાઇનો પુણ્ય વખાણેરે. ૧૩
ચતુર ચંપાના કુલમાં, કીરણાંરે સુંદર આણાંરે,
અમર કલિ મોંઘા મોગરા, કેશરીયા સખી જાણોરે. ૧૪
પુલેકાં આમાં સામાંજી, જામાતા[2] હલદીય પીસેરે,
ફરી જાયે ઘેર આપણે, આનંદ બેઉ ઘેર દીસેરે. ૧૫

---

૧ કુંભાર, ૨ જમાઇ.

નાહી ધોઇ પહેરાવેરે, વરકન્યા શણગારેરે,
પુખણુંરે ભલી ભાતસું, ગરેણાંનો નહિ પારરે. ૧૬
ઢલકતી ચંડાલે ચઢીયારે, પરણવા રતનકુમારરે,
વરનો ઘોડો વર્ણવું, તો થાય વાર અપારરે. ૧૭
ઘોડા હાથીને પાલખી, વ્હેલનો પાર ન પામુરે.
સાંબેલા સહુએ સંતરા, એકથી એક વખાણુરે. ૧૮
મેઘાડંબર છત્રથી, વરને સહુ કેઇ જાણેરે,
મહાજન ચાલે મલપતા, આગલ ભાટ વખાણેરે. ૧૯
નાટક નાચેરે નવનવા, નાટકીયાં દોઇ હારરે,
વાડીરે બાગ બનાવીયા, પાત્ર તણા પરિવારરે. ૨૦
એમ સહુ શહેર ફરી કરી, વરરાજા તોરણ આવ્યારે,
સારા કટારીરે માંગતાં, કેશર છાંટવા આવ્યારે. ૨૧
ધૂશલ મૂશલ ત્રાકસૂં, પોંખવા સાસુજી આવેરે,
નાક તાણી વર નીરખીયો, રૂપે તે ઇંદ્ર હરાવેરે. ૨૨
સાસુજી નાક તાણતાં, જાનૈયા જુક્તે છોડાવેરે,
આરણ કારણ સહુ કર્યા, જોશી હાથ જોડાવેરે. ૨૩
જો વર માંહે સંચર્યા, અંતર પટસૂં આવેરે,
સાવધાન દ્વિજ ઉચ્ચરે, થાલીના શબ્દ સૂણાવેરે. ૨૪
મંગલાચરણ ભણી કરી, સમય તે એકની વારરે,
સમય થયે કર મેલ્યો, સહુ બોલે જય જયકારરે. ૨૫
વર કન્યા મુખ જોવાને. માનવી મોટારે આવેરે,
ગીત ગાવે ગુણ ગોરડી, ગોરડી લાજ ન આણેરે. ૨૬

બ્રાહ્મણ વેદ ભણે ભલા, હોઈ રહ્યો કણુકારરે,
અગ્નિ શાખ ઘૃત હોમીયો, હાપાનો કરતાં વિચારરે. ૨૭
ડાબી પાસે વર રાખીને, કન્યાને ગોત્ર પુછાવેરે,
બાજઠ ઉંપર બેઠીયા, દીઠતાં આનંદ પાવેરે. ૨૮
પહેલો મંગલ વરતીયો, હજી છે અકન કુમારીરે,
બીજેરે મંગલ બાપની, બેટડી રાજ કુમારીરે. ૨૯
ત્રીજેરે મંગલ વરતીયો, હજી છે મામાની ભાણેજરે,
ચોથોરે મંગલ વરતીયો, ગઈરે પીયુ કેરે ગોત્ર. ૩૦
રત્નકુમાર રત્નાવતી, કંસાર ખાતાં હસીયારે,
જમણે પાસે વર રાજીયો, ડાબે કન્યા મન વસીયારે. ૩૧
મંગલ ચારે વરતીયા, વરત્યો જય જયકારરે,
આશાબંધ સંતોષિયા, પહલાનો કીધો વિચારરે. ૩૨
સામો સામી ગાવે ગીતડી, ગાવે તે નારી નારીરે,
એક કહે વર વારૂ છે, કન્યા તે કાંઈ હરાવેરે. ૩૩
બીજી તે બડબડ બોલીએ, વર છે દેહનો કાલોરે,
અમારી રત્નાવતી રૂવડી, રૂપ તણો છે આલોરે. ૩૪
એણીપેરે ગીત વિવાહનો, નાહનો પાર ન પાયારે,
તે સહુ સુજને આવડે, ગ્રંથ વધે તે ન ગાયારે. ૩૫
કન્યાદાન દીપે ઘણું, બાપને હર્ષ અપારરે,
કનક જડાવના આપીયા, ઘરેણાનો નહિ પારરે. ૩૬

મદ ઝરતા ગજ આપીયા, અંબાડી સહિત અનાંમરે,
હણુહણુતા હય[1] આપીયા, જાત છે જુંજુંયા નામરે. ૩૭
એણીપેરે આપી પહેરામણી, કોણ જાણે કેટલું માનરે,
જાચક જન સંતોષીયા, મોટાના મોટાં માનરે. ૩૮
માણેક મોતી આપીયા, આપીઆ રત્ન ભંડારરે,
કુલ હક બાપે તે આપીઆ, સજ્યાની જુક્તિ અપારરે. ૩૯
સહું કોને આપો પહેરામણી, જાનૈયા સહુ જશ ગાવેરે,
દીધા તણી દેવલ ચઢે, કૃપણુ તે કાંઈ પોમાવેરે. ૪૦
સહુકેરો જગડો ચુકવીને, સાજન આજ્ઞા દીધીરે,
તિલક કેર વિપ્ર વેદના, પાન સોપારી લીધીરે. ૪૧
પાંચમી ઢાલ પૂરી થઇ, વિવાહની રીતી વખાણીરે,
સુર કહે બીજા ખંડની, નામજ અભીનવી વાંણીરે. ૪૨

દોહરા.

કુંવર ચિંતે ચિત્તમાં, જે મેં પરણી નાર,
કરમે લાવણુ ધન હોયે, એ મારો નિરધાર.
શેઠે આપી ચાલતાં, મુંહમદી મોંઘી જેહ,
ઔષધ લીધો તેહનો, સાજી થઇ નૃપ દેહ.
શેઠ તણો વલી એહમાં, કોઇ લાગે નહિં ભાગ,
નારી રત્ન લક્ષ્મી ઘણી, પામી તે મુંજ ભાગ.
કુંવર કહે કરીયે નહિ, કૃપણુતણો વિશ્વાસ,
કોણુ જાણે કેણીપેરે, કરશે ન્યાય તપાસ.

---

૧. ઘોડા.

ઢાલ ૬ ઠી.

ન્યાય કરશે કેવી પ્રકાર રે, તે તો જ્ઞાની નર અવધાર રે,
હવડાં નારી પીહર મૂકું રે, શીલવૃતથી કહીં નવ ચૂકું રે—૧
એકવાર કુશલ ઘેર પહોંચીયેરે, શેઠ સાથે લેખો સમજીયે,
સહુસ્ત્ર દીનારનો ખત વલાવુંરે, લક્ષ્મી શેઠને ભળાવું રે—૨
પછી તાત તણુા ગેહરે, સમરાવું તત્ક્ષણુ તેહ રે,
વલતો નારીનો કરશું આણો, ભરીને જશું બહુ કરીયાણો—૩
એવો મનમાહીં કીધો વિચાર, કરે બહુલા વણુજ વ્યાપાર,
હતી તેટલી વસ્તુ આણી, તેટલી વેચી અવસર જાણી—૪
વસ્તુ બહોળી પાછી લીધી, વાહણુની ભરતી કીધી રે, .
પછી આવ્યો રાયને પાસરે, બોલે કુંવર મન ઉલ્લાસ રે—૫
સ્વામિ જો તમે દો મુજ આણુારે, તો કીજે હવે જલદી પ્રીયાણુારે[1]
રાય કહે શુભ મુહૂરત લીજેરે, પહેલો પુત્રીને મોકલ્યાનો કીજેરે—૬
વલતો કુંવર બોલે ફરી રે, સુણુો રાજા તમે વિનતી મેરીરે,
હવડાં પુત્રી તમ તણે ગેહરે, રાખો સ્વામિ આપણે ગેહરે,—૭
વલતો રાજા ફરી જંપેરે, એણી વાતે હઇડા કંપેરે,
દીધો જબથી જમણો હાથરે, તબથી નારીને પ્રીયનો સાથરે—૮
નારી ન રહે પ્રીયથી અલગીરે, વેલ રહે જેમ તરૂવર વળગીરે,
એવી વાત દાખી અનેકરે, પણુ નહી માને કુંવર એકેરે—૯

---

૧ પ્રયાણુ.

થોડા દીનમાં સૂણો મહારાજરે, આણે આવશું ભલો કરી સાજરે,
મા કહેશો ફરી તમે એ વાતરે, તેડી જાવા તમારો આણુરે-૧૦
રાજા અતે ઉરમાં જાઇરે, ભાખી વાત જે ફરી જમાઇરે,
આંખે આંસુ નાંખે રાણીરે, સાંભલી નૃપતી કેરી વાણીરે-૧૧
રાય રાણી મોકલે પ્રધાન રે, હતાજે અતી ચતુર સુજાણરે
સમજાવે જઇ રતનપાલરે, તેડી જાઓ અબલા બાલરે-૧૨
સાસુ જઇ કહે વલી છાનીરે, તોય કુંવર કહ્યો નહીં માનેરે,
સુખ વાંચ્છોજો મારી દેહરે, તોએ વાતમા કહે શો તેહરે,-૧૩
મુજ મનડો છે તમારે પાસરે, થોડા દીનમાં અવશુંરે,
રાય અને બોલે રાણીરે, સૂણ પુત્રી તું ગુણ ખાણીરે-૧૪
સમજાવ્યો અમે બહુલી ભાતરે, વાત ન માની તારા કંથેરે,
પુત્રી દેશે તમને છેહરે[1], જાય જમાઈ આપણે ગેહરે-૧૫
કહે કુંવરી એ જુઠી વાતરે, સહુ સાંભલો માતને તાતરે,
એ પરદેશી મુજ ભરતારરે, ન લે ફરી વલતી સંભાળરે-૧૬
પરણે જઈ દુજી નારરે, મજને મુકે પીયર વિસારીરે,
હાથ મેલાવો થયો સંબંધરે, નહીં એહથી નેહ પ્રતીબંધરે-૧૭
હું જાઉ સહી પ્રીયને સાથરે, અલગી ન રહું નર નાથરે,
બીજા ખંડની છઠી ઢાલરે, સુર બોલે રંગ રસાલરે-૧૮

દોહરા.

રત્નાવતી કર જોડીને, કહે સુણો મહારાય.
પ્રયી સાથે જઇશું અમે, કહીશું કરી ઉપાય. ૧

---

૧ વીયોગ.

ચીંતાતુર થઇ રહ્યા, નારી અને નરેન્દ્ર,
એ હવે એકજ આવીયો, સિદ્ધ પુરૂષ જોગેન્દ્ર. ૨
ચિંતા કારણ પૂછીયો, સઘલો ભાખ્યો ભેદ,
એક આપી તેણે મુલીકા, અંગે ધરી ઉમેદ. ૩
એહ મુલીના પ્રસાદથી. નારી હોય નરરૂપ,
વાંચ્છિત વસ્તુ આવી મલે, હરખ્યો મનમાં ભૂપ,

ઢાલ ૭મી.

કુંવરી કહે સુણો તાતજી, આપો પુરૂષનો વેશરે,
રૂપ કરી રાઉલ[1] તણો, પ્રીયતમ સાથે ચાલીશરે,
કુવરીયે બુદ્ધિ કેલવી ૧
કુવરીયે બુદ્ધિ કેલવી, રૂપવંત ગુણ ગેહરે,
ચતુર માણસ તેહ જાણીયે, અવસર ઓળખે જેહરે, કુવરીયે ૨
પાસે રાખે જ્યારે જડી, ત્યારે થાય નરરૂપરે,
અળગી મૂકે દીલથી, નારી થાય અનૂપરે કુવરીયે ૩
મુખમલની ટોપી કરી, ઉપર નવીનવી ભાતરે,
માણેક મોતી બહુ જડ્યાં, લાલ લીલમની જાતરે-કુંવરીયે ૪
અંગે પહેર્યાં અતિ ભલા, પંચવરણી સૂવિશાલરે,
અતલસ કેરા સુથણો[2], જોગવટો[3] ચૌશાલ રે-કુંવરીયે ૫

---

૧ વૈરાગી, ૨ પાટલુન, ૩ ભગવી પીછોડી.

કાને કુંડલ સોનાતણાં, કંઠે મોતીની માલરે,
હાથે વેંઢા હેમના, જનોઈ જપ માલરે-કુંવરીયે ૬
રત્ન જડીત સોનાતણાં, ઘરેણાં પોતાનાં જેહરે,
નવનવ ભાતની કંચૂકી, કુંકુંમ કાજલ તેહરે-કુંવરીયે ૭
મેંદી ટીલી હીંગલુંક, પહેરણના પટકુલ રે,
તે સંઘલા પેટીમાં[1] ધર્યા, જેહના બહુલા મૂલરે-કુંવરીયે. ૮
તાલું દીધું તેહને, સઘલો ભર્યો માંહે સંચરે,
રાજા રાણી ખુશી થયાં, ભલો રચ્યો પ્રપંચરે-કુંવરીયે. ૯
રત્નપાલ કુંવર તણો, ઉત્સુક મન થયો સાર રે,
ઘેર જઇએ ઉતાવલા, રાખીયે વ્યવહાર રે-કુંવરીયે ૧૦
લહેણા દેણા ચૂકવી, વસ્તુ ભરીને ઝહાજ રે,
કુંવર આવ્યો ઉતાવળો, શીખ દીયો મહારાજરે-કુંવરીયે ૧૧
નયણે આંસુ નાંખતો, એમ બોલે રાજન રે,
તમ ગુણ કેમે ન વિસરૂં, દીધું જીવીત દાનરે-કુંવરીયે ૧૨
તમથી બાંધી પ્રીતડી, જેમ મછલી જલધારરે,
સજ્જન વહેલા આવજો, અમ હઈડાંના હારરે-કુંવરીયે ૧૩
આંખે અશ્રુ સહુ કો ચલે, રાય રાણી પરિવાર રે,
પહેરામણી સઘલી કરી, આપે દ્રવ્ય અપારરે-કુંવરીયે ૧૪
ચાલણ વેલા જબ થઈ, તવ બોલે રાજન્ રે,
રાઉલ એ અમ ઘરતણો, સાથે લ્યો દેઈ માનરે-કુંવરીયે ૧૫

---

૧ પેટી.

એ બેટા બેટી સરીખો, રાઉલ છે ગુણવંતરે,
રાગ છત્રીસ આલપે, વિણા બજાવે તંતરે-કુંવરીયે ૧૬
અમ-પુત્રી આણું સંભારશો, [1]ત્રેવડજ્યો અમ બાલરે,
જ્યાં લગી તમે ઇહાં આવશો, ત્યાં લગી રહેશે પાસરે-કુંવરીયે ૧૭
તમે પરદેશી વાણીયા, શો તમારો વિશ્વાસરે,
જ્યાં સજ્જન ત્યાં વલ્લભા, જ્યાં લગી નયણ હજુરરે-કુંવરીયે ૧૮
ભલા ભલેરા વિસરે, નયણે વસે જબ દૂરરે,
ભલામણો દીધી ઘણી, રાઉલ અતી સુકુમાલરે-કુંવરીયે. ૧૯
ભકિત જુકિત કરજો ઘણી, ત્રેવડ[2]જો અમ બાલરે,
કુંવર કહે કર જોડીને, વિનતી સુણો મહારાયરે-કુંવરીયે. ૨૦
લાજ લક્ષ્મી વાધે ઘણી, તે તો તમસુ[3] પસા[4]યરે,
એહની ચિંતામતી[5] કરો, એ રાઉલ ગુણવંતરે-કુંવરીયે. ૨૧
અધીકો ગણીશું જીવથી, પછી જાણે ભગવંતરે,
રાઉલપેટી લેઇ કરી, મૂકો વાહણ માંયરે-કુંવરીયે. ૨૨
શીખામણ માતા દીયે, આણ મ લોપશો નાંહરે,
કાગલ વહેલા મૂકજો, મલી સકલ પરિવારરે-કુંવરીયે. ૨૩
માતા પિતા રોવે ઘણાં, મલીશું કહો કેણીવારરે,
કુંવર સાથે ચાલીયા, બેઠા જીહાં ઝહાજરે-કુંવરીયે. ૨૪
નયણે નીર નાખે ઘણાં, જાણે તુટયો મોતીહારરે,
પરદેશી સજ્જન હોયે, તેહશું કારમો સ્નેહરે-કુંવરીયે. ૨૫

---

૧ તેડજો, ૨ રાખજો. ૩ તમારો. ૪ પ્રસાદથી. ૫ નહી.

બીજ તણા જત્કારજો[૧] ક્ષણમાં હાચે છેહરે,
વાહણ તીહાંથી ચાલીયાં, વાગ્યાં ઢોલ નીશાનરે—કુંવરીયે. ૨૬
નાંગલ નાંખ્યાં નાખૂ[૨]યે, સઢ તાણ્યાં કરી પ્રાણરે,
રાય રાણી ઝુરે ઘણું, જબ લગે આથમ્યો સુરરે—કુંવરી. ૨૭

તબ લગે તીહાં ઉભા રહ્યા, વાહણ ગયાં જબ દૂરરે,
પ્રજા સહુકો વિનવે, વલી વિનવે પ્રધાનરે—કુંવરીયે. ૨૮
જે પરદેશી પ્રાહુંણા[૩], તે રાખ્યા ન રહે રાજરે,
રાત પડી રવિ આથમ્યો, આવ્યા મહેલ મજારરે—કુંવરીયે. ૨૯

રત્નાવતી વિના રાયને, સુનો લાગે સંસારરે,
કેટલા દિન રાણી રાયને, નયણે ન આવે નીંદરે—કુંવરીયે, ૩૦
ભોજન પણ ભાવે નહિ, મોટો મોહની ફંદરે,
ક્ષણ એક મનથી ન વિસરે, રત્નાવતી રત્નપાલરે—કુંવરીયે. ૩૧
સુર કહે બીજા ખંડની, સુંદર સાતમી ઢાલરે,
રૂડી રીતે ભણી ભાવથી, જય જય રંગ રસાલરે—કુંવરીયે. ૩૨

વાહણ ચલાવે વેગથી, વાયે વાય[૪] સુવાય,
અલીપ વિઘ્ન અલગાં કરે, તે સબ પુણ્ય પસાય—૧

રતનપાલ રાઉલ પ્રત્યે, દે આદર અપાર.
વાણોતર સહુને કહે, કો મત લોપો કાર[૫]—૨
રાઉલ ચતુર સુંજાણ છે, મોટો મહાગુંણી લાલ,

---

૧ પ્રકાશ ૨ ખલાસીઓ. ૩ મેમાન. ૪ પવન, ૫ આણ.

કુંવર દેખી તસ રૂપકે, કિં[1] પ્રીતિ ગાઢી બની લાલ—
પુણ્ય કર્મ શું શું ના કરે-૧
કબહી ગાવે ગીતકે, સુબેઠા રંગમેં હો લાલ,
કબહી બજાવે વેણુકે, સજ્જન સંગમાં હો લાલ-પુણ્ય કર્મ ૨
કબહી વખાણે શ્લોકકે, ઉત્તમ સુંદર હો લાલ,
રાઉલ મોઠી વાંણીકે, મોહે પુરંદર હો લાલ-પુણ્ય કર્મ. ૩
જાણે ભલા ષટ્ રાગકે, છત્રીસ રાગણી હો લાલ,
મોહ્યા સઘલા લોકકે, વારણુના ધણી હો લાલ-પુણ્ય કર્મ. ૪
ગાહા ગુહા ગીત ભેદ કે, સઘલા લેહ હો લાલ.
નહી રાઉલમાં ગુમાનકે, પૂછે સબ કહે હો લાલ-પુણ્ય કર્મ. ૫
ધનધન રાઉલ એહકે, એવી ચાતુરી હો લાલ,
જોબન વયે લીધો વેશકે, નહીં કામાતુર હો લાલ-પુણ્ય કર્મ. ૬
નયણે દાખે નેહકે, કુંવર મોહી રહ્યો હો લાલ,
જે પોતાનો સ્વરૂપકે, તેપણ નહી કહ્યો હો લાલ-પુણ્ય કર્મ ૭
ભલે આવ્યા પરદેશકે, મનોરથ ફલ્યા સહું લાલ,
ઉઠો શ્રી જગદીશકે, જો તમે મુજ મલ્યા લાલ-પુણ્ય કર્મ. ૮
કુંવર કહે સંજોગકે, મીઠી તમ ગોઠડી હો લાલ,
રાઉલ માનજો શુદ્ધ કે, નહીં વાત જુઠી હો લાલ-પુણ્ય કર્મ ૯
રાઉલ કહે સુણો રાજકે, મહારી વિનતી હો લાલ,
અમે વૈરાગી લોકકે, જુઠું ન કહું હો લાલ-પુણ્ય કર્મ ૧૦

---

૧ તેથી,

વિસર્યાં માયને તાતકે તમે મલ્યા પછી લાલ,
તમ મુખ નીરખી નેણુકે[1], થયો હું લાલચી હો લાલ-પુ. કર્મ ૧૧
એવી કરંતાં ગોઠકે વારીધિ[2], ઉતર્યાં હો લાલ,
અનુક્રમે આવ્યા શેઠકે, નીજપૂર પાસે હો લાલ-પુણ્ય કર્મ ૧૨
દીઠાં વૃક્ષ વન ખંડકે, ઉંચા માળીયાં હો લાલ,
હર્ષ્યો ચિત્તે કુંમારકે, ભય સર્વે ટાળીયો હો લાલ-પુણ્ય કર્મ. ૧૩
સેવક મહેલે તત્કાલ કે, દેઈ વધામણી હો લાલ,
કુશલ આવ્યાં ઝહાજકે, લક્ષ્મી લેઈ ઘણી હો લાલ-પુણ્ય કર્મ. ૧૪
દીધી વધાઇ જઈ મુમનકે, સજ્જ થયો હો લાલ,
સામો આવ્યો પરિવારકે, દેખી આનંદ ભયો લાલ.
પૂણ્ય કર્મ. ૧૫
ઝહાજથી ઉતરી કુમારકે, મલ્યા મનરળી હો લાલ,
પૂછે કુશલ ને ક્ષેમકે, કુંવરને વળી વળી લાલ-પૂણ્ય કર્મ. ૧૬
કુંવર કહે પૂણ્ય પસાયકે, કુશલ આવ્યા હો લાલ,
ન થયો કંઇપણુ જંજાલકે, ધન બહુ લાવ્યો હો લાલ.
પૂણ્ય કર્મ૦ ૧૭
કુંવર રાઉલ સંજોડકે, હીંડે મલપતા હો લાલ,
દેખી કુંવરનો તેજ કે, કહે લોક ધનપતી હો લાલ-પૂણ્ય કર્મ. ૧૮
આવ્યા મંદિર માંહીકે, રાઉલ કર ધરીહો લાલ,
કૃપણુ જાણે એ કોણુ કે, જુવે ફરી ફરી હો લાલ-પૂણ્ય કર્મ. ૧૯

૧ આંખો, ૨ સમુદ્ર.

એ વેશધારી કોણ સાથ કે, રહે તમ પાસે હો લાલ,
એ છે અમારો મિત્ર કે, રાગ રંગ સહુ લહે લાલ–પુણ્ય કર્મ. ૨૦
કૃપણ ચિંતે મન માંહિકે, એ ધન આપણો હો લાલ,
વિલસ્યો દીસે અપારકે, સમજાયે એહ તણો લાલ-પુણ્ય કર્મ. ૨૧
ભોજન થયું અબ ત્યારકે, ઉઠો નારી કહે હો લાલ,
રાઉલ મિત્રને કાજકે, કુંવર બાંહ્ય ગૃહે હો લાલ-પુણ્ય કર્મ. ૨૨
બેઠા શેઠ કુમારકે, જોડે દો જણુ હો લાલ,
રાઉલ બેઠો એક પાસકે, થાલ લેઈ આપણો હો લાલ.
પુણ્ય કર્મ૦ ૨૩
નારી પીરસ્યાં પકવાનકે, મેવા નવાનવા હો લાલ,
કુંવર જોઈ રહ્યો તાંમકે, ન માંડે જમવા હો લાલ,
પુણ્ય કર્મ૦ ૨૪
શેઠ કહે સૂણો, વત્સકે, કાં બેસી રહ્યા હો લાલ,
કુંવર કહે સૂણો મિત્રકે, ભોજન નહીં લહ્યા હો લાલ.
પુણ્ય કર્મ૦ ૨૫
મેં કીધો છે નીમકે, પહેલો ભોજન તણો લાલ,
એમ કહી ભોજન તતકાલકે, મુકે આપણો હો લાલ.
પુણ્ય કર્મ૦ ૨૬
કુંવરને કૃપણની નારકે, ભોજન પીરસે હો લાલ,
મુખનો દેખી વાં[1]નકે, મનમાં અટકલી હો લાલ.
પુણ્ય કર્મ૦ ૨૭

---

૧ રૂપ.

હું નહીં પીઉં નીરકે, હુવે આ ઘર મહીઓ હો લાલ,
માત તાત નીજ વાત કે, મિત્ર આગળ કરી હો લાલ,
પુણ્ય કર્મ ૨૮

શંઉ઼ઓ કહે સૂણો રાજ કે, ચિંતા મત કરો હો લાલ,
નામુ લખું એહ સાથકે, સ્વામિ પહેલું કરો હો લાલ—પુ. કર્મ. ૨૯
હોશે આનંદ મંડ કે પુણ્ય પ્રતાપથી હો લાલ,
મત રહો પારકાધીનકે, કૃપણ સરો નથી હો લાલ—પુ. કર્મ ૩૦
પાંચ લોકની શાખ કે, ધન દેઇ એહોનો હો લાલ,
પછીજાઓ આપણે ગેહકે, પાડ ન એહનો હો લાલ,—પુ. કર્મ ૩૧
એવો કીધો [1]આલોચકે, એકાંતે બેઉં જણે લાલ,
કુંવર થયો [2]ઉજમાલકે, જવા ઘેર આપણે હો લાલ—પુ. કર્મ ૩૨
બીજા ખંડની ઢાલકે, કહીએ આઠમી હો લાલ,
સૂર કહે ભલી વાત કે, ચાતુરી મન ગમી હો લાલ—પુ. કર્મ. ૩૩

દોહરા.

ભોજન કરીને ઉઠીયા, ખાધા ફોફલપાન,
કુંવર કહે કર જોડીને, શેઠ થયો સાવધાન—૧
પંચ લોક તેડાવીને, જઇએ વાહણ જેહ,
નાંમાં લેખાં કીજીયે, પછી બેસજો એહ—૨
મહાજનને તેડી કરી, પહોંચ્યા વાહણ પાસ,
વસ્તુ મૂલ સબે કરી, ઉતરાવે ઉલ્હાસ—૩

---

૧ સમજાવ્યો, ૨ ઉતાવલો.

એક લાખ આપ્યો હતો, તેહના થયા ત્રણ લાખ,
રાજા પ્રજા સહુ કહે, ધન્ય કુંવર ગુણ રાખ—૪
કુંવર પ્રશંસા સહું કરે, તાલપુરે નગર મઝાર,
જીન દત્ત કુલ દીપાવીયો, રત્નપાલ કુંમાર—૫

ઢાલ ૯ મી.

નામાં લેખાં સર્વે કીધાંરે, રંગથી રતનપાલ,
ખત કઢાવ્યું તાતનું રે, તેહની કીધી વલી બાલ
સૌભાગી તમેસો ભલોરે-૧

એક મુહમુંદી મુજનેરે, ચાલતાં દીધી સાર,
તેહનો લાભ કો તણોરે, તે કહો તમે નીરધાર—સૌભાગી ૨

સહું કહે વલી તેહમાંરે, શેઠ તણો નહી ભાગ,
તેહ થકી જે તમે લહ્યારે, તેહ તમારારે ભાગ-સૌભાગી ૩
ઓષધ લીધું તેહનુંરે, ગયો રાજાનો રોગ,
પુત્રી પરણાવી મુજનેરે, સહું કો જાણે લોક—સૌભાગી ૪

કરમેલાવણ ધન દીયોરે, સઘલો મુકયો દાણ,
તે ધન નારી તેહનીરે, વહે સહુ કો વાંણ—સૌભાગી. ૫
કર જોડી કુંવર કહેરે, શેઠ સૂણો અરદાસ,
આજ્ઞા હોય જે તમ તણીરે, તો જાઉં તાત આવાસ—સૌભાગી. ૬

---

૧ લગ્ન કરવું તે.

શેઠ કહે ઘર તમ તણુંરે, કાંવરસં જુદો થાય,
કુંવર કહે સુખીયા થયારે, તેતો તુંમસુ પ્રતાપ-સૌભાગી. ૭
હવે ઉત્કંઠા અતી ઘણીરે, જાવા તાતને ગેહ,
રાખ્યા કોઇના ન રહેરે, મોટા માણુસ [1]મેહ-સૌભાગી. ૮
પાયે લાગી શેઠનેરે, રાઉલને લેઇ સાથ,
પેટી લેઈ રાઉલ તણીરે, વલી પોતાની [2]આથ-સૌભાગી. ૯
ઘર ઉઘાડયું તાતનુંરે, રૂડી વેલા રત્નપાલ,
બાર વરસને અંતરેરે, કીધી ઘર સંભાલ-સૌભાગી. ૧૦
કુંવર કલાવંત દેખીનેરે, મલવા આવ્યો પરિવાર,
ભોજન ભક્તિ ઘણી કરેરે, આપે વસ્તુ અપાર-સૌભાગી. ૧૧
ધન હોયતો સજ્જન ઘણારે, ધન વિના નહી કોઈ [3]મિત,
એટલા દિન લગી નહી કહ્યુંરે, આપણુ સગપણ હોય-સૌભાગી. ૧૨
કારીગર તેડાવીનેરે, સમરાવે નીજ ગેહ,
લહેણુંયાત આવી જીકેરે, ખત લઇને જેહ-સૌભાગી. ૧૩
ધન ગણી આપે તેહનેરે, વ્યાજ સહીત તતકાલ,
નામ વધારે તાતનુંરે, ખરચે ધન રત્નપાલ-સૌભાગી. ૧૪
એક પાડોશી અતી ભલોરે, કહે સાંભલ તું કુમાર,
માતા પિતા ગયાં તાહરાંરે, દક્ષિણ દેશ મઝાર-સૌભાગી. ૧૫
કુંવર મનમાં ચિંતવેરે, ધિક્ ધિક્ મુજ અવતાર,
માતપિતા પરદેશમાંરે, નહિં કોઈ સમાચાર-સૌભાગી. ૧૬

---

૧ વરસાદ, ૨ દ્રવ્ય, ૩ મિત્ર.

એકવાર માવિતરનેરે, નયણે દેખું નીરધાર,
નહીંતર એ શા કામનારે, તન ધન જીવીત સાર–સોભાગી–૧૭
ચિંતાતુર મુખ દેખીનેરે, કહે રાઉલ સૂણો સ્વામ,
કાં દીસો એવા તમોરે, ચિતડું નહિ દીસે ઠામ[1]–સોભાગી–૧૮
કુંવર કહે ચિંતા કેવીરે, જો તમ સરખા પાસ,
દો ચિંતા મુજને એવીરે, તે થકી રહ્યો ઉદાસ–સોભાગી–૧૯
એક માવતર પરદેશમાંરે, બીજી પરદેશે નાર,
કહો સુખ કેણી પેરે પામીયેરે, કેમ રહે મનડું ઠામ–સોભાગી–૨૦
એકવાર કહું તમનેરે, લાવો નહિં દુઃખ લવલેશ,
માવીતર શોધ કરવા ભણીરે, હું ચાલું પરદેશ–સોભાગી–૨૧
હું જઈ આવું જેટલેરે, તમે રહેજો એણે ઠામ,
રાઉલ કહે તમે ઘર રહોરે, એહ અમારો કાંમ–સોભાગી–૨૨
જુઓ ધીરજ રાઉલ તણીરે, જુઓ બુદ્ધિ પ્રપંચ,
નવમી ઢાલ પૂરી થઈરે, સુર કહે આવી સંચ–સોભાગી–૨૩

દોહરા.

કુંવર કહે તમ મત કહો, તમને શો પરદેશ,
તમે અમારા પ્રા[2]હુણા, વલી તમે બાલે વેશ—૧
બાલ નહીં રાઉલ કહે, અમે અવધૂત અતીત,
ચાર ખંડમાં અમ તણી, સહુ રાખે પર[3]તીત—૨

---

૧ ઠેકાણે, ૨ મેમાન, ૩ વિશ્વાસ,

માતા પિતા જે તમ તણાં, જોતાં મળશે જામ,
તેડી આવીશ તત્ક્ષણ, એ સહી કરશું કામ—૩
કુંવર કહે મુકું નહી, એકલડા પરદેશ,
આપણ દો જણ ચાલશું, સુખ દુઃખ સાથે રહીશ—૪
રાઉલ કહે સ્વામિ સુણો, મુંજ પગ બંધ ન હોય,
અમ અતીત વનમાં વસે, ભય નહિં ઉપજે કોય—૫
રાઉલ સમ[1] દેઇ આકરા, કુંવરને રાખ્યો ગેહ,
વીણા સાજ લેઇ કરી, ચાલણ[2] લાગ્યો તેહ—૬

ઢાલ ૧૦ મી.

રાઉલ ઘરથી નીકળ્યો, ધરી મન સાહસ ધીર,
કુંવર સંપ્રે[3]ડણ ચાલીયો, નયણે નાખતો નીર.
વૈરાગી દીસે રૂવડો—૧

જોરજો કહી જાઓ છો તમે, એ જુકતુ[4] નહિં કામ,
જો સાંભલશે સાસરે, તો મારી જાસે સામ-વૈરાગી. ૧

દીવસ નીગમશું કેણી પેરે, તમ વિરહ ન ખમાય,
તમથી બાંધી પ્રીતડી, મન એક જુદી કાય-વૈરાગી. ૩

કુંવર કહે એક મુજને, હતો તમ આધાર,
હવે રહેવું એકલું, કોણ જાણે કેટલી વાર—વૈરાગી. ૪

૧ સોગંદ, ૨ ચાલવા, ૩ સાથે, ૪ સારૂં.

જબ લગી તમે નહિ આવસો, તબ લગી વસ્તી [1]રાન,
નયણે ન આવશે નીંદડી, સ્વાદે ન ભાવશે ધાન–વૈરાગી. ૫
સાચું મન શુદ્ધે કહો, આવશો કેટલે માસ,
થોડા દિનમાં આવશું, ઘણા તો ખટ માસ–વૈરાગી. ૬
કુંવર કહે ધન્ય તમ પિતા, ધન્ય માતા તમ વંશ,
એક જીભે ગુણ કેમ કહું, તમે કુલના અવતંસ–વૈરાગી. ૭
આગલ પણ એવા થયા, રામ મિત્રને કાજ,
હનુંમત થઇને આગલે, લેવડાવ્યું લંકાનું રાજ–વૈરાગી. ૮
પવનંજય દુઃખ ટાલવા, અંજના આણી મિત્ર,
ખીર નીર તેણી પેરે, ઉત્તમ એહજ રીત–વૈરાગી. ૯
પર ઉપકારને કારણે, જગમાં વરસે મેહ,
તેમ મુજ દુઃખ ટાલવા, ચાલ્યા તમે ધરી [2]નેહ વૈરાગી. ૧૦
એવી કરતા [3]ગોઠડી, આવ્યા નગરથી દૂર,
રાઉલ કહે ઉભા રહો, તમને થાય [4]અસૂર–વૈરાગી. ૧૧
રાઉલ જઈ ઉભો રહ્યો, કંઠ ધરી રહ્યો બાંહ,
એક આંબાના છાંયડે, ઉભા રહો તમે સાર–વૈરાગી. ૧૨
શિખામણ દેઈ ઘણી, આપે દ્રવ્ય અપાર,
રાઉલજી મત ચાલશો, એકલા સાંજ સવાર. વૈરાગી. ૧૩
રાઉલ જ્યાંથી ચાલીયો, વિણા માલા લેઇ હાથ,
કુંવર રૂવે આક્રંદ કરે, કો નહિં વલતો સાથ. વૈરાગી. ૧૪

---

૧ જંગલ. ૨ સ્નેહ. ૩ વાત. ૪ મોડું.

રાઉલને ઉંચો થઇ, નીરખે વારંવાર,
આડાં વૃક્ષ જણ આવીયા, તબ વલી કરે પુત્કાર. વૈરાગી. ૧૫
રાત પડી દિન આથમ્યો, કુંવર આવ્યો નિજ ગેહ,
વિશ્વાસે મુખ પુરીયો, નયણે વરસે મેહ. વૈરાગી. ૧૬
ચાર પહોર ચાર જુગ દીસે, નયણે નીંદ્ર હરામ,
પળે પળે તે સાંભલે, વલી કરે ગુંણુ ગ્રાંમ. વૈરાગી. ૧૭
વિસાર્યો નહીં વિસરે, સજ્જન વસ્યા જે ચિત્ત,
સ્વપ્ન માંહી આવી મલે, મન મોહન જે [1]મિત્ત. વૈરાગી. ૧૮
ભોજન મંજન નહિ કરે, નહિ સૂજે વ્યાપાર,
ગીત ગાન તે નહિં રૂચે, નહિં રૂચે સાર શૃંગાર. વૈરાગી. ૧૯
દક્ષિણ દેશને મારગે, પંથી આવે જેહ,
કહો રાઉલ તમને મલ્યો, કાલી છે જસ[2] દેહ વૈરાગી. ૨૦
લોક કહે લાખો મલ્યા, ભોગી જોગી વલી વેશ,
કાગલ કોઇ નહિ દીધો, નહિ કહ્યો સંદેશ. વૈરાગી. ૨૧
પાછો આવે નિજ ઘરે, એમ ગમાવે કાલ,
સુર કહે બીજા ખંડની, એ તો દશમી ઢાલ. વૈરાગી. ૨૨

દોહરા.

રાઉલ ત્યાંથી ચાલીયો, અદ્‌ભુત પહેરી વેશ,
વાડી વનખંડ જોવતો, નવ નવ નગરની વેશ—૧

---

૧ મિત્ર. ૨ જેની.

ગામ માંહી જાઇ કરી, પૂછે ચોક મજાર,
ઇશિ કોઇ જીનદત્ત છે, ભાનુમતી ભરથાર—૨
લોક કહે જીનદત્તને, નામે શેઠ અનેક,
તેને જઇ પૂછે વલી, વારૂ ધરી વિવેક—૩
કહો તમને કેટલા થયા, રહેતાં વરસ ને માસ,
તે કહે જન્મ ઇંહાં થયો, ત્યારે થાય નીરાશ—૪
ગામ નગરે જોતો થકો, પૂછતો વળી નામ,
શ્રી પુર નગરે આવીયો, રાઉલ નાંમે નામ—૫

ઢાલ ૧૧ મી.

શ્રીપુર નગર માંહી ગયો, તાપસજી અતી સુકુમાલ,
વિણા બજાવે સોના તણી, ગાવે વલી ગીત રસાલ;
ભલે આવ્યા હો રાઉલ-રાંમજી—૧
જીનદત્ત નામે વ્યવહારીયો, ભાનુંમતી તસ નાર,
જીનદત્ત નામ છે ઘણાં, કોણ કહે તુને વારંવાર—ભલે. ૨
ઇહાં આવ્યા છે પરદેશથી, વરસ થયાં વલી બાર,
એહવે એક બોલ્યો વાણીયો, સૂણો તાપસ સુવિચાર-ભલે. ૩
જીનદત્ત પુર જે વસાવીયું, કરે કાઠીનો રોજગાર,
બાર વરસ તેહને થયાં, ભાનુંમતી તસ નાર—ભલે. ૪
પૂછીને ગયો પાધરો, જઇ ઉભો જીનદત્ત બ્હાર,
ગીત ગાવે મધુરે સ્વરે, વીણા બજાવે સાર—ભલે ૫.

ભાનુમતી ભોજન લઈ, કહે કાઢો તપસી ઠામ[1],
રાઉલ કહે મુજ ખપ નથી, ભીક્ષાનુ નહિ મુજ કામ—ભલે ૬.
શું કારણ ઉભા લગો, જોવા દુનીયાનો તમાસ,
ગીત ગાવું મનની ખૂશી, કોઈની કરૂં નહિ આશ—ભલે ૭.
કહો તમે ક્યાંથી આવીયા, બોલે અમૃત વાંણ,
તાલપુર નગરથી આવીયા, જોતા નવા નવા ઠામ—ભલે ૮.
ભાનુમતી નાખે બેસણું, આવીને બેઠી પાસ,
ઇહાં તમે કેમ પધારીયા, છોડે થયા કેતા માસ—ભલે. ૯
તીહાં કોઇને તમે ઓળખો, તે કહો મુને સઘલી વાત,
આજે ઇહાં અમે આવીયા, જાણું સઘલો અવદાત[2]—ભલે. ૧૦
પુણ્યપાલ રાજા ત્યાં વસે. માંહરો ચોક વલી વાસ,
લોક સહુ સુખીયા વસે, મને થયા ત્રણ માસ—ભલે. ૧૧
સુમન શેઠ તીહાં વસે, ધનવંત માંહી સરદાર,
રત્નપાલ સુત તેહનો, ઓળખો કહો સમાચાર—ભલે. ૧૨
સુમનનો સુત જે કહ્યો, તે તો મારે જીવન પ્રાણ,
રાત દિવસ રહીયે એકઠા, નહિં લોપું તેની આણ—ભલે. ૧૩
વાહણ જઇને આવીયા, ઉપજાવી દ્રવ્ય અનેક,
તેહ થકી અલગા થયા, રાખી નિજ તાતની ટેક—ભલે. ૧૪
તાતને ઘેર આવી રહ્યા, દાંણી ગણ સઘલો દીધ,
ઘર સમરાવ્યાં આપણાં, જશ વલી તસ પ્રસિદ્ધ—ભલે. ૧૫

---

૧ વાસણ. ૨ વૃતાંત.

બાર વરસે પામીયા, પુત્રનો કુશલ ક્ષેમ,
હુ[1]ઇડો ભરાઈ આવીયો, વધ્યો પુત્રનો પ્રેમ—ભલે. ૧૬
તાપસ કહે તમે કાં રડો, તેહુથી કેમ લાગ્યો મન,
ભાનુમતી રડતી કહે, મારો તે પુત્ર રતન—ભલે. ૧૭
તાપસ મનમાં હરખીયો, સિધ્યાં મન વાંચ્છિત,
રાત દિવસ જે ઢુંઢતો, તે તે મળ્યા ઠામો ઠામ—ભલે. ૧૮
તાપસ કર ઝાલી કરી, હુઈડાથી ભીડે તેહ,
ફરી ફરી પૂછે વાતડી-પુત્રનો ધરતી નેહ—ભલે. ૧૯
ગ્યારમી ઢાલ બીજા ખંડની, સુતનો લહ્યો સમાચાર,
સુર કહે બહુ સુખ થયું, વર્ત્યો જય જયકાર—ભલે. ૨૦

દોહરા.

એહવે જીનદત્ત આવીયો, માથે કાઠી ભાર;
કુહાડો એક કોરે, નાખ્યો નિજ ઘરબાર—૧
રાઉલ ઈંધણ ઓળખ્યું, ચંદન કેરૂં એહ,
ખેડ[1] એક કાપી કરી, માંગી લીધું તેહ—૨
કાઠી વેચી આવીયો, શેઠ આપણે ગેહ,
આપે પીયુને વધામણી, ભાનુમતી સુસ્નેહ—૩
બાર વરસની વાતડી, પુત્ર તણી હતી જેહ,
તે સઘળી રાઉલ કહી, રોમાંચી સુખકાર—૪

---

૧ કકડો.

ઢાલ ૧૨ મી.

નારી વચન સુણી મન હરખે, રાઉલ નયણે નીરખેરે,
તત્ક્ષણ આવી બેસે પાસે, હૃદય કમલ બહુ વિકસેરે.
રાઉલ બોલે મીઠી વાણી—૧
રાઉલ બોલે મીઠી વાણી, સાકર દ્રાક્ષ સમાનીરે,
પુત્ર તણી સાચી સહનાણી, સઘલી વાત પીછાણીરે–રાઉલ. ૨
શેઠ કહે ઉઠો ભોજન વેલા, આપણ જમીયે ભેલારે,
તાપસ કહે અમે ભોજન કીધો, શેઠ કહે લ્યો સીધુરે–રાઉલ. ૩
તાપસ કહે આજ નહિં બંધાણા, જમો તમે ચતુર સુજાણરે,
શેઠ કહે સુણો તમે વૈરાગી, તમથી પ્રીતિ બહુ લાગીરે–રાઉલ. ૪
જેટલા દિન રહો નગરી માંહી, મત જાઓ બીજે ઠાંણેરે,
તાપસ કહે તમે જો મલીયા, મનના મનોરથ ફલીયારે–રાઉલ. ૫
રાગ આલાપે કરે અંગચાળા, હાથમાં મોતીનો માલારે,
વીણા બજાવે સોવન કેરી, લોકો સર્વે આવેરે–રાઉલ. ૭
ભાવ દેખાવે અંગને લટકે, તાન કરે મુખને મટકેરે,
રાઉલ જુવે સઘલી શેરી, નગર શોભા અધીકેરીરે–રાઉલ. ૮
લોક રંજીને આપે દાન, ન લે તેમ ચહાયરે,
લોક કીરતી સઘલા ઇમ બોલે, નહિં કો રાઉલ તોલેરે–રાઉલ. ૯
લોક કહે એ દેવ સ્વરૂપી, સાચી અમૃત કુંપીરે,
ઇચ્છા ભોજન કરે એકવાર, ઉત્તમ પાલે આચારરે.–રાઉલ ૧૦

---

૧ કકડો.

જીનદત્ત પુરમાં સુવા વેલા, આવે પોતાની મેળેરે,
રાતે રાગ કરે અતી જીણુા, લોક આવે રાગ લી[1]નારે-રા. ૧૧
જન સઘલાને લાગે પ્યારો, રાઉલ મોહનગારોરે,
શેઠ શેઠાણી બેસવાને, રાઉંલને એકાંતરે-રાઉલ. ૧૨
શેઠ કાઠી [2]જીણી વેલા આણે, રાઉલ ઉભો પીછાણેરે,
કહો શેઠજી[3]મોલી કોણુ લેવે, દામ [4]કેતા તમને દેવેરે.-રા. ૧૩
પ્રથમ દિનથી મલ્યો વ્યવહારીયો, ઉપર વાડે લે ભારીરે,
પૈસા આગલથી મુજને આપે, ખરચ અમારો ચાલેરે-રા. ૧૪
રાઉલે જાણ્યું વણીક ધૂતારો, લે ચંદનનો ભારોરે,
કાઠી ભેલા ચંદનના ખંડ, ધૂત્યો સસરો માંડી પાખંડરે-રા. ૧૫
કોઇ ઉપાય [5]નવલો કીજે, પોતાનુ ચંદન લીજેરે,
પરોઢે ઉઠી નગરમાં જાયે, રાગથી વીણા બજાવેરે-રાઉલ. ૧૬
આખા નગરમાં હુંઇ પ્રશંસા, તપસ્વી મોટા તમાસારે,
શ્રીપુર નગર તણો જે રાય, તાપે પીડાણી કાયારે-રાઉંલ ૧૭
ઔષધ વેષધ કરે ઉપચાર, રોગ ન છાંડે લગારરે,
જોગી જંગમ વૈદ્યને તેડે, આપુ વાંછીત જે રોગ ફેડેરે-રા. ૧૮
રાઉલ કીર્તિ રાજા આગે, મંત્રી બોલે મહાભાગરે,
રાય કહે તેડી આવો તેહ, ગુણવંત આપણે ગેહરે-રાઉલ. ૧૯
ચોક માંહી બેઠો સોભાગી, કહે મંત્રી પાયે લાગીરે,
એ નગરીનો રાજા જેહ, વિનતી કરી તેડે તેહરે-રાઉલ. ૨૦

---

૧ એક ચિત્ત. ૨ જે. ૩ ભારી. ૪ કેટલા. ૫ નવીન.

શું કરવું છે મલી રાજાને, હવડાં બેઠા છીયે ધ્યાનરે,
કહે પ્રધાન રાજા છે રોગી, તમો મોટા છો જોગીરે—રાઉલ. ૨૧
તમે નિર્લોભી છો ઉપકારી, માનો વિનંતિ હમારીરે,
તુમ દર્શનથી રાય રોગ જાશે, જશ તમારો થાશેરે.—રા. ૨૨
ઘણા આગ્રહથી રાયને પાસે, રાઉલ પહોંચ્યો હુલ્લાસરે,
બીજા ખંડની બારમી ઢાલ, કહે સૂર રંગ રસાલરે—રાઉલ. ૨૩

દોહરા.

સિંહાસન બેસણુ [1]ઠવ્યો, રાય કરે પ્રણામ,
તુમ દર્શનથી માહરો, હોશે વાંચ્છિત કામ—૧
રાય કહે રોગે કરી, ક્ષીણ થઇ મુજ દેહ,
ઔષધ વેસડ બહુ કીધાં, કેમે ન આવ્યો છેહ—૨
લોક તણા મુખે સાંભલ્યા, તમ ગુંણ તણો નહિ પાર,
આજ અમે પાવન થયા, તુમ દર્શનથી સાર—૩

ઢાલ ૧૩ મી.

તાપસ બેઠો સ્થીર થઇ, રાય તણો કર ઝાલીરે,
નાડી જોઈને એમ કહે, પીત તણા ઘર ચાલીરે,
રાઉલ દેખી રાજા મોહ્યો—૧
રાઉલ દેખી રાજા મોહ્યો, કહે ધન્ય તમ ચતુરાઈરે,
વય થોડી ને ગુંણ ઘણા, એવડી બુદ્ધિ ક્યાં પાઈરે—રાઉલ. ૨

---

૧ બેઠો.

તાપસ કહે સુણો રાજવી, દાહ જવર તમ રોગરે,
લંઘન કરતાં વાધશે, કરો શીતલતા [3]જોગોરે—રાઉલ. ૩
બાવન ચંદન આણીને, અંગ વિલેપન કીજેરે,
રોગ જશે સહી એહથી, હલકુ ભોજન કીજેરે—રાઉલ. ૪
ભંડાર માંહી જઇને જોયું, ચંદન ખંડ ન કોઇરે,
નગર માંહી સઘલે પૂછયું, હોય છતાં નહિ માનેરે—રાઉલ. ૫
નગર ઢંઢેરો ફેરીયો, ચંદન જોય નૃપ કાજેરે,
ઓષધ સારૂ જે લેશે, તેહને રાજા [1]નીવાજેરે—રાઉલ. ૬
સકલ નગર ભમી કરી, સેવક પાછા આવેરે,
ચંદન સ્વામિ નહિ જડયું, રાજા બહુ દુઃખ પાવેરે—રા. ૭
તાપસ કહે દુઃખ મતી કરે, ચંદન લેઇ હું આવુંરે,
રોગ કાઢી રાજા તાહરો, પછી [2]દૂજે ઠામે જાઉંરે—રાઉલ. ૮
જીનદત્તપુર માંહી જઈ, ચંદન ઝોલીથી કાઢીરે,
તત્ક્ષણ રાય પાસે આવી, રાય માની સવે આંટીરે—રાઉલ. ૯
ચંદન ઘસીને ચોપડયું, નવકાર ઉજણી દીધીરે,
થોડીવારમાં રાય તણી, દેહી [3]નેકી કીધીરે—રાઉલ. ૧૦
રાય કહે તાપસ પ્રત્યે, તમે મોટા ઉપકારીરે,
રાજ રીદ્ધિ એ તમ તણી, મુંજ જીવન દાતારરે—રાઉલ. ૧૧
માંગો તાપસ જે મન ગમતું, હય ગજ બહુલા દામરે,
રાઉલ કહે મુજ ખપ નથી, ઉપકારનુ મુંજ કામરે—રા. ૧૨

---

૧ ખૂશી કરશે. ૨ બીજે. ૩ ચોકખી.

રાય ઘણી વિનતી કરતો, અમ સરખું કામ દીજેરે,
અવસર દેખીને માંગશું, થાપણ વર રાખીજેરે—રાઉલ. ૧૩
રાઉલ નીર્લોભી ખરો, સહુકો કીરતી બોલેરે,
જગમાંહી જોયા ઘણું, નહિકો નીર્લોભી તોલેરે—રાઉલ. ૧૪
તાપસ ત્યાંથી ઉઠીયો, પહોંચ્યો નગર મઝારરે,
નવનવા કૌતુક દેખતો, આવ્યો ધનદત્ત બારરે—રાઉલ. ૧૫
રાગ આલાપે વિણા બજાવે, મધુરે સ્વરે ગીત ગાવેરે,
ધનદત્ત શેઠ તણી ગૃહીણી, ભોજન લેઈ આવેરે—રાઉલ. ૧૬
માથું ધૂણે તવ પાછી જાય, પઇસા આપું આણીરે,
રે તાપસ તું કાંઇ ન લેવે, નારી બોલે મીઠી મીઠી વાંણીરે–રાઉલ ૧૭
કહો તાપસ કહો કેણે કારણે, કાંઈ ન લીયો અમારૂંરે,
તાપસ કહે મુને કાંઇ ન ખપે, રાય ઘર લેશે તમારૂંરે—રાઉલ.૧૮
રાયને રોગ હતો દાહ જવર, તમે નહિ ચંદન દીધુંરે,
દૂશમને આવી ચુગલી કીધી, ધૂતી ચંદન લીધુંરે—રાઉલ. ૧૯
રાયને કોપ ચડયો અતી મોટો, પ્રાતઃસમયે ઘર જાશેરે,
તે ધન લૂટી લેશે તમારૂં, ચંદન ઘેરમાં હોશેરે—રાઉલ. ૨૦
વાત સૂણી મેં રાયની પાસે, હું આવ્યો તવ દોડીરે.
મેં ભાખ્યું ઉપકારને કારણે, એક ન લેઉં કોડીરે—રાઉલ. ૨૧
બુદ્ધિ કરીને રીદ્ધિ સસરાની, વણીક ધૂતીને લીધીરે,
પાછી વાલવા કેરે કારણે, રચના રૂડી વાધીરે—રાઉલ. ૨૨
બીજા ખંડની એ બોલી, ઢાલ તેરમી સારરે,
સુર કહે તમે સૂણજો ભવીયણ, પૂણ્યથી જય જયકારરે–રાઉલ. ૨૩

દોહરા.

રાઉલ કહીને જબ ગયો, તત્ક્ષણ નારી તેહ,
ઘર તેડાવીને કહે, પ્રીય સૂણજો સુસ્નેહ—૧
આપણ ઘરમાં જે ઘણું, ચંદન ભરીયું તેહ,
સર્વે દુશ્મને દાખીયું, રાય આગલે જઇ તેહ—૨
પ્રાતઃ સમય ઘર ખોલશે, રાય રાણા પરધાંન,
ઉપકારી તાપસે કહ્યું, પ્રીય થાઓ સાવધાન—૩
ધન જીવીત રહેવા તણો, પ્રીતમ કરો ઉપાય,
ચંદન કાઢો ઘર થકી, જેમ નહિ રૂઠે રાય—૪

ઢાલ ૧૪ મી.

શેઠ કહે તમે સાંભલો નારી, રાઉલ એ ઉપકારીરે,
રાય તણો વલી રોગ ગમાયો, તેણે કરી જશ પાયોરે—૧
તત્ક્ષણ ધનદત્ત ઘરમાંહી, આવ્યા ચંદન ભારા બંધાયારે,
શેઠ ભય કરી થરથર ધ્રૂજે, રવિ આથમ્યો કાન સૂજેરે—૨
નરનારી મલી ભારા ઉપાડે, નાખી દે ઉપર વાડેરે,
સરવે મલીને દૂર નાખે, ખંડ એક ઘરમાં ન રાખેરે—૩
ઘર સઘલે છાંટે તે પાણી, વલી લીંપે છાણ માટીરે,
શેઠે કાષ્ટ અન્યાયે લીધો, કાજ એક નહિ સિધ્યોરે—૪
ચંદન નાખ્યું જે વલી રાતે, દેખ્યું રાઉલ તે પ્રભાતેરે,
રાઉલના મનોરથ ફળીયા, ચંદન બૂદ્ધિથી વલીયાંરે—૫

પુરમાંહી લીજે વલી લોક, તેડે રાઉલ થોકે થોકેરે,
મારે મઠી કરવાને કાજે, કાષ્ટ આપો મહારાજારે—૬
ઉઠો ભાઇ એટલુ કામ, આણી નાખો એણે ઠામેરે,
આણી ભરીયો જીનદત્ત ગેહ, રાઉલની રોમાંચી દેહરે—૭
રાયની પાસે રાઉલ જાવે, સામો આવી શીશ નમાવેરે,
આવો રાઉલ જીવન ઉપકારી, અમ જીવીતના દાતારીરે—૮
કહો રાઉલજી જે કોઇ કામ, જોઈએ તે માંગો દામરે,
રાઉલ કહે હવે અમે ચાલશું, સરજ્યું હશે ત્યારે મલશુંરે—૯
એકજ છે વલી મહારે કાજ, કીધુ જોઇએ તે મહારાજરે,
મઠ કરવાને કાષ્ટજ લીધું, મલીયું પણ સબ[1] સીધુંરે—૧૦
તે તો શકટ[2] રાંહે ભરાવો, તાલપુર નગર પહોંચાવોરે,
કોટવાલને આજ્ઞા દીધી, સઘલી સજાઇ કીધીરે—૧૧
ભીમો પોલ ભલી પેરે આવે, ગણેશ પટેલ સુખ પાવેરે,
મંગળ પટેલ ને ધનજી પુત્ર, વહેલ બળદ ભલો સુત્રરે—૧૨
ખેમજી ભાઈ ખેડુ વારૂ, નાનો રૂપો સુવિચારૂરે,
સકટ સર્વે તે કાષ્ટે ભરીયા, તાલપુર ભણી સંચરિયારે—૧૩
ભાનુમતિ ને જીનદત્ત પાસે, શીખ માગે રામ ઉલ્લાસરે,
કાંઇ તમે સુતને કહાવોજી, તાલપુર અમારે જાવુંરે—૧૪
દોય જણ કહે આવું તમ સાથે, જો તેડી જાઓ ગ્રહી હાથેરે,
રાહુલ કહે એ ઢીલ ન કીજે, ભાર શકટમાં ભરીએરે—૧૫

---

૧ બધું. ૨ ગાડું.

તમારી સાથે અમારી પ્રીતિ, તેહ જાઓ રૂડી રીતેરે,
શેઠ પુરમાંહે શીખ માગી, અમે ચાલીશુ સાથે વેરાગીરે—૧૬
લોક થાયે સહુ દીલગીર, નયણે નાંખે વલી નીરરે,
લોક કહે સુખે તમે રહેજો, પહોંચ્યાનો કાગળ દેજોરે—૧૭
પુરતણા સહુ સજ્જન મલીયા, શેઠ પહોંચાવી પાછા વલીયારે,
તાપસ જાય નૃપને ગેહ, સામો આવે તત્ક્ષણ તેહરે—૧૮
કામ સકલ અમારાં સીધ્યાં, શકટ ચાલતાં કીધાંરે,
રાહુલ કહે જો તમે ઘો આણ, તો અમે કરીએ પ્રયાણરે—૧૯
સંપ્રેડન[1] આવે રાય, તાપસને લાગે પાયરે,
રાય સેવક સઘળાંને તેડી, જે મુકે રાહુલ કેડેરે—૨૦
એ તાપસની આજ્ઞા ધરજો, કહ્યું સબે એહનું કીજયોરે,
ખરચજો બહુલાં મારાં દામ, પહોંચાવજો પુર ઠામરે—૨૧
શીખ માગી નૃપનિજ ઘેર જાએ, રાહુલજી સાથમાં આવેરે,
શકટ એકમાં રૂડા ઠામે, બેસાડે દોય જણ તેમાંરે—૨૨
શેઠ કહે સુણો રાહુલ રામ, તમથી અમ સીધ્યાં કામરે,
કાંઇ ઘરડાંની સેવા કરશું, તો કહે રાઉલ તારશુંરે—૨૩
શેઠ કહે છો ગુણવંતા તમે, ભોગ જોગે મલ્યો સત્સંગરે,
દિન દિન વલી વધતો પ્રેમ, ઘેર આવે કુશલ ક્ષેમરે—૨૪

....

બીજા ખંડની ચૌદમી ઢાલ, સુર કહે તત્કાલરે—૨૫

---

૧ સાથે.

દોહરા.

તાલપુર નગર ઢુકડાં, આવ્યાં રાઉલ જામ[1],
આનંદ અંગે ઉપન્યો, સીધ્યાં સઘલાં કામ—૧
રાઉલ મનમાં હરખીયો, સીધ્યાં વાંચ્છિત કામ,
સાસુ સસરા મુજને મળ્યાં, મલીયાં બહુલાં દામ—૨
રાઉલે ધન ખર્ચી લીધાં, વારૂ વસ્ત્ર અનેક,
આવે તે આગ્રહ કરી, વારૂ ધરિ વિવેક—૩
શેઠ કહે લેશું નહિ, એહ વસ્ત્ર અભિરામ,
રાઉલ કહે પહેરો સુખે, તમ સુત દેશે દામ—૪
ભોજન ભકિત કરે ઘણી, ક્ષણ ક્ષણ કરે સંભાલ,
ભાનુમતિ કહે પ્રિયને, રાઉલ મોટો દયાલ—૫
સેવક હોતા રાયના, શકટ ઘણી વલી જેહ,
દાન દેઈ સંતોષીઆ, કબહી ન આવે છેહ—૬
મારગ માંહે ચાલતાં, આવે જેપૂર ગામ,
રાઉલ તેને રીઝવે, વિણા કલા અભિરામ—૭
જેમ જેમ જાયે ઢુંકડા, તેમ તેમ પ્રગટે નેહ,
પંખ હોય તો ઉડી મલું, ક્ષણ ન ખમું વળી છેહ—૮
બીજો ખંડ પુરો થયો, દુઃખ ગયાં સહુ દૂર,
શુર કહે મેં એ કહી, ભકિત ભાવ ભરપુર—૯

---

૧ જ્યારે.

ત્રીજો ખંડ.

દોહરા.

શુભમતિ આપો શારદા, પ્રણમું તમારા પાય,
હવે ત્રીજો ખંડ બોલશું, સદગુરૂ તણે પસાય—૧
ખીર ખાંડ હોય મલ્યા, પણ ઘૃત વિન નહિ સ્વાદ,
ત્રીજો ખંડ બોલ્યા વિના, નહિ ઉપજશે આલ્હાદ—૨
રત્નપાલ રજની સમે, ચિંતે ચિત્ત મઝાર,
પંચ માસ પુરા થયા, દિવસ સતાવીસ સાર—૩
ખટ માસે આવે ખરો, કહ્યો હતો નિરધાર,
થોડા દિન થાકે ઘણા, શુધ્ધ નહિ સમાચાર—૪

ઢાલ.

દક્ષિણ દેશ પન્થિ નિહાલેરે, આવી બેસે વાટ વિચાલેરે,
નયણે વહે આંસુ ધારરે, સંભારે વારે વારેરે—૧
રાઉલને શુદ્ધ કોઈ ભાખે, તે મુજ જીવિત રાખેરે,
પંથિ સઘલાંને પુછે વાત, કોઇ જાણે રાઉલ અવદાતરે—૨
નાનડલો અતિસે સુકુમાલ, વળી વીણા બજાવે રસાલરે,
દક્ષિણથી આવ્યા ભાઇ, કયાં દીઠો મુજ [1]સખાઇરે—૩
પંથિ કહે કોણ તે જાણે, દીઠા વિના કોણ પીછાનેરે,
પ્રાહુણાને પરદેશ મૂંક્યો, તે તો હું સઘલો ચૂકયોરે—૪
વાઘ સર્પ ચોર વિકરાલ, રખે કોઇ દેત સફાલરે,
નયણે દેખું એકવાર, અલગો ન મૂકુ લગારરે—૫

---

૧ મિત્ર.

રાન માંહે એકલો બાળ, તેની કોણ કરે સંભાલ રે,
મેં બુધ્ધી કીધી ખોટી, ચિંતા પડી હવે મોટીરે.—૬
જો કુશલે રાઉલ ન આવે, તો મુજ જીવવું ધિક ધિકરે,
રાઉલ જો કુશલે આઉં, તો દાન દેઉં અતિ મોટાંરે.—૭
ભવિષ્ય વેત્તા જોશી જે મલે, કુંવર તેડી તેને પૂછેરે,
કુશલે આવે રાઉલ રામ, આપું તેને બહુલાં દામરે.—૮
જોષી કહે હુકડા આવ્યા, એહવા લગન કહેવાય રે,
એવાં વચન સુણી મન હર્ષે, દક્ષિણ દેશ મારગ નિરખેરે.—૯
અન્ન પાન ને નિન્દ નિવારી, આવો રાઉલજી હિતકારી,
માત તાત તે અણુદિઠા, આધાં ફલ લાગે મીઠાંરે.–૧૦
સસરા વિચ હું થયો ખૂનિ, રાઉલ વિન સેરી સૂનીરે,
રાઉલ આવ્યાની વધાઇ, આપે તે મારો ભાઇરે.–૧૧
નયણે બહુ નાંખે નીર, પાડોશી કહે ધરો ધીર રે,
ખટ માસ પુરા થયા જે હવે, રાઉલ આવ્યા તે હવેરે.–૧૨
ઉઠીને સામો મલીઓ, દુઃખ વિરહતણો સબ ટલિયોરે,
માત તાતને તેડી આવ્યો, કુંવરજી અતિ સુખ પાયોરે.–૧૩
વાડીમાં ગાડાં ઉતારી, આગલથી આવ્યો હું વહેવારીરે,
વહેલા થઇ સામા જાવો, ક્ષણ એક ખોટી મા થાવોરે–૧૪
સજ્જન સહુને તેડાવે, આડંબર સઘલો સાથેરે,
ત્રીજા ખંડની ઢાલ એ પહેલી, સુર કહે પુરી થઇ વહેલીરે–૧૫

દોહરા.

આવે ગીત સોહામણાં, વાજીંત્ર વાજે અનેક,
રાગ આલાપે રંગસુ, વારૂ ધરિ વિવેક—૧

માત પિતા મળવા ભણી, પહોંચ્યા બાગ મઝાર,
રત્નપાલ રંગે કરી, પાય લાગે વારંવાર—૨
પુત્ર રિદ્ધી દેખી કરી, આનંદ અંગ ન માય
હરખ થયો તેણે સમે, મુજથી કહ્યો ન જાય—૩

ઢાલ ૨ ૭.

જીનદત્ત શેઠ હરખિયો, દેખી દેખી કુંવર દેદાર,
પુરવ પુણ્ય પશાયથી, કુલ દીપક હોય સરદાર–હૈડો હરખે પુરિયો-૧
હૈયડો હરખે પુરિયો, દુઃખ નાઠાં સઘલાં દૂર,
મનના મથોરથ સહુ ફળ્યા, વળી હોય જય મંગલ નૂર-હૈડો. ૨
કુંવરને તેડી કરી, બેસાડે માતા ઉછંગ,
હેડે ભીડે હેતથી, જુવે નયણે ધરી રંગ–હૈડો. ૩
કુંવર કહે ધન્ય એ ઘડી, આજે તુઠયો મુને ભગવંત.
માતા પિતા દરશન લહ્યો, પુગી મનડાની આશ–હૈડો. ૪
વારૂ વસ્ત્ર પહેરાવીઆ, ઘરેણું પહેરાવે વલી સાર,
કુટુંબ સહુ આવી મલ્યો, પરવરિયો પુઠે પરિવાર-હૈડો. ૫
સુખાશન બેસાડીને, વાજે વલી વાજીંત્રના કોડ,
મંગલ ગાવે ગોરડી, ચાલે વહેવારીઆની જોડ–હૈડો. ૬
કીધાં કેસરનાં છાંટણાં, ઉડાડે લાલ ગુલાલ,
પેસારો[1] સઘલો કીઓ, જાચકને દે બહુલાં દામ–હૈડો. ૭

---

૧ ઓચ્છવ.

માત પિતા ઘરે આવિયાં, મહાજન આપે ફોફલ પાન,
ઘર શણગાર્યું સુંદરૂં, બહુ વાધ્યું કુંવરનું માન–હેડો. ૮
ત્રીજા ખંડ તણી કહી, ઢાલ ત્રીજી આણી મનરંગ,
સુર કહે તમે સાંભલો, પુત્ર માવિત્ર બેઠાં એક રંગ-હેડો. ૯

દોહરા.

સજ્જન સહુએ ઘર ગયા, માત પિતા એકાન્ત,
રત્નપાલને રંગથી, પૂછે સહુ વૃત્તાંત—૧
ભણ્યા ગણ્યા વાહણુ ચઢયા, જુદા થયા વલી જેહ,
જન્મ થકી માંડી કહી, સઘલી વાત સુસ્નેહ—૨
માત પિતા પૂછે તદા, પુત્ર કહો તમે વાત,
પુરણ્યા કે હવે પરણુશો, એહ કહો અવદાત—૩

ઢાલ ૩ જી.

દેઇ વધામણી અવસર જાણી, રાઉલ રંગે રેલો,
તંનનો વેષ ન મૂકે ચતુર ન ચૂકે, સજ્જન સંગે રેલો—૧
ઘરમાંહે જાવે વેષ બનાવે પેટી ખોલે રેલો,
જડી મૂકે દૂરે હરખ ન પૂરે, નહિ કોઈનીરે તોલે—૨
શેરી વેણી સંભારી ભૂંવર કાલી એસી[1] દીપે રેલો,
વલી અનુપમ કલી અતિ બહુ મૂલી, તિલવટી દીસે રેલો-૩
આંખડી અણીઆલી ભ્રકુટી કાલી, અતિ સુકોમાલી રેલો,
પહેરયા કનક વેશર અતિ મનોહર, અધર પ્રવાલાં રેલો—૪

---

૧ એવી.

કાને દો કુંડલ રવિ શશિ મંડલ તેજ તપતાં રેલો,
કંઠે મોતી માલા ઝમક જમાલા સોભંતાં બહુ રેલો—૫
કંચુકી અતિ રૂડી અંગ શુ ભીડી પહેરી લંકાલી રેલો,
બાંહે બેરખા વીરાજે અતિશે વિરાજે શોવન ચુડી રેલો—૬
ચુંદડી અતિ સારી સેજ સફારી અંગલડી ઝીણી રેલો,
કટિ લંક વિરાજે કેશરી લાજે મેખલા પહેરી રેલો—૭

નાભિમંડલ સુંદર માહે પુરંદર જંગા જેસી રંભા,
પાયે નેપુર ખલકે તેજે ઝલકે વેછીઆ વિરાજે રેલો—૮.
પહેરણુ પટોલો અતિ બહુ મોલી ચુંદડી ઓઢી રેલો,
ગજ ગામીની ગોરી કામંદિરીની ચતુર ચકોરી રેલો—૯
માય પુછે જેવે વહુ વરતે હવે, સાસુ પાયે લાગે રેલો,
એ કોણુ છે નારી વહુ તમારી, હું રાજકુમારી રેલો—૧૦

રત્નપાલ વિચારે નારી કેવારે જલદી ઉલંગી રેલો,
રાઉલ નહિ દેખે ચહુ દિશી પેખે જોવે ઘર માંહે રેલો—૧૧
ઘરમાં જોઇ જ્યારે દેખે ત્યારે, કંથા વિના રેલો,
કુંવર હળવળિયો શંસય પડિયો રાઉલ નહિ દેખે રેલો—૧૨
વહુ પર તવ બોલી ગુંગટ ખોલી નાથજી ઈહાં આવો રેલો,
પીયુડા સુણજો રેલો.
રાઉલ વેશ લીધો મુજ તાતે દીધો સાથે તમારે મેલી રેલો—૧૩
આજ અવસર દેખી મનમાં હરખી નારી વેશ લીધો રેલો,
સહુ અચરજ પાવે બહુ સુખ પાવે, ચાતુરી દેખીને રેલો—૧૪

ચંદન બહુ ભારી તુમતાત ખુતારી ધનદત્તે લીધો રેલો,
મેં તસ ઘરે જાઇ બુદ્ધી ઉપાઈ, કુડી રચના કીધી રેલો—૧૫
ત્યાં જઇ ભય ઉપજાવી હું ઘર આવી પુઠેથી રાતે રેલો,
બાહેર નાખી દીધો મેં સબ લીધો આપણો કામ સીધ્યો—૧૬
રાસ રોગ ગુમાવી કરી સબાઈ શકટ ભરાવી રેલો,
ચંદન ઘર આણ્યો તમ તાત કમાણો ઘરમાં ઉતારો રેલો—૧૭
પરદેશ જાઈ બહુ સુખ પાઈ પુણ્ય તમારે રેલો,
સાસુસસરો મલીયા મનોરથ ફલીયા કુશલે ઘેરે આવ્યા રેલો—૧૮
એ દીસે નારી અમ ઘર આવી લક્ષ્મી અવતારી રેલો,
કુલ કીર્તિ વધારી સુતની નારી અમ ઘર આવી રેલો—૧૯
બીજા ખંડની ત્રીજી ઢાલ, મહીઅલ ચાલે રહે સાથે રંગે રેલો,
સુર કહે ભવિયણ સુણજો, ભવિયણ આણી ઉલટ અંગે રેલો—૨૦

દોહરા.

જીનદત્ત ને ભાનુમતિ, રત્નાવતી રત્નપાલ,
પુણ્ય પસાયે પામીઆ, સુખ સંપત સુવિસાલ—૧
ચંદન કેરાં ગાડલાં, ઉતરાવ્યાં નિજ ગેહ,
દેઈ દાન સંતોષીઆ, શકટ તણા ધણી જેહ—૨

ઢાલ ચોથી.

બાર વરસની વાતડી, સુખ દુઃખ કેરી જેહ,
માત પીતા નિજ પુત્રસું, કરી બહુ આણીને નેહ.

પુણ્ય કરો જગ જીવડા, પુણ્યથી આપદ દૂર,
સંપદ સહુજે આવી મલે, દિન દિન વાધેરે નૂર—પુણ્ય-૨
ભંડારનું ધન જે હતું, તે થયું મુલ સ્વરૂપ,
જીનદત્ત ઘર આવ્યા સુણી, તેડાવે વલી ભૂપ—પુણ્ય-૩
ભેટ લેઇ મલવા ગયો, રાજા દે શિર પાગ,
ભલે ઘેરે આવ્યા શેઠજી, તમે મોટા મહા ભાગ—પુણ્ય-૪
ધન કમાઇ રે તમ તણી, જેહને એવા પુત્ર,
કીર્તિ વાધી રે લોકમાં, રાખ્યો ઘરનો સુત્ર—પુણ્ય-૫
રત્નાવતી ગુણ સાંભલી, પ્રશંસા કરે સહુ લોક,
લક્ષ્મી મેલીરે અતિ ઘણી, પ્રૌઢ કરી પ્રપંચ--પુણ્ય-૬
સદા વ્રત મંડાવીયા, આપે દાન અપાર,
વાણોતર સર્વે રાખીયા, કરવા વણજ્ય વેપાર—પુણ્ય-૭
પંચ વિષય સુખ ભોગવે, દિન દિન વધતો પ્રેમ,
રાત દિવસ રંગે રમે, ગંધ સુવર્ણે જેમ—પુણ્ય-૮
બાર વાહણ લેઈ રહ્યા, વાણોતર વલી જેહ,
તેહની મંછારે પાલટી, જઇએ આપણે ગેહ—પુણ્ય-૯
શેઠને જઇને આપીએ, લેખું કરીને તાસ,
સોલે વરષે આવીયા, શેઠની પુંગી આશ—પુણ્ય-૧૦
જ્યાં ત્યાંથી થઈ એકઠી, લક્ષ્મી ભરીયા ભંડાર,
સાત ક્ષેત્રે તે વાપરે, કરે દીનને ઉપકાર—પુણ્ય-૧૧
ઘરબાર સોંપી પુત્રને, જીનદત્તને નિજ નાર,
શ્રી જીનની પૂજા કરે, આઠ પ્રકારે ઉદાર—પુણ્ય-૧૨

જલ ગંધ અક્ષત પુષ્પથી, નૈવેદ્ય નાના પ્રકાર,
દીપ ધૂપ ફ્લ અર્ઘ લઇ, જયમાલા જયકાર—પુણ્ય-૧૩
સમતા રસ શું સંચરે, વૈરાગ્ય ભાવના ભાય,
વરત કરે ભલી ભાતથી, હોય જણાં એકે ભાવ—પુણ્ય-૧૪
એમ દિન જાય આનંદમાં, મોહ માયા કરી દૂર,
તપ કરી કાયા શોષવે, નિત્ય જપે નવકાર—પુણ્ય-૧૫
એક દિન સદ્દગુરૂ આવિઆ, ચાર જ્ઞાનના ધાર,
સંગાષ્ટક સાથે સંચર્યા, ત્રયોદશ ચારિત્ર ધાર—પુણ્ય-૧૬
સાંભળી સહુકો ત્યાં ગયા, ગુરૂને વંદવા કાજ,
ગુરૂ મુજ દેખીરે હરખીયા, વાંચ્છીત ફ્લીયાંરે આજ—પુણ્ય-૧૭
સૂરીશ્વર દે દેશના, મીઠી મધુરી વાંણુ,
દાન ઘો મન રાગશું, વહો શ્રી જીનવર આણુ—પુણ્ય-૧૮
સહુ જીવ પર કરૂણા ધરો, મા કહો વાણી કઠોર,
વિકથા ચાર રે પરહરો, જીતો મનમથ ચોર—પુણ્ય-૧૯
મરણ થાયે કારમું, ક્ષણમાં આવે રે છેહ,
જેવી ચંચલ વીજલી. જેવો ઠાર[1]નો રેહ[2]—પુણ્ય-૨૦
અસ્થિર કાયા રે આપણી, અસ્થિર ધન પરિવાર,
અસ્થિર રિદ્ધીને કારણે, મા કરો પાપ આચાર—પુણ્ય-૨૧
એહવી સાંભલી દેશના, સમજ્યારે સહુ લોક,
કેટલાક સંયમ આદરે, છોડી સદા લો થોક—પુણ્ય-૨૨

---

૧ ચોમાસા પછી પડતો ઠાર. ૨ રહેવું.

કરજોડી કરે વિનતી, જીનદત્ત નારી સંગાથ,
દયા કરી મુજને કહો, પૂરવ ભવની વાત—પુણ્ય-૨૩
ત્રીજા ખંડ તણી કહી, ચોથી ઢાલ વિખ્યાત,
સુર કહે સહુ સાંભલો, પૂરવ ભવ અવદાત—પુણ્ય-૨૪

દોહા.

જ્ઞાન પ્રમાણે ગુરૂ કહે, પૂરવ ભવ વૃતાંત,
સાવધાન થઈ સાંભલો, ચિત્ત રાખી એકાન્ત—૨
જીનદત્ત ને ભાનુમતિ, રત્નાવતી રત્નપાલ,
ચાર હતા રે એકઠા, કહે ગુરૂ દેવ કૃપાલ—૨

ઢાલ પાંચમી.

ક્ષેત્ર ભરતમાંહે ભલોરે, નગર તિલકપુર અભિરામરે,
તે નગરમાં વાસો વસેરે, વ્યવહારી સુર સુંદર નામરે.-૧
સુણજો ભવ્ય પૂર્વની કથારે, દેજો ઉલટ આણી દાનરે,
દેઇને પસ્તાવો મા કરોરે, વધે પરભવ અધિકો વાનરે.
ટેક—સુણજો ભવ્ય પૂર્વની કથા.-૨
તસ ઘર નારી સૌભાગ્ય સુંદરીરે, પ્રિય ભક્તિ સુકુમાલરે,
પુત્ર એક ત્યાં જનમીયોરે, દીધું નામ તસ ધનપાલરે.
સુણજો.—૩
બાર વર્ષનો પુત્ર જબ થયોરે, તવ પડયો મોટો એક દુકાલરે,
નહિ મેહ અન્ન નહિ નિપન્યોરે, વાયે વાયુ ઘણા વિકરાલરે.
સુણજો—૪

લોક દુઃખીઆ દીસે દયામણારે, અન્ન [1]વિહુણા કરે પોકારરે,
કોઈ કોઇને ધીરે નહિરે, નહિ કો વણજ વેપારરે. સુણજો—૫
સુર સુંદરના ઘરમાં નહિરે, ધનકણ કંચન લગારરે,
જયમત્યમ કરી દહાડા [2]નિગમેરે, રાખે આપણા ઘરની [3]કારરે.
સુણજો—૬
કુસકા બાકસા કેરા રોટલારે, વલી ભાજી કેરાં પાનરે,
એણી પેર કરે પેટની પુરણારે, આપે તેમાં વલી દાનરે.
સુણજો—૭
એક મુનીશ્વર મહા તપેશ્વરીરે, ધરમરૂપી સુ વિચારરે,
માસ ક્ષમણનું તેને પારણુંરે, આહારે આવ્યા નગર મઝારરે.
સુણજો—૮
સમિતિ ગુપ્તિ રૂડી સાચવેરે, તપથી કરમાણી તસ દેહરે,
ઉડન વિહારી ઈર્યા શોધતારે, પહોંચ્યા સુરસુંદરને ગેહરે. સુ.—૯
મુનિવર દેખી મન હરખિયોરે, પાય લાગે વારંવારરે,
પડઆવી ઘરમાં તેડીયારે, સ્વામી લ્યો તમે શુધ્ધ આહારરે. સુ—૧૦
નરનારી દોય જમી રહ્યાંરે, પુત્ર પહોંચ્યો ભોજન કાજરે,
ભોજન હતું તેના ભાગનુંરે, દીધું તે આતમ કાજરે. સુ.—૧૧
આહાર કરી મુનિ પાછા વલ્યારે, તતક્ષણ આવ્યો ધનપાલરે,
ભૂખ્યો ભોજન માગે ઉતાવલોરે, પરખો પુત્ર રત્ન સુકુમાલરે.
સુણજો—૧૨

---

૧ વિના, ૨ પસાર કરે, ૩ લાજ.

મારા ભાગનું ભોજન શું કર્યુંરે, કહે અમે આપ્યું મુનિરાયનેરે,
રડવા લાગ્યો જમવા કારણેરે, સંતાપે ઘણો મા ને તાતરે સુ.-૧૩
માત બાપે કીધો ઓરતોરે, રડતો દેખી કુમારરે,
એહવે પાડોશણ નારી ધનવતીરે, રડતો સુણી આવી તતકાલરે.
સુણજો—૧૪
શું કારણ બાલક રડે રે, માંડી વાત કહી તેણી વારરે,
ધનવતી કહે ધનપાલનેરે, ધન્ય સફળ થયો અવતારરે-સુ૦-૧૫
માસ ક્ષમણનું હતું પારણુંરે, આપ્યો યતિને શુદ્ધ આહારરે,
ધન્ય કમાઇ શાહ તમતણીરે, એથી લહસ્યો રિધ્ધી અપારરે.
સુણજો- ૧૬
મીઠી વાણીથી સમજાવિયોરે, વલતો પ્રસંચે[1] ધનપાલરે,
ભોજન હતું મારા ભાગનું રે, એથી પામું ભોગ રસાલરે-સુ૦-૧૭
વલતો વત્સ કહે નિજ માતનેરે, ઉત્તમ કીધું માજી કામરે,
સોલહ પ્રહર કીધો ઓરતોરે, પછી આવ્યો શુભ પરિણામરે,
સુણજો-૧૮
દાન દેજો તમે એવા સાધુનેરે, હવે રાખો મનડું ઠામરે,
આવી તે દિનથી ધર્મવાસનારે, જપે જીનજી કેરૂં નામરે-સુ૦ ૧૯
ધનવતિ સાથે ધનપાલનેરે, લાગી મન વચ કેરી પ્રિતરે,
આવી બેસે તેહને ઘરેરે, નયણે નિરખે એક ચિત્તરે-સુ૦-૨૦
ધર્મ આરાધે મન કરીરે, પાલે શ્રાવકનો આચારરે,
કરી અનશન ને આરાધનારે, પામ્યા દેવલણો અવતારરે-સુ૦-૨૧

---

૧ કહે.

સુર સુંદરીનો જીવ જે હતોરે, તે તો થયો જીનદત્ત નામરે,
સૌભાગ્ય સુંદરી ત્યાંથી ચવીરે, થઇ ભાનુમતિ અભિરામરે
સુણજો-૨૨

જીવ ચવિ ધનપાલનોરે, એણે ભવે થયો રત્નપાલરે,
ધનવતિ નારી ધર્મ આરાધીનીરે, સુર પદવી પામી રસાલરે
સુણજો-૨૩

સુરનું આયું પુરૂં ભોગવીરે, એણી ભવે થઈ રાજકુમારીરે
પૂર્વ પ્રીતી તેણે કારણેરે, થઇ આ ભવ તમ સુત નારરે-સુ૦-૨૪
દાન દેઇને કીધો ઓરતોરે, તેથી થયો ધનનો નાશરે,
પછી કીધી પ્રશંસનારે, પહોંચી તેથી મનની આશરે-સુ૦ ૨૫
વાત સુણીને સહુકો ચિંતવેરે, ઉલટ આણી દીજે દાનરે,
ત્રીજા ખંડની ઢાલ પાંચમીરે, સુર કહે સુણજો સાવધાનરે
સુણજો-૨૬

દોહરા.

સદ્‌ગુરૂની સુણી દેશના, હરખ્યો સહુ પરિવાર,
જીનદત્ત ને ભાનુમતિ, કરે પાપ પરિ[1]હાર—૧
શુદ્ધ સમકીત આદરે, પાલે વ્રત વલી બાર,
અંત સમે અણુશન કરી, પહોંચ્યા સ્વર્ગ મઝાર—૨
રત્નપાલ નિજ નારીથી, ભોગવે ભોગ રસાલ,
સાત ક્ષેત્ર ધન વાપરે, જીવદયા પ્રતિપાલ—૩

---

૧ નાશ.

અનુક્રમે સુત થયો તેહને, પુરંધર દીધો નામ,
કલા બહોતેર શીખવે, રૂપવંત ગુણધામ—૪
યૌવન વય પરણાવીયો, રૂપવંતી તસ નાર,
ઘરભાર સુંપ્યો તેહને, અવસર જાણી સાર—૫

ઢાલ ૬ ઠી.

રત્નપાલ નિજ નારી રંગે રત્નાવતીને સંગેજી,
આરાધે જિન નિજ ઘરમાં અભંગે, આણી ઉલટ અંગેજી.
દાનસુપાત્ર દ્યો ભવ પ્રાણી-૧
દાન સુપાત્ર દ્યો ભવ પ્રાણી, પામો જેમ શિવ રાણીજી,
એવી બોલે જીનવર વાણી, સાકર દ્રાક્ષ સમાનીજી-દાન સુપાત્ર-૨
જીનવર પૂજા કરે પ્રિય નારી, સામાયિક ત્રણવારજી,
ધરમકથા સાંભલે ગુરૂ પાસે, રસનો કરે પરીહારજી-દાન સુપાત્ર-૩
પુત્ર પુરંધર આપ સરખી, દેખી મનમાં ભાવેજી,
સંયમ લીજે મન ઉલ્લાસે, જો કોઇ સદગુરૂ આવેજી-દાન સુપાત્ર-૪
સુગુણ કિર્તી મુનીશ્વર આવ્યા, પંચ મહાવ્રત ધારજી,
રત્નપાલ તસ વંદન જાવે, સાથે લે નિજ નારજી—દાન સુપાત્ર-૫
સદ્ગુરૂ વાણી સુણી બૂજાણો, આવ્યો નિજ ઘરબારજી,
આજ્ઞા માગી પુત્રની પાસે, લેશું સંયમ ભારજી—દાન સુપાત્ર-૬
પુત્ર કહે સુણો તાતજી વાણી, તમથી બહુલો નેહજી,
ક્ષણ એક દાખ્યોરે નહિ જાયે, માત તાતનો છેહજી-દાન સુપાત્ર-૭
રત્નપાલ કહે પ્રિય સુત આગે, ઉત્તમ એહ આચારજી,
સમર્થ પુત્ર હોયે વળી જ્યારે, ત્યારે તાત છાંડે સંસારજી-દાન સુ-૮

એ સંસાર સ્વરૂપી વિચારે, ક્ષણમાં ખુટે આય[૧]જી,
મરણ થકી કોઇ નહિ છુટે, રંક અને વળી રાયજી–દાન સુપાત્ર–૯
માત પિતાને બંધવ બ્હેની, પુત્ર અને પરિવારજી,
અનંતવાર પામ્યો આ જીવ, દોહલો ધર્મ વહેવારજી–દાન સુપાત્ર-૧૦
બહુ ઉપદેશ દે પુરંધરને, રત્નપાલ સમજાવેજી,
પંચ વિષય સુખ ભોગવીયાં, લક્ષ્મી લ્હાવો લીધોરે–દાન સુપાત્ર-૧૧
મન ઇચ્છાથી રહ્યા એટલા દિન, પરભવ કામ ન કીધોજી,
....દાન સુપાત્ર–૧૨
હવે મુજને તું આપે આજ્ઞા, સંયમ નારી વરીયેજી,
દુષ્કર મારગ તે આરાધે, ભવસાગર ઉતરીએજી–દાન સુપાત્ર–૧૩
એવાં વચન સુણી પ્રિય કેરાં, રત્નાવતી એમ દાખેજી,
ત્રીજા ખંડની ઢાલ એ છઠ્ઠી, સુર કહે સહુ સાખેજી–દાન. ૧૪

દોહરા.

વૈરાગી પ્રિય દેખીને. નયણે નાખે નીર,
મુખ નિસ્વાસે પુરીયું, સાતા નહિ શરીર—૧
તમથી બાંધી પ્રિતડી,..................
ક્ષણ એક અલગી નહિ રહું જો જીવન છાંડે દેહ—૨

ઢાલ ૭ મી.

નારી કહે સુણો પ્રિય મોરા, ચરણ ન છાંડું હું તેરા,
જીવ મારો તમ સાથે વલગી રહ્યોરે—૧

---

૧ આયું.

માત તાત સર્વે છોડીયા, તેહથી મોહ મેં તોડીયા,
જોડયા તમ સાથે સ્નેહડારે—૨
બાલપણાથી તમે દીઠા, ઓર કોઈ નહિ મીઠા,
તમ દિઠા સહી મેં જાણીયાયે—૩
સંયમ લેશો એકલા, એહ વચનથી ગુજ ભલા,
વિરહ ન ખમાય તમ તણોરે—૪
જો લેશો સંજમ ભાર, સાથે આવીશરે નિરધાર,
વારંવાર પ્રિતમ તમને શું કહુરે—૫
કંથ કહે સુણો નારી, દોહલો છે સંજમ ભારી,
તરવાર ધાર ઉપર ચાલવુરે—૬
કાયર હોયે જે પ્રાણી, બીહે એવી સુણીને વાણી,
તમ રાણી નહિ બીએ ચારિત્રથીરે—૭
તબ હોતી બાલી વેશ એકલડી ગઇ પરદેશ,
શીર સાટે કામ તમારાં કીધાંરે—૮
પ્રિય સાથે સંયમ લીજે, તો મન વાંચ્છીત સબ સીજે,
વલી કીજે પ્રિય સાથે તપ આકરાંરે—૯
રત્નાવતી ને રત્નપાલ, ઉચ્છ થાએ ઉજમાલ,
બહુ ધન ખર્ચે મ્હોત્સવ કારણેરે—૧૦
નરનારી હોયે ભાવે સદ્દગુરૂ પાસે એ ભાવે,
ગાવે ગીત ભલાં સોહમણાંરે—૧૧
પંચ મહાવ્રત ઉંમરે શુદ્ધ સંજમને આધારે,
સ્થિર કરી મન વચ કાયા આપણીરે—૧૨

ગુરૂ કહે સંજમ પાલજો, દુષણ સઘળાં ટાળજો,
સંભાળજો સમિતી ગુપ્તિ સાચા મનેરે—૧૩
રત્નપાલ શુદ્ધ યતિ રત્નાવતી પણ મહામતિ,
દંપતિ પાલે આણ જીન તણીરે—૧૪
બેલાં તેલાં બહુ તપ તપે કઠીન કર્મ તેહથી ખપે,
નિત જપે અરિહંત નામ સોહમણુંરે—૧૫
તાપ તાઢ નિત ખમે પંચેન્દ્રિય દ્રઢ દમે,
નહિ જમે દોષ સહિત ભોજન[1] કદારે—૧૬
શુકલ ધ્યાન શુદ્ધ ધરે કર્મ સર્વનો ક્ષય કરે,
વલી વરે કેવલ લક્ષ્મી તતક્ષણરે—૧૭
કેટલા દિન લગી કેવલી, વિહાર કરે મન નિરમલી,
પછી અંત સમય ગીરી પર ચઢયારે—૧૮
ચાર કર્મ દૂર કરી, મુક્તિ વધુ હેતેવરી,
ગુણ ભરી જન્મ મરણ ભય ટાલીયોરે—૧૯
રાગી હતી પ્રિયતણી, સકલ શાસ્ત્ર વલી તો ભણી,
મોહના મહાજને પરહરીરે—૨૦
અંત સમય અણશણ કરી, પાપ કરમ સહુ પરહરી,
હેતે સ્ત્રી લીંગ છેદી સુર થયોરે—૨૧
બાવીસ સાગર બુધ્ધ ગણી, સોલમે સ્વર્ગે સ્થીતી ભરી,
અતિ મણી મુકુટ કુંડલ માયા ઘણીરે—૨૨

---

૧ કોઇ દિવસ.

જાત્રા તીરથ જૈન તણાં, કાયા કરે દેવ એકમના,
ભાવના ભક્તિ વાત્સલ્ય ભાવ કરેરે—૨૩
માનવ ભવ અવતરશે એ, ભોગ કિહા બહુ કરશે એ,
વરશે મુક્તિ રમણી રત્નાવતીરે—૨૪
દાનથકી નિજ નિસ્તરીયા મુક્તિ માનુનીરે વરીયા,
હરિયા ભરીયા ગુણ રત્ન કરીરે—૨૫
ત્રીજા ખંડતણી ઢાલ, કહી સાતમી તતકાલ,
પૂજ્ય બાલ સુર કહે સુણજો સહુરે.—૨૬

દોહરા.

રત્નાવતી રત્નપાલનો, ચારિત્ર કહ્યો એ સાર,—
સુણતાં બહુ સુખ પામીયેગ્ર, લહીએ લક્ષ્મી અપાર—૧
ગુણવંતના ગુણ ગાવતાં, સ્મરતાં વલી તસ નામ,
દુઃખ દુહુંગ દૂરે ટલે, સાંજે સઘલાં કામ—૨

ઢાલ ૮ મી.

દાન પ્રબંધ ગ્રંથમાં દીઠો સઘલો એ અધિકારરે,
મેં અલ્પ બુદ્ધી અનુસારે, રચીયો રાસ ઉદારરે.
ભવિયણ સુણજો શ્રી જીનવાણી—૧
ભવિયણ સુણજો શ્રી જીનવાણી, કવિજન વચન વખાણી,
રાજી હોઇને જે કોઇ ભણે, પુર્વ કૃત હણશેરે—ભવિયણ. ૨

દાન દેઇને પ્રશંસા કરો, મા કરો પશ્ચાતાપરે,
ઉલટ આણી દાન જે કરો, તો ટલશે સંતાપરે—ભવિયણ. ૩
ગચ્છ દિગંબર ગુરૂ ગૌતમ, ઇંદ્રભુષણ સુરી રાયરે,
તાસ શિષ્ય બ્રહ્મ શ્રીપતિ, જીનવર ભક્તિ સુદાયરે—ભવિયણ. ૪
કથા કોશ ગ્રંથ જોઇને રચ્યો રાસ શિરદારરે,
સુરચંદ ભૈયાને આદર, એહ પ્રબંધ ઉદારરે—ભવિયણ. ૫
અલ્પ બુદ્ધિ શ્રાવક અવતાર, પંડીત સુર એ નામરે,
ગુરૂ પ્રસાદે બુદ્ધી પ્રકાશી, સજ્જન સુણી સુખ પામેરે—ભવિયણ. ૬
સત્તરસો બત્રીશ સંવતે, શુભ મુરત શુભ વારરે,
આસો સુદિ અગીયારસ, વરધનપુર મઝારરે—ભવિયણ. ૭
રત્નપાલ કેરાં ગુણ ગાતાં, મનનાં મનોરથ સીધ્યારે,
અનેક દેશ દેશની દેશી, રાસ ઉત્તમ મેં કીધોરે—ભવિયણ. ૮
કવિયણ કહે પુરો કીધો, ત્રીજો ખંડ રસાલરે,
વિનંતી કરૂ બુધજન સાંભલો, શુદ્ધ કરો સુવિસાલરે—ભવિયણ. ૯
ભણતાં ગણતાં સાંભલતાં, સુણતાં હર્ષ અપારરે,
ગુણ ગાતાં ગુણવંત કેરા, વરત્યો જય જયકારરે—ભવિયણ. ૧૦

ઇતિશ્રી રત્નપાલ શ્રેષ્ઠીનો રાસ સપૂંર્ણ.

શ્રી શાંતિસાગર દિ. જૈન ગ્રન્થમાળા—

કાર્યવાહક કમીટીના સભ્યો.

૧-દોશી ફુલચંદ સુરચંદ-ઇડર, મંત્રી.
૨-દોશી કસ્તુરચંદ અમથાલાલ, કોષાધ્યક્ષ.
૩-શા. ચુનીલાલ મલુકચંદ-ભીલોડા.
૪-શ્રી બ્રહ્મચારીજી ફતેસાગરજી-ભીલોડા
૫-શા. પાનાચંદ ગુલાબચંદ ગડીયા-વાંકાનેર